વર્ષ : ૬૨ ■ અંક : ૧૯ ■ તા.૧-૧૦-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આઝાદી કા અમૃત મહોત્સવ



## ડબલ એન્જિન સરકાર સપનાં કર્યાં સાકાર...




સુરતમાં શાનદાર સ્વાગત...






















જનનાયક ભાવનગરના આંગણે...

# Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ■ Issue : 19 ■ Date 1 - 10 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


## શબ્દશઃ



- રાજ્યના ઇતિહાસમાં પ્રથમવાર એકસાથે ૧.૪૭ લાખ યુવાઓને રોજગારી મળી છે.
- યુવાનોની પ્રતિભા થકી દેશનો વિકાસ કરવા ટેલેન્ટ પૂલ અતિ મહત્ત્વનું છે.
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના દ્વારા એક લાખથી વધુ યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.
- ગુજરાતે ૫૧ ન્યૂ એજ કોર્સ શરૂ કરીને યુવાનોને કૌશલ્યવાન બનાવવાની દિશામાં પ્રયાસો હાથ ધર્યા છે.
- કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટીમાં ત્રણ વર્ષમાં વીસ હજાર યુવાનોને ડ્રોનની તાલીમ આપવામાં આવશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાદર્શનમાં ગુજરાત તમામ ક્ષેત્રે મજબૂત વિકાસનો પર્યાય બન્યું છે.
- ગુજરાતે બે દાયકામાં વિકાસના દરેક ક્ષેત્રમાં, દરેક એકમમાં હરણફાળ ભરી છે.
- રાજ્યમાં રિન્યૂએબલ એનર્જીનું ઉત્પાદન ૧૬,૫૮૮ મેગાવોટ પહોંચ્યું છે.
- આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.
- બે દાયકા અગાઉ રાજ્યમાં ૨.૭૪ લાખ MSME હતા જેની સંખ્યા આજે ૮.૬૬ લાખ થઈ છે.

(મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને રોજગાર નિમણૂકપત્રો એનાયત કરવા પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

# આકર્ષણ




**10** ૩૬મી નેશનલ ગેમ્સનો શાનદાર પ્રારંભ — દેશભરના રમતવીરો ગુજરાતના આતિથ્યથી થયા પ્રભાવિત


## વિકાસયાત્રા


**14** અંબાજીથી ૭૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતા PM

**18** સુરતને રૂ. ૩૪૭૨ કરોડનાં વિકાસ કામોની ભેટ

**22** ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાને રૂ.૬૫૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનો મળ્યો ઉપહાર

**26** વંદે ભારત એક્સપ્રેસ અને અમદાવાદ મેટ્રો રેલ પ્રૉજેક્ટ લોકાર્પિત

**28** પર્યાવરણમંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ યોજાઈ

**29** ગાંધીનગર - અમદાવાદમાં રૂ.૧૦૦૦ કરોડના પ્રકલ્પો જનસમર્પિત

**32** રાજ્યના ૧.૪૭ લાખ યુવાઓને રોજગાર - એપ્રેન્ટિસશિપ પત્રો એનાયત

**35** અમદાવાદમાં વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ

**37** ગુજરાતના સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રને વેગ મળશે

**38** IBMની સોફ્ટવેર લેબનો ગિફ્ટ સિટીમાં શુભારંભ

**6** ગૌરવ

સૌથી વધુ આયુષ્માન કાર્ડ આપવામાં સમગ્ર દેશમાં ગુજરાત મોખરે

**7** સંવાદ

મન કી બાત

**39** નિર્ણય

**43** વાત વિધાનસભાની

**45** વિધેયક

**47** સમાચાર સંચય

**49** સાફલ્યગાથા

**50** આયોજન

eV ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ચાર સ્તરમાં વિકસાવાશે



# ડબલ એન્જિન સરકાર, કરી રહી છે ગુજરાતનો સર્વાંગી વિકાસ

ગુજરાતે છેલ્લા બે દાયકામાં ઊડીને આંખે વળગે તેવી પ્રગતિ કરી છે. આ પ્રગતિ સાધવા પાછળનું એક માત્ર પરિબળ હોય તો તે છે જનતાનો રાજ્યની શાસનધુરા ઉપર વિશ્વાસ અને બીજી કોઇ બાબત હોય તો તે છે ગુજરાતે અપનાવેલો વિકાસનો રાહ.

રાજ્ય સરકાર ગામડાં-નગરોમાં શહેર જેવી સુવિધાઓ આપીને તથા મહાનગરોને આંતરરાષ્ટ્રીય સ્તરનાં બનાવી નાગરિકોના જીવન ધોરણને ઊંચુ લાવી છે. તાજેતરમાં બે દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદ શહેરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેટ્રો ટ્રેનની સોગાત આપી છે. 'આપણી મેટ્રો' અમદાવાદ શહેરમાં પરિવહન ક્ષેત્રે ક્રાંતિ લાવશે. પાટનગર ગાંધીનગરને દેશની આર્થિક રાજધાની મુંબઇ સાથે જોડતી સેમી હાઈસ્પીડ 'વંદે ભારત ટ્રેન'ની ભેટ પણ વડાપ્રધાનશ્રીએ ગુજરાતને આપી ગુજરાતની જનતાને ખુશ કરી દીધી.

ગુજરાતે દેશને ઘણા ખેલાડીઓ આપ્યા છે. આ વખતે ગુજરાતના આંગણે જ ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવનો પ્રારંભ વડાપ્રધાનશ્રીએ કરાવ્યો. ગુજરાતની યજમાનીમાં દેશના હજારો રમતવીરો વિવિધ રમતોમાં પોતાનું કૌવત ઝળકાવી રહ્યા છે, ત્યારે ગુજરાત રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય રમતોત્સવની યજમાની કરવા સક્ષમ છે તે નિઃશંકપણે માનવું રહ્યું.

રાજ્યના તમામ નાગરિકોને ઘરનું ઘર મળે તે ધ્યેયને પૂર્ણ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. અંબાજીમાં યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીના હસ્તે રૂ.૧૯૬૭ કરોડના ખર્ચે તૈયાર થનારા ૮૬૩૩ આવાસનું ખાતમુહૂર્ત તથા ૫૩૧૭૨ આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે અંબાજીના ચૌમુખી વિકાસ માટેના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાત માટેની મહત્ત્વાકાંક્ષી એવી તારંગા હીલથી આબુરોડની બ્રોડગેજ રેલવેલાઇનના કાર્યના શુભારંભ સાથે મહેસાણા-પાલનપુર રેલવેલાઇનનું લોકાર્પણ થયું. વર્તમાન સંવેદનશીલ રાજ્ય સરકારે ગૌમાતાના રક્ષણ-પોષણ માટે ગૌમાતા પોષણ યોજના તૈયાર કરી છે, જેનો પ્રારંભ પણ વડાપ્રધાનશ્રીએ કરાવ્યો હતો.

એક સમયે સુરત બંદર કે જ્યાં ૮૪ દેશોના વાવટા ફરકતા ત્યાં આજે હિરાબજારમાં વિશ્વના અગણિત દેશો વેપાર માટે ઊમટી પડ્યા છે. વડાપ્રધાને તાજેતરની સુરતની મુલાકાતમાં રૂ. ૩૪૦૦ કરોડથી વધુનાં ૫૯ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. જેમાં બાયોડાઇવર્સિટી પાર્ક, ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, મ્યુઝિયમ, હજીરાથી ઘોઘા રોપેક્ષ ફેરી ટર્મિનલ સહિતનાં વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ગુજરાતની જનતાએ અપાર પ્રેમ અને અતૂટ વિશ્વાસ દર્શાવતા સુરત અને ભાવનગરમાં રોડ-શો દરમિયાન વડાપ્રધાનશ્રીને અદકેરો આવકાર આપ્યો.

વડાપ્રધાનશ્રીએ બે દિવસીય મુલાકાત દરમિયાન જનસુખાકારીનાં વિકાસકાર્યોને ખાસ પ્રાધાન્ય આપ્યું છે. ભાવનગર, બોટાદ, અમરેલી જિલ્લામાં રૂ. ૬૫૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ - ખાતમુહૂર્ત સાથે વડાપ્રધાનના હસ્તે, સૌરાષ્ટ્રમાં વિકાસનો નવો સૂર્યોદય થયો છે. સૌની યોજનાને આગામી તબક્કા ઉપરાંત સોલાર પ્રૉજેક્ટ, સાયન્સ સેન્ટર, નવાગામમાં કન્ટેઇનર મેન્યુફેક્ચરિંગ સેન્ટરનું લોકાર્પણ કરાયું. નવાબંદરમાં સી.એન.જી. ટર્મીનલ તેમજ ઢાંકીથી નાવડા બલ્ક પાઇપલાઇન પ્રોજેક્ટના ખાતમુહૂર્ત કરી વિકાસના નવા અધ્યાયની શરૂઆત કરાઇ. સૌરાષ્ટ્રના વિકાસને આનાથી નવી દિશા મળશે.

"ગ્લોબલ મિશન"નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું સાકાર કરવા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સંપૂર્ણ ગ્રીન બિલ્ડિંગની થીમ પર લેકાવાડામાં તૈયાર થનાર જી.ટી.યુ.ના નવા કેમ્પસનું ભૂમિપૂજન કર્યું. આ અંકમાં વિવિધ વિકાસકાર્યોની ઝલક ઉપરાંત યોજનાકીય જાણકારી રાજ્ય સરકારના જનહિતકારી નિર્ણયો સહિતની માહિતી વાચકોને ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

- **આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# સૌથી વધુ આયુષ્માન કાર્ડ આપવામાં સમગ્ર દેશમાં ગુજરાત મોખરે




ગુજરાતના પનોતાપુત્ર અને દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના નાગરિકોને સારી અને સસ્તી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) કાર્યાન્વિત કરી છે. આ આયુષ્માન ભારત "પી.એમ. જે.એ.વાય.-મા" યોજના અંતર્ગત ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન સૌથી વધુ આયુષ્માન કાર્ડ કાઢી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ NHA, નવી દિલ્હીમાં "આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨" એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૫૦ લાખ આયુષ્માન કાર્ડ કાઢી ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢની તુલનામાં ગુજરાતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાના વરદહસ્તે ગુજરાતના આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અને કમિશનર શ્રીમતી શાહમીના હુસૈને આ ગૌરવપ્રદ એવૉર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે રાજયના અધિક નિયામક ડૉ. રાજીવ દેવેશ્વર અને જનરલ મેનેજર SHA ડૉ. શૈલેષ આનંદ પણ હાજર રહ્યા હતા.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૨થી જનહિતાર્થે કાર્યરત “મા” અને "મા વાત્સલ્ય" યોજનાનો વ્યાપ વધારવા રાજ્ય સરકારે કેન્દ્ર અને રાજ્ય સરકારની આરોગ્યલક્ષી યોજનાનો સમન્વય કરીને “પી.એમ.જે.એ.વાય.-મા” યોજના કાર્યન્વિત બનાવી છે. નિયત માપદંડો ધરાવતા પરિવારોને નિયત પ્રોસીઝર/ઓપરેશન માટે કુટુંબદીઠ વાર્ષિક રૂ.૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે.

રાજ્યની ૧૮૮૪ સરકારી અને ૮૦૩ ખાનગી હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ સામાન્ય બિમારીથી લઈને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ જેવી ગંભીર તેમજ ખર્ચાળ બિમારીઓ માટે




કુલ ૨૭૧૧ જેટલી નિયત પ્રોસીઝર/ઓપરેશનનો લાભ મળવાપાત્ર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતનાં અંદાજિત ૮૦ લાખ કુટુંબો એટલે કે, ત્રણ કરોડ વ્યક્તિઓને આયુષ્માન કાર્ડથી લાભાન્વિત કરવા એક નવી પહેલ “આપ કે દ્વાર-આયુષ્માન મહાઝુંબેશ” પણ શરૂ કરવામાં આવી છે. મહત્તમ લોકો આયુષ્માન કાર્ડથી લાભાન્વિત થાય તે પ્રકારનું વ્યવસ્થાપન હાથ ધરાયું છે. આ યોજનાનો મહત્તમ પરિવારોને લાભ મળે તે માટે રાજ્યની આશા બહેનો, આંગણવાડી કાર્યકર, પંચાયતી રાજ સંસ્થાઓ જેવા પાયાના કાર્યકરો રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી રહ્યા છે.

આ અગાઉ એક કાર્ડ ઉપર એક પરિવારને લાભ મળતો હતો પરંતુ હવે પરિવારના દરેક સભ્યને PMJAY-MA કાર્ડનો લાભ મળે તે પ્રકારનું સુદ્રઢ આયોજન ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને રાજય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારના નેતૃત્વ હેઠળ રાજ્યના આરોગ્ય વિભાગે હાથ ધર્યું છે. જેના ફળસ્વરૂપે ગુજરાતે, સૌથી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડથી લાભાન્વિત કરી, "આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨" પોતાના નામે કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ “આપ કે દ્વાર-આયુષ્માન" ઝુંબેશ અંતર્ગત નેશનલ હેલ્થ મિશન-ગુજરાતના મિશન ડાયરેકટર શ્રીમતી રેમ્યા મોહનની અધ્યક્ષતામાં, મદદનીશ નિયામક ડૉ. સુરેન્દ્ર જૈન અને SHA ગુજરાતની ટીમના અથાગ પ્રયત્નોથી તમામ પાત્ર લાભાર્થીઓને આયુષ્માન કાર્ડથી લાભાન્વિત કરવાની નેમ સાથે સમગ્ર રાજ્યમાં આયુષ્માન કાર્ડ માટેના કેમ્પ પુરજોશમાં ચાલી રહ્યા છે.

ગુજરાત રાજ્ય સહિત દેશના અનેક જરૂરિયાત મંદ પરિવારો માટે“પી.એમ. જે.એ.વાય.-મા” યોજના આશીર્વાદરૂપ સાબિત થઈને કરોડો ગરીબ કુટુંબોના મુખે બહોળી પ્રસિદ્ધિ પામતી જાય છે ત્યારે અણીના સમયે અગવડ ન પડે તે માટે વહેલી તકે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ કઢાવી/રિન્યુ કરાવી લેવુ આવશ્યક છે. ●

# મન કી બાત

## સપ્ટેમ્બર - ૨૦૨૨



### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર, વીતેલા દિવસોમાં જે વાતે આપણાં બધાંનું ધ્યાન આકર્ષિત કર્યું છે તે છે, ચિત્તા. ચિત્તા વિશે વાત કરવા માટે ઢગલાબંધ સંદેશા આવ્યા છે. પછી તે ઉત્તરપ્રદેશના અરૂણકુમાર ગુપ્તાજીનો હોય કે, તેલંગણાના એન. રામચંદ્રન રઘુરામજીનો, ગુજરાતના રાજનજીનો હોય કે પછી, દિલ્હીના સુબ્રતજીનો. દેશના ખૂણેખૂણાથી લોકોએ ભારતમાં ચિત્તાના પુનરાગમન પર આનંદ વ્યક્ત કર્યો છે. ૧૩૦ કરોડ ભારતવાસી ખુશ છે, ગર્વથી ભરેલા છે - આ છે ભારતનો પ્રકૃતિપ્રેમ. તેના વિશે લોકોનો એક સર્વસામાન્ય સવાલ એ જ છે કે, મોદીજી અમને ચિત્તાને જોવાની તક ક્યારે મળશે ?

સાથીઓ, આ માટે એક કાર્યદળ બનાવવામાં આવ્યું છે. આ કાર્યદળ ચિત્તાની દેખરેખ રાખશે અને એ જોશે કે, અહીંના વાતાવરણમાં તેઓ કેટલા હળીમળી શક્યા છે. તેના આધારે થોડા મહિના પછી કોઈક નિર્ણય લેવામાં આવશે અને ત્યારે તમે સૌ ચિત્તાને જોઈ શકશો. પરંતુ ત્યાં સુધી હું આપ સૌને થોડું કામ સોંપી રહ્યો છું, તેના માટે MyGovના પ્લેટફૉર્મ પર એક સ્પર્ધા યોજવામાં આવશે. જેમાં લોકોને હું કેટલીક બાબતો શૅર કરવાનો આગ્રહ કરું છું. ચિત્તાને લઈને આપણે જે અભિયાન ચલાવી રહ્યા છીએ તે અભિયાનનું આખરે શું નામ હોવું જોઈએ. મારી આપ સૌને અપીલ છે કે, આપ આ સ્પર્ધામાં જરૂર ભાગ લો. કોને ખબર ઈનામ સ્વરૂપે ચિત્તા જોવાની પહેલી તક તમને જ મળી જાય.

વહાલા દેશવાસીઓ, ૨૫ સપ્ટેમ્બરે દેશના પ્રખર માનવતાવાદી, ચિંતક અને મહાન સપૂત દીનદયાળ ઉપાધ્યાયજીનો જન્મદિવસ ઊજવવામાં આવે છે. દીનદયાળજીના વિચારોની સૌથી મોટી ખૂબી એ જ રહી છે કે, તેમણે પોતાના જીવનમાં વિશ્વની મોટી-મોટી ઊથલપાથલને જોઈ હતી. તેઓ વિચારધારાઓના સંઘર્ષના સાક્ષી બન્યા હતા. એટલે જ તેમણે "એકાત્મ માનવદર્શન" અને "અંત્યોદય"નો એક વિચાર દેશની સામે ધર્યો, જે સંપૂર્ણપણે ભારતીય હતો. તેમણે માનવમાત્રને એકસરખા માનનારા ભારતીય દર્શનને ફરીથી દુનિયાની સામે મૂક્યું. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે - 'આત્મવત્ સર્વભૂતેષુ', એટલે કે આપણે જીવમાત્રને પોતાને સમાન માનીએ, પોતાના જેવો જ વ્યવહાર કરીએ. આધુનિક, સામાજિક અને રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં પણ ભારતીય દર્શન કેવી રીતે દુનિયાને માર્ગ બતાવી શકે છે તે દીનદયાળજીએ આપણને શીખવ્યું. આઝાદીના અમૃતકાળમાં આપણે દીનદયાળજીને જેટલા જાણીશું, તેમની પાસેથી જેટલું શીખીશું, તેટલી જ દેશને આગળ લઈ જવાની આપણને બધાને પ્રેરણા મળશે.

૨૮ સપ્ટેમ્બરે આપણે ભારતમાતાના વીર સપૂત ભગતસિંહજીની જયંતી ઊજવીએ છીએ. આ મહાન સપૂતને શ્રદ્ધાંજલિ આપતો એક મહત્ત્વનો નિર્ણય કરાયો છે. ચંદીગઢ એરપોર્ટનું નામ હવે શહીદ

ભગતસિંહજીના નામ પર રાખવામાં આવશે. આ સાથે, હજી થોડા દિવસ પહેલાં જ દેશે કર્તવ્યપથ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની મૂર્તિની સ્થાપના દ્વારા પણ એવો જ એક પ્રયત્ન કર્યો છે.

આમ તો, ૨૮ સપ્ટેમ્બરની ઉજવણી કરવા માટે તમારા બધાંની પાસે વધુ એક કારણ પણ છે. જાણો છો એ શું છે ? હું માત્ર બે શબ્દ કહીશ, પરંતુ મને ખબર છે તમારું જોશ ચારગણાથી વધારે વધી જશે. આ બે શબ્દો છે, સર્જીકલ સ્ટ્રાઇક. જીવનના સંઘર્ષોથી ઘડાયેલી વ્યક્તિની સામે કોઇ પણ અવરોધ ટકી શક્તો નથી. પોતાની રોજબરોજની જિંદગીમાં આપણે કેટલાક એવા સાથીઓને પણ જોઇએ છીએ, જે કોઇને કોઇ શારીરિક પડકારોનો સામનો કરી રહ્યા છે

ઘણાબધા એવા પણ લોકો છે જે કાં તો સાંભળી નથી શક્તા અથવા બોલીને પોતાની વાત રજૂ નથી કરી શક્તા. એવા સાથીઓ માટે સૌથી મોટું બળ હોય છે- સાંકેતિક ઇશારાની ભાષા (સાઇન લેંગ્વેઝ). પરંતુ ભારતમાં વર્ષોથી એક મોટી મુશ્કેલી એ હતી કે, સાઇન લેંગ્વેઝ માટે કોઇ સ્પષ્ટ હાવભાવ નક્કી નહોતા, ધારાધોરણ નહોતાં. આ મુશ્કેલીને દૂર કરવા માટે જ વર્ષ ૨૦૧૫માં Indian Sign Language Research and Training Centerની સ્થાપના કરાઇ હતી. મને આનંદ છે કે, આ સંસ્થા અત્યાર સુધી ૧૦ હજાર શબ્દો અને અભિવ્યક્તિની ડીક્શનેરી તૈયાર કરી ચૂકી છે. ૨૩મી સપ્ટેમ્બર સાંકેતિક ભાષાદિવસ પર કેટલાય શાળાકીય અભ્યાસક્રમોને પણ સાઇન લેંગ્વેઝમાં શરૂ કરવામાં આવ્યા છે. સાઇન લેંગ્વેઝના નિર્ધારિત ધારાધોરણોને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પણ સારો એવો ભાર મૂકવામાં આવ્યો છે. સાઇન લેંગ્વેઝની જે ડિક્શનેરી બની છે, તેનો વીડિયો બનાવીને પણ તેનો સતત પ્રસાર કરાઈ રહ્યો છે. યુ-ટ્યૂબ પર અનેક લોકોએ, અનેક સંસ્થાઓએ ભારતીય સાઇન લેંગ્વેઝમાં પોતાની ચેનલ શરૂ કરી દીધી છે, એટલે કે, સાત-આઠ વર્ષ પહેલાં સાઇન લેંગ્વેઝ માટે જે અભિયાનનો દેશમાં આરંભ થયો હતો તેનો હવે મારાં લાખો દિવ્યાંગ ભાઇઓ-બહેનોને લાભ થવા લાગ્યો છે. હરિયાણાવાસી પૂજાજી તો ભારતીય સાઇન લેંગ્વેઝથી ખૂબ ખુશ છે. પહેલાં તેઓ તેમના દીકરા સાથે વાતચીત કરી શકે છે. આ પ્રયાસોનો બહુ મોટો લાભ કેરળનાં મંજૂજીને પણ થયો છે. આ સાઇન લેંગ્વેઝ જ આખા પરિવાર માટે સંવાદનું સાધન બની ગઇ છે. હવે તો, મંજૂજીએ પોતે જ સાઇન લેંગ્વેઝની શિક્ષિકા બનવાનો નિર્ણય કરી લીધો છે.

સાથીઓ, થોડા દિવસ પહેલાં મને બ્રેઇલમાં લખાયેલા અસમિયા ભાષાના હેમકોશની એક નકલ પણ મળી છે. તેનું સંપાદન વિખ્યાત ભાષાવિદ્ હેમંચંદ્ર બરૂઆજીએ કર્યું હતું. હેમકોશની બ્રેઇલ આવૃત્તિ લગભગ ૧૦ હજાર પાનાંની છે, અને તે ૧૫ ભાગથી પણ વધારે ભાગમાં પ્રકાશિત કરવામાં આવી રહી છે. તેમાં એક લાખથી પણ વધુ શબ્દોનો અનુવાદ થવાનો છે. હું આ સંવેદનશીલ પ્રયાસની ભરપૂર પ્રશંસા કરું છું.

મારા વહાલા દેશવાસીઓ, થોડા દિવસ પહેલાં હું સુરતની એક દીકરી અન્વીને મળ્યો. અન્વી જન્મથી જ Down Syndromeથી પીડિત છે અને તે બાળપણથી જ હૃદયની ગંભીર બીમારીનો પણ સામનો કરી રહી છે. આ બધી મુશ્કેલીઓ હોવા છતાં ન તો અન્વીએ કે ન તેનાં માતાપિતાએ કયારેય હાર માની છે. અન્વીનાં માતાપિતાએ અન્વીને યોગ શીખવા માટે પ્રેરિત કરી. તે પોતાની માતાની સાથે યોગનો અભ્યાસ કરવા લાગી અને હવે તો તે યોગમાં નિષ્ણાત બની ચૂકી છે. અન્વી આજે દેશભરની સ્પર્ધાઓમાં ભાગ લે છે અને ચંદ્રકો જીતે છે. યોગે અન્વીને નવું જીવન આપી દીધું છે. ખાસ કરીને, ડાયાબીટિસ અને બ્લડપ્રેશર સાથે જોડાયેલી તકલીફોમાં યોગથી ઘણી મદદ મળે છે. વર્ષ ૨૦૧૮માં શરૂ કરવામાં આવેલો "India Hypertension Control Initiative". કાર્યક્રમ અંતર્ગત બ્લડપ્રેશરની તકલીફોનો સામનો કરી રહેલા લાખો લોકોનો ઇલાજ સરકારી સેવા કેન્દ્રોમાં કરાઇ રહ્યો છે.

ભારતનું પણ સદભાગ્ય છે કે, લગભગ સાડા સાત હજાર કિલોમીટરથી વધુ લાંબા દરિયાકિનારાના કારણે આપણો સમુદ્ર સાથેનો નાતો અતૂટ રહ્યો છે. આપણા આ દરિયાકાંઠાના વિસ્તારો પર્યાવરણ સાથે જોડાયેલા કેટલાય પડકારોનો સામનો કરી રહ્યા છે. આપણે પાંચ જુલાઈએ શરૂ થયેલું "સ્વચ્છ સાગર-સુરક્ષિત સાગર" અભિયાન ગઇ ૧૭ સપ્ટેમ્બરે વિશ્વકર્મા જયંતીના દિવસે સંપન્ન થયું. તે જ દિવસે સાગરતટ સ્વચ્છતા દિવસ પણ હતો. આ ઝુંબેશ ૭૫ દિવસ સુધી ચાલી. એનએસએસના લગભગ પાંચ હજાર યુવા સાથીઓએ તો ૩૦ ટનથી વધુ પ્લાસ્ટિક એકઠું કર્યું. ઑડિશામાં ૩ દિવસની અંદર ૨૦ હજારથી વધુ શાળાના વિદ્યાર્થીઓએ પ્રણ લીધું કે, તેઓ પોતાની સાથોસાથ પરિવાર અને આસપાસના લોકોને પણ સ્વચ્છ સાગર અને સુરક્ષિત સાગર માટે પ્રેરિત કરશે.

બેંગલુરૂમાં એક ટીમ છે - યુથ ફોર પરિવર્તન. છેલ્લાં આઠ વર્ષોથી આ ટીમ સ્વચ્છતા અને અન્ય સામુદાયિક પ્રવૃત્તિઓ સાથે કામ કરી રહી છે. તેમનો મુદ્રાલેખ બિલકુલ સ્પષ્ટ છે. ફરિયાદ કરવાનું બંધ કરો, કાર્ય શરૂ કરો. આ ટીમે અત્યાર સુધીમાં શહેરભરનાં ૩૭૦થી વધુ સ્થાનોનું સૌંદર્યીકરણ કર્યું છે. દર રવિવારે આ કાર્યક્રમ સવારે શરૂ થાય છે અને બપોર સુધી ચાલે છે. આ કાર્યમાં કચરો તો એકઠો કરાય છે જ, સાથે દીવાલો પર ચિત્રકામ અને કલાત્મક ચિત્રણનું કામ પણ થાય છે. તો આ સાથે, મેરઠના કબાડ સે જુગાડ અભિયાન વિશે પણ જણાવવા માગું છું. આ અભિયાનમાં લોઢાનો ભંગાર, પ્લાસ્ટિકનો કચરો, જૂનાં ટાયર અને પીપડા જેવી નકામી બની ગયેલી ચીજવસ્તુઓનો ઉપયોગ કરાય છે. ઓછા ખર્ચમાં સાર્વજનિક સ્થળોને કેવી રીતે સુંદર બનાવી શકાય તેનું આ અભિયાન પણ એક ઉદાહરણ છે. આ અભિયાન સાથે જોડાયેલા તમામ લોકોની હું હૃદયથી પ્રશંસા કરું છું.

મારા વહાલા દેશવાસીઓ, અત્યારે દેશમાં ચારેતરફ ઉત્સવોની રોનક છે. પહેલી નવરાત્રીમાં આપણે દેવીના પહેલા સ્વરૂપ માતા શૈલપુત્રીની ઉપાસના કરીશું. ત્યાંથી લઇને નવ દિવસના નિયમ સંયમ

અને ઉપવાસ, પછી વિજયાદશમીનું પર્વ પણ હશે. એટલે કે, એક રીતે જોતાં તો આપણે જોઇશું કે, આપણાં પર્વોમાં આસ્થા અને આધ્યાત્મિકતાની સાથોસાથ કેટલો ઊંડો સંદેશ પણ છુપાયેલો છે. અનુશાસન અને સંયમથી સિદ્ધિની પ્રાપ્તિ અને ત્યાર પછી વિજયનું પર્વ. આ જ તો જીવનમાં કોઇ પણ લક્ષને પ્રાપ્ત કરવાનો માર્ગ હોય છે. દશેરા પછી ધનતેરસ અને દિવાળીનાં પર્વો પણ આવશે.

સાથીઓ, પાછલાં કેટલાંક વર્ષોથી આપણા તહેવારોની સાથે દેશનો એક નવો સંકલ્પ પણ જોડાઇ ગયો છે. આપ સૌ જાણો છો કે, આ સંકલ્પ છે - “Vocal for Local”નો. હવે આપણે તહેવારોના આનંદમાં આપણા સ્થાનિક કારીગરોને, શિલ્પકારોને અને વેપારીઓને પણ સામેલ કરીએ છીએ. આગામી બે ઑક્ટોબરે બાપુની જયંતીના અવસરે આપણે આ અભિયાનને વધુ વેગવાન બનાવવાનો સંકલ્પ લેવાનો છે. ખાદી, હાથશાળ, હસ્ત કલાકારીગરીની આ બધી ચીજવસ્તુઓની સાથે સાથે સ્થાનિક ચીજવસ્તુઓ પણ ચોક્કસ ખરીદીએ. એક સારી રીત એ છે કે, તહેવારના સમયે આપણે જે પણ ભેટ આપીએ તેમાં આ પ્રકારના ઉત્પાદનને સામેલ કરીએ. અત્યારે આ અભિયાન એટલા માટે પણ ખાસ છે કે, આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન, આપણે આત્મનિર્ભર ભારતનું પણ લક્ષ્ય રાખીને ચાલી રહ્યા છીએ. આ વખતે ખાદી, હાથશાળ કે હસ્ત કલાકારીગરીના આ ઉત્પાદનોને ખરીદીને આપ બધા વિક્રમ તોડી નાંખો.

મારા વહાલા દેશવાસીઓ, આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે,

‘परहित सरिस धरम नहीं भाई’

એટલે કે, અન્યનું હિત કરવા સમાન, અન્યની સેવા કરવા ઉપકાર કરવા સમાન બીજો કોઇ ધર્મ નથી. વીતેલા દિવસોમાં તમે પણ જોયું હશે કે, લોકો આગળ આવીને કોઇને કોઇ ટીબીથી પીડિત દર્દીને દત્તક લે છે. તેમને પૌષ્ટિક ખોરાક આપવાનું બીડું ઉઠાવી રહ્યા છે. હકીકતમાં યોગ્ય પોષણથી જ યોગ્ય સમયે મળેલી દવાઓથી ટીબીનો ઇલાજ શક્ય છે. મને વિશ્વાસ છે કે, લોકભાગીદારીની આ શક્તિથી વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારત જરૂર ટીબીથી મુક્ત થઇ જશે.

સાથીઓ, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પણ મને એક એવું ઉદાહરણ જાણવા મળ્યું છે, જે હૃદયસ્પર્શી છે. ત્યાંના આદિવાસી ક્ષેત્રમાં રહેતાં જીનુ રાવતિયાજીએ લખ્યું છે કે, ત્યાં ચાલી રહેલા ગ્રામ દત્તક કાર્યક્રમ અંતર્ગત મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ ૫૦ ગામોને દત્તક લીધાં છે. એમાં જીનુજીનું ગામ પણ સામેલ છે. મેડિકલના વિદ્યાર્થીઓ બીમારીથી બચવા માટે ગામના લોકોને જાગૃત કરે છે, બીમારીમાં મદદ પણ કરે છે અને સરકારી યોજનાઓ વિશે પણ જાણકારી આપે છે. પરોપકારની આ ભાવના ગ્રામવાસીઓના જીવનમાં નવી ખુશીઓ લઈને આવી છે. હું તે માટે મેડિકલ કોલેજના બધા વિદ્યાર્થીઓને અભિનંદન આપું છું.

સાથીઓ, ગયા મહિને મન કી બાતમાં મે બરછટ અનાજ અને વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ તરીકે ઊજવવાને લગતી ચર્ચા કરી હતી. આ બાબતે લોકોમાં ખૂબ ઉત્સુકતા છે. મને એવા સંખ્યાબંધ પત્રો મળે છે. આપણે સૌએ મળીને એક ઇ-બુક તૈયાર કરવી જોઇએ. જેમાં લોકો બાજરીમાંથી બનતી વાનગીઓ અને પોતાના અનુભવોનું આદાનપ્રદાન કરી શકે. તેનાથી આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ શરૂ થતાં પહેલાં આપણી પાસે બાજરા વિશે એક જાહેર માહિતીકોશ પણ તૈયાર થશે

સાથીઓ, ૨૯ સપ્ટેમ્બરથી ગુજરાતમાં રાષ્ટ્રીય રમતોનું આયોજન શરૂ થયું છે. આ એક ખૂબ મોટી તક છે. કેમ કે, રાષ્ટ્રીય રમતોનું આયોજન કેટલાંય વર્ષો પછી થઈ રહ્યું છે. કોવિડ મહામારીના કારણે છેલ્લે તેનું આયોજન રદ કરવું પડ્યું હતું. આ રમતગમત સ્પર્ધામાં ભાગ લેનારા દરેક ખેલાડીને મારી અનેક અનેક શુભેચ્છાઓ. ધન્યવાદ.

નમસ્કાર..

## દિવ્યાંગ અન્વીના સંઘર્ષની વડાપ્રધાનશ્રીએ સરાહના કરી

*શારીરિક અક્ષમતા છતાં સતત મહેનત અને કોઠાસૂઝથી યોગાસનમાં આગવી ઓળખ ઉભી કરનાર, રબર ગર્લના નામે વિખ્યાત સુરતની દિવ્યાંગ દીકરી અન્વી વિજયભાઈ ઝાંઝરૂકિયાની ચર્ચા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ‘મન કી બાત’માં કરી હતી, વડાપ્રધાનશ્રીએ ૧૪ વર્ષની દિવ્યાંગ અન્વીના સંઘર્ષ અને સફળતાની સરાહના કરી હતી. દિવ્યાંગ છતાં ઉચ્ચ મનોબળની ધની અન્વીએ શારીરિક, માનસિક મર્યાદાઓને ઓળંગી યોગાસનમાં વૈશ્વિક ખ્યાતિ મેળવી છે. વડાપ્રધાનશ્રીએ ‘મન કી બાત’માં કહ્યું કે, ઈશ્વર દિવ્યાંગ બાળકોને આ પૃથ્વી પર મોકલે છે, પરંતુ તેની ક્ષતિને પૂરી કરે એવી કેટલીક વિશિષ્ટ અને સુષુપ્ત શક્તિઓની પણ ભેટ આપે છે. જે તેને દિવ્યાંગ હોવા છતાં પણ અન્યથી અલગ ઓળખ આપે છે. સુષુપ્ત શક્તિઓને પારખી તેને સાચી દિશામાં વાળવાની જ જરૂર હોય છે. અન્વી ભલે નાનપણથી જ દિવ્યાંગ છે, પણ તે રબરની જેમ અંગો વાળીને દેશભરમાં કોઈ ન કરી શકે તેવા યોગાસનો કરીને સૌને અચંબિત કરી દે છે. તેની આ જ ખૂબીએ તેને દેશ અને દુનિયા માટે પ્રેરણારૂપ બનાવી છે. અન્વીના પિતાશ્રી વિજયભાઈ તથા માતા અવની તથા સ્વજનો વડાપ્રધાનશ્રીના મુખેથી અન્વીની કહાની સાંભળીને ખુશખુશાલ થયા હતા.*








## ૩૬મી નેશનલ ગેમ્સનો શાનદાર પ્રારંભ

# દેશભરના રમતવીરો ગુજરાતના આતિથ્યથી થયા પ્રભાવિત

લક્ષ્ય વિનાનું જીવન નિરર્થક છે. લક્ષ્ય નિર્ધારણથી જ ધ્યેયપ્રાપ્તિ થાય છે. યુવાઓના આદર્શ સ્વામી વિવેકાનંદે યુવાઓનું પથદર્શન કરતાં લક્ષ્ય નિર્ધારણની શીખ આપી હતી. આ મંત્ર દોડ વીરાંગના શ્રી પી.ટી. ઉષાએ ગાંઠે બાંધી દીધો, ત્યારબાદનો ઈતિહાસ આપણાને કંઠસ્થ છે. પી.ટી.ઉષાને એકવાર કોઈકે પૂછ્યું, તમારે ઑલિમ્પિક મેડલ જ કેમ જોઈએ છે. પી.ટી. ઉષાએ જવાબ આપ્યો, આ એકમાત્ર સપનું છે જેને પૂરું કરવા મેં સમગ્ર જીવન મહેનત કરી છે અને કરતી રહીશ. આ વાક્ય એક મેડલ માટેનું નથી, દેશના આત્મગૌરવ માટેની વાત છે. નીરજ ચોપડાએ ઑલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો, ત્યારે સમગ્ર દેશ રોમાંચિત થઈ ઊઠ્યો હતો. તે ક્ષણ હજી આપણા મનમાં તાજી છે. લિજેન્ડ ક્રિકેટર સચિન તેન્ડુલકરે એકવાર કહ્યું હતું કે, ૧૯૮૩નો વર્લ્ડ કપ ભારતે જીત્યો, ત્યારે તે ખૂબ નાના હતા. પણ તે વર્લ્ડ કપ જીતવાની વાતે તેમને ભારત માટે બીજીવાર વર્લ્ડ કપ જીતવાની પ્રેરણા આપતી રહી. વર્તમાન રાષ્ટ્રીય રમતોત્સવમાં ભાગ લઈ રહેલા પ્રત્યેક રમતવીર માટે પણ સ્વામી વિવેકાનંદે આપેલો આ મંત્ર પ્રેરણાદાયી છે. હવે, ભારતના નવયુવાનોમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે રુચિ વધી રહી છે. હવેની પેઢીનાં બાળકો ક્રિકેટ ઉપરાંત અન્ય સ્પોર્ટ્સમાં દિલચસ્પી લઈ રહ્યાં છે. ત્યારે ગુજરાત તેમાં બાકાત નથી. ખેલમહાકુંભમાં લાખોની સંખ્યામાં નાગરિકોએ ભાગ લીધો હતો. જે સ્પોર્ટ્સ ક્ષેત્રે રાજ્યનું ભાવિ કેવું રહેશે તે દર્શાવે છે. આઝાદી બાદનાં ૭૦ વર્ષમાં પ્રથમવાર ગુજરાતે નેશનલ ગેમ્સની યજમાની કરવાની તક મળી છે. સાત વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાઈ રહેલી નેશનલ




ગેમ્સના અમદાવાદ ખાતે યોજાયેલા દબદબાપૂર્ણ કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ અને વૈશ્વિક ફલક પર સન્માનનો રમત-ગમત સાથે સીધો સંબંધ છે. યુવાનો રાષ્ટ્ર ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે જ્યારે સ્પોટ્ર્સ યુવાનોમાં ઊર્જા અને ઉત્તમ જીવનનિર્માણનો પ્રમુખ સ્ત્રોત બની રહે છે.


અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં નેશનલ ગેમ્સનો શુભારંભ કરાવતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે વિકાસમાં ઉચ્ચ સ્થાને રહેલા દેશો રમત ગમત અને આંતરરાષ્ટ્રીય રમતોમાં મેડલ વિજેતામાં પણ અગ્રેસર રહે છે. ખેલના મેદાનમાં ખેલાડીઓની જીત અને દમદાર પ્રદર્શન અન્ય ક્ષેત્રોમાં પણ જીતનો રસ્તો બનાવે છે. સ્પોટ્ર્સ પાવર દેશની ઓળખ ઊભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આઝાદીના અમૃત કાળનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સ્ટાટ્ર્સ વિથ એક્શન એટલે કે કોઇ પણ કાર્યની શરૂઆત કરીને તે પથ પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા સતત ચાલતા રહેવાના જુસ્સા સાથે જ નવા ભારતની શરૂઆત કરી છે. દેશ અને દુનિયામાં રમાતી વિભિન્ન રમતો વર્ષો સુધી ભારતીય માટે ફક્ત સામાન્ય જ્ઞાન સુધી સીમિત રહી હતી, પરંતુ છેલ્લાં આઠ વર્ષમાં રમત-ગમત ક્ષેત્રે દેશ અને યુવાનોનો મિજાજ બદલાયો છે. ૮ વર્ષ અગાઉ દેશના રમતવીરો ૧૦૦ જેટલી જ આંતરરાષ્ટ્રીય સ્પોટ્ર્સ ઈવેન્ટમાં ભાગ લઈને જૂજ રમતોમાં સહભાગી બનતા હતા, જ્યારે આજે દેશના યુવા રમતવીરો ૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટમાં ભાગ લઈને ૪૦થી વધુ રમતો રમતા થયા છે. જેને પરિણામે ભારતના મેડલની સંખ્યા સાથે દેશની ચમક પણ વધી છે.

વડાપ્રધાનશ્રીએ કોરોનાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે કોરોનાના કપરા સમયગાળામાં પણ સરકારે ખેલાડીઓનું મનોબળ તૂટવા દીધું નથી. કેન્દ્ર સરકારે યુવાનોને રમત ગમત માટેનાં તમામ સંસાધનો આપ્યાં છે. દેશમાં સ્પોટ્ર્સ સ્પિરિટની સાથે સ્પોટ્ર્સના ડેવપલમેન્ટ માટે કામ કર્યું, જેના પરિણામે જ તાજેતરમાં રમાયેલા ઓલિમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓએ અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સૌથી વધુ મેડલ જીત્યા છે. તદ્ઉપરાંત તાજેતરની પેરા ઓલિમ્પિકમાં ૪૭ જેટલા રેકોર્ડ બ્રેક મેડલ જીત્યા છે. રમત-ગમતમાં દેશની દીકરીઓ પણ ખભેથી ખભા મિલાવીને ભાગીદાર બનીને તિરંગાની શાન વધારી રહી છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે,







આજે છેલ્લાં આઠ વર્ષમાં યુવાનોમાં સ્વપ્નને સાકાર કરી શકવાનો વિશ્વાસ વધ્યો છે. સરકાર હવે રમત-ગમત માટે માત્ર યોજનાઓ બનાવતી નથી, પરંતુ યુવાનોની સાથે કદમથી કદમ મિલાવીને આગળ વધી રહી છે. જેના પરિણામે ખેલાડીઓને વધુમાં વધુ સંસાધનો અને અવસર પ્રાપ્ત થઇ રહ્યાં છે. છેલ્લાં આઠ વર્ષમાં રમતગમત ક્ષેત્રનું બજેટ ૭૦ ટકા વધ્યું છે. ફિટ ઇન્ડિયા અને ખેલો ઇન્ડિયા આજે જન આંદોલન બન્યાં છે.

રમતો ભારતીય સંસ્કૃતિ અને સંભ્યતાનો અભિન્ન હિસ્સો હોવાનું જણાવી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આપણી વિરાસતના ગર્વ સાથે ખેલની પરંપરાને પુનર્જીવિત કરવામાં આવી



રહી છે. કલારીયપટ્ટું અને યોગાસન જેવી પ્રાચીન ભારતીય રમતોને આ નેશનલ ગેમ્સમાં સામેલ કરીને હજારો વર્ષોની પરંપરાને આગળ વધારીને ખેલ જગતના ભવિષ્યને નેતૃત્વ આપ્યું છે.

અમદાવાદના ડ્રોન શોનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રી એ જણાવ્યું હતુ કે, અમદાવાદમાં જે પ્રકારનો શાનદાર અને ભવ્ય શો યોજાયો તે જોઈને દરેક ભારતીય માટે ગૌરવપૂર્ણ ઘટના બની રહી. ડ્રોન ટેકનોલોજી જેવો શ્રેષ્ઠ ઉપયોગ ગુજરાત અને ભારતને નવી વૈશ્વિક ઊંચાઇઓ પર લઈ જશે જેમાં બેમત નથી.

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આ કોમ્પ્લેક્સમાં ફુટબોલ, હોકી, બોક્સિંગ, બાસ્કેટબોલ, કબડ્ડી જેવી અનેક રમતોની સુવિધાઓ એક સાથે ઉપલબ્ધ છે જે સમગ્ર દેશ માટે એક મોડલરૂપ બની રહેશે. દેશનાં ૩૬ રાજ્યો /કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૭૦૦૦થી વધુ ખેલાડીઓ, ૩૫,૦૦૦થી વધુ કૉલેજ-યુનિવર્સિટીઓના ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ નેશનલ ગેમ્સમાં સીધા સહભાગી બનીને ૩૬મી નેશનલ ગેમ્સના ‘જુડેગા ઇન્ડિયા, જીતેગા ઇન્ડિયા’ એન્થમને સાકાર કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ નેશનલ ગેમ્સના શુભારંભનાં વાતાવરણને જોઈને કહ્યું હતું કે, આ દૃશ્યો, તસ્વીર અને માહોલ અવિસ્મરણીય છે. વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં, વિશ્વનો સૌથી યુવા દેશ, દેશના સૌથી મોટા ખેલ ઉત્સવનું આયોજન અદભુત અને અદ્વિતીય હોય ત્યારે તેની ઊર્જા પણ એવી જ અસાધારણ હોવાની તેવું તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સમગ્ર ટીમ ગુજરાતને ખૂબ જ ટૂંકાગાળામાં નેશનલ ગેમ્સનું શ્રેષ્ઠ આયોજન કરવા બદલ પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા.

નેશનલ ગેમ્સના યજમાન એવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૩૬મી નેશનલ ગેમ્સનું ભવ્ય આયોજન ત્રણ જ મહિનાના ટુંકાગાળામાં ગુજરાતે પાર પાડયું છે. સામાન્ય રીતે આવા મોટા કાર્યક્રમના આયોજનમાં વર્ષો લાગી જતાં હોય છે, પરંતુ ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઇએ વિકસાવેલા વર્ક કલ્ચરને પરિણામે માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં નેશનલ ગેમ્સનું આયોજન સંપન્ન થયું છે. દેશમાં સાત વર્ષ પછી નેશનલ ગેમ્સ યોજાઈ રહી છે ત્યારે આ પ્રસંગ ખેલાડીઓ માટે અવિસ્મરણીય બની રહે તેવા તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૩૬મી નેશનલ ગેમ્સના શુભારંભ પ્રસંગે ભારતની યુવાશક્તિના ઉત્સાહની ગૂંજ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સંભળાઈ રહી છે. તેમણે કહ્યું કે, ૩૬મી નેશનલ ગેમ્સ વડાપ્રધાનશ્રીની ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને વધુ મજબૂત કરવાની દિશામાં એક ઉત્તમ પહેલ સાબિત થશે. વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિને કારણે ગુજરાતમાં વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટીંગ કલ્ચર વિકસ્યું છે એમ તેમણે


- **અત્યંત ટૂંકાગાળામાં ગુજરાતે ૩૬મી નેશનલ ગેમ્સનું ભવ્ય આયોજન કર્યું તે પ્રશંસનીય**
- **હજારો વર્ષોથી ચાલી આવતી પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિને રમતગમત આગળ વધારે છે**
- **ફિટ ઇન્ડિયા અને ખેલો ઇન્ડિયા જન આંદોલન બન્યા છે**
- **ગુજરાત દેશભરના ખેલાડીઓની મહેમાનગતિ કરવામાં કોઇ કચાશ નહીં રાખે**
- **ખેલાડીઓને રમતની સાથે નવરાત્રીમાં ગરબાની રમઝટ માણવા અનુરોધ**

**- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**



## ગુજરાત વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ ઈવેન્ટ માટે તૈયાર







વધુમા ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૧૦થી શરૂ કરાવેલી ખેલ સંસ્કૃતિને કારણે આજે ગ્રામીણ ઓલિમ્પિક અને દિવ્યાંગજનો માટે વિશેષ ખેલ મહાકુંભના આયોજનની ગુજરાતે જે અભિનવ પહેલ કરી હતી તે હવે વ્યાપક સ્તરે વિસ્તરી છે. આ સંદર્ભે તેમણે વધુમાં કહ્યું હતું કે, ગુજરાત કોઈ પણ ક્ષેત્રના વિકાસ માટે પોલિસી ડ્રીવન સ્ટેટ બન્યું છે.

વડોદરામાં સ્પોર્ટસ યુનિવર્સિટી કાર્યરત થવાની છે. એટલું જ નહિ, થોડા મહિના પહેલાં જ વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતે પોતાની સ્પોર્ટ્સ પોલિસી લોન્ચ કરાવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે નેશનલ ગેમ્સમાં સહભાગી થવા આવેલા રમતવીરોને ગુજરાતની સંસ્કૃતિ, ખાન-પાન અને નવરાત્રી ઉત્સવનો આનંદ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે ખેલાડીઓને સફળતા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પણ પાઠવી હતી.

આ અવસરે ૭૫૦થી વધુ કલાકારો દ્વારા 'જય જય ગરવી ગુજરાતની ગાથા' પ્રસ્તુત કરવામાં આવી હતી. ગુજરાતમાં આરંભાયેલ નેશનલ ગેમ્સના પ્રારંભ પ્રસંગે દેશ-રાજ્યના ખૂણે ખૂણેથી પધારેલા ખેલાડીઓ, રમતવીરો, દર્શકો, એન.સી.સી.ના કેડેસ્, સ્વયંસેવકોમાં ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.



આ રંગારંગ ઉદ્ઘાટન સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય રમત-ગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુર, કેન્દ્રીય રમત-ગમત રાજય મંત્રી શ્રી નિશિથ પ્રામાનિક, કેન્દ્રીય રેલવે અને ટેક્સટાઇલ રાજય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, સાંસદ શ્રી સી.આર.પાટીલ, વિધાનસભાનાં અધ્યક્ષ શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય, ગૃહ અને રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિતના મંત્રીમંડળના સદસ્ય સર્વ શ્રી રાઘવજીભાઈ પટેલ, પ્રદીપભાઈ પરમાર, જગદીશભાઈ વિશ્વકર્મા, મનીષાબહેન વકીલ, રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નિમિષાબહેન સુથાર તેમજ મેયર શ્રી કિરીટભાઈ પરમાર ઉપરાંત, ખેલજગતના જાણીતા ચહેરાઓ નીરજ ચોપરા, પી.વી.સિંધુ, મીરાંબાઈ ચાનુ, અંજૂ બોબી જ્યોર્જ, ગગન નારંગ સહિતના અનેક ચેમ્પિયન રમતવીરોની હાજરીએ સૌનો ઉત્સાહ વધાર્યો હતો. ●



### ‘અંત્યોદયથી સર્વોદય'ના કલ્યાણનો વિચાર મૂર્તિમંત કરવા

# અંબાજીથી ૭૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતા વડાપ્રધાન

મા શક્તિની ધરા અંબાજીધામમાં તાજેતરમાં વિકાસકાર્યોની સરવાણી વહી... દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શક્તિપીઠ અંબાજીની ધરા પરથી અવિરત વિકાસકાર્યોની ધજા લહેરાવી. શ્રી મોદીએ કેન્દ્ર સરકારનાં રૂ.૪૭૩૧ કરોડ તેમજ રાજ્ય સરકારના રૂ.૨૧૭૭ કરોડ મળી કુલ રૂ.૬૯૦૯ કરોડના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરીને રાજ્યના નાગરિકો ઉપર વિકાસકાર્યોની હેલી વરસાવી હતી જેમાં જનસુવિધાલક્ષી મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ એવા તારંગા હિલ-અંબાજી-આબુ રેલવે લાઇનનું ખાતમુહૂર્ત તેમજ ૮૬૩૩ આવાસોનું ખાતમુહૂર્ત અને ૫૩૧૭૨ આવાસોના લોકાર્પણનો પણ સમાવેશ થાય છે.

બનાસકાંઠા જિલ્લાની બદલાયેલી તસવીર અંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે દાયકાના સતત પ્રયાસોને કારણે બનાસકાંઠા જિલ્લો વિકસિત બનવા તરફ આગળ વધી રહ્યો છે. આ પરિસ્થિતિ બદલવામાં નર્મદાના નીર, સુજલામ-સુફલામ અને ટપક સિંચાઈએ મોટી ભૂમિકા ભજવી છે. એટલું જ નહિ, આગામી સમયમાં ધરોઈ ડેમથી લઈ અંબાજી સુધીનો સમગ્ર બેલ્ટ વિકસિત કરવાનો સરકારે સંકલ્પ કર્યો છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે આવનારા દિવસોમાં અંબાજી આવતા પ્રવાસીઓએ અહીં બે-ત્રણ દિવસ રોકાવું પડે તેટલાં વિકાસકાર્યો હાથ ધર્યા છે. તો બીજી તરફ અંબાજી આવતા દર્શનાર્થીઓ-પર્યટકોએ સ્ટેચ્યૂ ઑફ યુનિટીની જેમ આ પંથકમાં ફરવું પડે તેવો આ યાત્રાધામનો વિકાસ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તે ઉપરાંત આગામી સમયમાં અહી વિશેષ કિસાન રેલ પણ ચાલશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

તારંગા હિલ-અંબાજી-આબુ રેલવે લાઇનનો શુભારંભ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, મા અંબાના આશીર્વાદથી ઉત્તર ગુજરાતવાસીઓની વર્ષોજૂની માગણીને પૂરી કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે તેમ કહીને શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, આ પરિયોજનાની જરૂરત કેટલી છે એ અંગ્રેજો પણ જાણતા હતા. ૧૦૦ વર્ષ પહેલાં અંગ્રેજોએ તેની ડિઝાઈન તૈયાર કરીને આ વિસ્તારમાં રેલ લાઇન બનાવવાનો નિર્ણય લીધો હતો. ગુજરાતના મુખ્યમંત્રી પદ પર બેસીને આ રેલ લાઇન માટે ખૂબ વિનંતી કરી હોવા છતાં તેને મંજૂર કરવામાં આવી ન હતી. હવે આ રેલ લાઇન અને અંબાજી બાયપાસ બનવાથી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ તો આવશે જ, સાથોસાથ માારબલ, ડેરી સહિતના બનાસકાંઠા અને આસપાસના તમામ ઉદ્યોગોને પણ વેગ મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવનારા સમયમાં પાલિતાણાની જેમ તારંગા પણ પ્રખ્યાત પર્યટન સ્થળ તરીકે વિકાસ પામશે.

આગામી ૨૫ વર્ષમાં હિન્દુસ્તાનને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લેતાં વડાપ્રધાન શ્રી મોદીએ કહ્યું હતું કે, વિશ્વભરનાં લોકોનું ભારત તરફ



આકર્ષણ ખૂબ વધ્યું છે. દેશમાં ખૂણે- ખૂણે થઈ રહેલા વિકાસને અવિરત આગળ વધારતા રહીશું અને સૌને સાથે રાખીને સૌનો વિકાસ કરીશું. આગામી ૨૫ વર્ષમાં દેશને વિકસિત બનાવવાની તક સૌ નાગરિકોના આશીર્વાદથી મળતી રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ તહેવારોની સિઝનમાં ગરીબ પરિવારની બહેનોને તેમનું રસોડું ચલાવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકારે મફત રાશનની યોજના લંબાવી છે. દેશના ૮0 કરોડથી વધુ સાથીઓને મુશ્કેલીના સમયમાં રાહત આપતી આ યોજના પર કેન્દ્ર સરકાર લગભગ ૪ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. શૌચાલય હોય, ગેસ કનેક્શન હોય, દરેક ઘર હોય, પાણી હોય, જનધન ખાતાં હોય કે મુદ્રા યોજના હેઠળ ગેરંટી વગરની લોન હોય, કેન્દ્ર સરકારની દરેક મોટી યોજનાના કેન્દ્રમાં દેશની મહિલાશક્તિ હોય છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દેશભરના ૩ કરોડ લાભાર્થીઓને ઘર આપવામાં આવ્યા છે તેમજ ગુજરાતમાં પણ દોઢ લાખ આવાસો લાભાર્થીઓને ફાળવાયા છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને વડાપ્રધાનશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે તેમણે સ્ત્રી સશક્તીકરણ અને નારી ગૌરવ, નારી મહત્ત્વ તેમજ નારી સન્માનની ભારતની પરંપરાને યાદ કરી દુનિયાભરમાં પુત્ર સાથે પિતાનું નામ જોડાય છે જ્યારે ભારતમાં વીરપુરુષો સાથે નારીનું માતાનું નામ જોડાય છે એમ જણાવી ભગવાન કૃષ્ણનું નામ દેવકીનંદન અને અર્જુનનું કુંતીપુત્ર અને હનુમાનજીનું અંજનિપુત્ર હોવાનું જણાવી નારી મહિમાને વંદન કર્યા હતા.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવરાત્રીના પાંચમા નોરતે આદ્યશક્તિ મા અંબાના ધામથી ગુજરાતને રૂ.૬,૯૦૦ કરોડનાં વિકાસકામોની ભેટ આપી છે. જેનાથી ગુજરાતમાં વિકાસ કાર્યોની ગતિ અને સરકારની સંકલ્પશક્તિ બન્ને ઉજાગર થઇ છે. તેમણે કહ્યું હતું કે ભારતભરમાં 'અંત્યોદયથી સર્વોદય'નો વિચાર મૂર્તિમંત કરનારા વિકાસપુરુષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનકલ્યાણના આપણા સંકલ્પને નવી શક્તિ-નવી ઊર્જા પ્રદાન કરી છે. દેશના રોલમોડેલ સ્ટેટ ગુજરાતના વિકાસનું વટવૃક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના પરસેવાથી સીંચ્યું છે. એમાંય છેલ્લાં ૮ વર્ષથી તો ગુજરાતને ડબલ એન્જિન સરકારનો લાભ મળી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ડબલ એન્જિન સરકારને કારણે જ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગુજરાતમાં ૪ લાખ ગ્રામીણ અને ૭ લાખથી વધુ શહેરી ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારોને પોતાના આવાસ મળ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના જેવી યોજનાઓના રૂ.૧૮૦૦ કરોડના કુલ ૫૩ હજાર જેટલા નવા આવાસોનું લોકાર્પણ કર્યું છે અને રૂ. ૧૧૬ કરોડના ૮૬૦૦ આવાસોનું ખાતમુહૂર્ત થયું છે તથા ૫૦ હજારથી વધારે પરિવારો આવનારી દિવાળીએ પોતાના ઘરના ઘરમાં દીવડા પ્રગટાવી આનંદ ઉલ્લાસથી દિવાળી મનાવશે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગરીબોના આંસુ લૂછનારી, જરૂરતમંદની પડખે રહેનારી, સમાજના દરેક વર્ગને સાથે રાખી ચાલનારી, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી આ સરકાર સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી સત્તાને સેવાનું માધ્યમ બનાવી ચાલતી સરકાર છે. તેમણે કહ્યું હતું કે, આપણી સનાતન સંસ્કૃતિમાં ગૌ-ગંગા ગાયત્રી અને ગીતાનો મહિમા ગવાયો છે, તેને




ઉજાગર કરતાં આદ્યશક્તિ ધામ અંબાજીના આંગણેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતીય સંસ્કૃતિમાં માતાનું સ્થાન ધરાવતી ગાય અને ગૌ-વંશના નિભાવ માટે મહત્ત્વપૂર્ણ એવી મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ગૌ માતા અને ગૌવંશ પ્રત્યેની પોતાની આગવી સંવેદનાનો પરિચય આ 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'થી કરાવ્યો છે. પશુઓની સેવાભાવનાની વાત હોય, ગરીબ-જરૂરતમંદ લોકોને મદદ-સહાય કે ઔદ્યોગિક વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ હોય ગુજરાત વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં, 'સૌના સાથ-સૌના વિકાસ'ની રાહે આગળ વધી રહ્યું છે.



મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ગુજરાતે 2.19 લાખ કિ.મી જેટલા રોડરસ્તા સહિત રેલવે, વોટર-વે, એર-વે દરેક ક્ષેત્રે કનેક્ટિવિટીનું સુદ્રઢ માળખું વિકસાવ્યું છે. આ શૃંખલામાં વધુ એક નવું પ્રકરણ અંબાજી બાયપાસ રોડના ખાતમુહૂર્તથી જોડ્યું છે. રૂ. ૧૨૪ કરોડના ખર્ચે નિર્માણ થનારા આ બાયપાસ રોડને પરિણામે અંબાજીમાં ટ્રાફિકનું નિવારણ થઇ શકશે. આ સાથે, મીઠા-થરાદ-ડીસા અને લાખણી ફોર લેન રોડ પણ વડાપ્રધાનશ્રીએ જનસમર્પિત કર્યો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઉત્તર ગુજરાતના નાગરિકોની વર્ષોથી માગણી હતી કે તારંગા હિલ, અંબાજી અને આબુરોડને જોડતી રેલવે લાઇન શરૂ કરવામાં આવે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ આ માગણીને સ્વીકારીને તારંગા-આબુ રોડ રેલ પરિયોજનાને મંજૂરી આપી અને તેનું ભૂમિપૂજન કર્યું હતું. આ રેલવે લાઇનનો મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓને લાભ કરશે. આ રેલ પરિયોજનાથી ગુજરાતના માર્બલ ઉદ્યોગને નવું બળ મળશે. સાથોસાથ ધાર્મિક સ્થળો યાત્રાધામોએ આવનારા પ્રવાસીઓને નવી સુવિધા મળશે. આ ઉપરાંત વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરની ૧૩ કિલોમીટર લાંબી પાલનપુર- મહેસાણાની ૬૨ કિલોમીટર રેલ-લાઇનના લોકાર્પણથી વિકાસને નવી ગતિ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસાદ યોજના દ્વારા ભારતનાં પ્રાચીન ધાર્મિક સ્થળોના હોલિસ્ટિક ડેવલપમેન્ટનો રાહ ચીંધ્યો છે. અંબાજી ખાતે પ્રસાદ યોજના અંતર્ગત રૂ. ૫૨ કરોડનાં વિકાસકાર્યોનું ભૂમિપૂજન થયું. રાજ્ય સરકારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અંબાજી સહિત અન્ય તીર્થક્ષેત્રોની કાયાપલટ કરી છે, પરિણામે ગુજરાત દેશનું મોસ્ટ ફેવરિટ ટુરિસ્ટ ડેસ્ટિનેશન બન્યુ છે. ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવનારા જનનાયક શ્રી નરેન્દ્રભાઈનો ફરી એકવાર આ વિકાસકામોની ભેટ આપવા બદલ આભાર માનું છું તેમ તેમણે જણાવ્યું હતું.




**સરકારી સહાયથી વિચાર્યું પણ ન હતું તેવું નિવાસ પ્રાપ્ત થયું - લાભાર્થી નીમુબહેન**

*રાજકોટના ખીજડીયા ગામના દામજીભાઈ બાવળિયાને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો તેમના પત્ની નીમુબહેને સરકારનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે નળિયાવાળા અને શૌચાલય રહિત મકાનને લીધે થતી ચિંતાનો ઉકેલ તાલુકા પંચાયતે લાવી આપ્યો. સરકારી સહાયથી વિચાર્યું પણ ન હતું તેવું નિવાસ પ્રાપ્ત થયું છે.*









કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિના કારણે છેલ્લાં 55 વર્ષથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તેવી યોજના અંબાજી-તારંગા રેલવે લાઇનનું ભૂમિપૂજન થયું છે. અંબાજી અને તારંગા જૈન તીર્થને જોડતી રેલવે લાઇનથી યાત્રાળુઓને સુવિધા ઉપલબ્ધ થશે, સાથોસાથ વેપાર અને રોજગારીનું મોટાપાયે સર્જન થવાથી આ વિસ્તારનો ઝડપી વિકાસ થશે.

આ પ્રસંગે કેન્દ્રીયમંત્રી શ્રી દર્શનાબહેન જરદોશ, સાંસદ શ્રી સી.આર.પાટીલ, મંત્રી સર્વશ્રી પૂર્ણેશભાઇ મોદી, રાઘવજીભાઈ પટેલ, અર્જુનસિંહ ચૌહાણ, પ્રદીપભાઇ પરમાર, નરેશભાઇ પટેલ, ગજેન્દ્રસિંહ પરમાર, કીર્તિસિંહ વાઘેલા, બ્રિજેશભાઇ મેરજા, મનીષાબેન વકીલ, અરવિંદભાઇ રૈયાણી, નિમીષાબહેન સુથાર, સાંસદ સર્વશ્રી પરબતભાઈ પટેલ, ભરતસિંહ ડાભી અને દિનેશભાઇ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી શશીકાંતભાઇ પંડ્યા, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં બનાસવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

### સરકારની સહાય વગર અમે ઘર બનાવી શક્યા ન હોત..

લીંબડીનાં બોરણા ગામના કાનજીભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, જો અમને સરકારની સહાય ન મળી હોત તો અમે પાકું મકાન ના બનાવી શક્યા હોત. સરકારે અમારા જેવા મજૂરી કરતા પરિવારોની ચિંતા કરીને અમને આ પાકા આવાસની સુવિધા આપી છે તે બદલ અમે સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ.





# સુરતને રૂ.૩૪૭૨ કરોડનાં વિકાસકામોની ભેટ

સૂર્યપુત્રી તાપી નદીના કાંઠે વસેલુ સુરત વિશ્વમાં સૌથી ઝડપી વિકસતાં શહેરોમાંનું એક શહેર છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુરતે છેલ્લા બે દાયકામાં ઊડીને આંખે વળગે તેવી પ્રગતિ કરી છે. સુરતના વિકાસની આ ગતિને અવિરત ચાલુ રાખવાનું કાર્ય ટીમ ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણમાં કરી રહી છે. તાજેતરમાં સુરતની વિકાસગાથાને વધુ સુદ્રઢ કરવાનો અવસર ઊજવાયો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરત શહેર-જિલ્લામાં કુલ રૂ.૩૪૭૨.૫૪ કરોડનાં વિવિધ ૫૯ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી ગુજરાતની વિકાસયાત્રાને વધુ મજબૂત બનાવી હતી.

વડાપ્રધાનશ્રીએ કરેલા લોકાર્પણ-ખાતમુહૂર્તમાં સુરત મહાનગરપાલિકાના રૂ.૨૪૨૯.૧૮ કરોડના, ડ્રીમ સિટી પ્રૉજેક્ટના રૂ.૩૬૯.૬૦ કરોડ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના રૂ ૬૭૩.૭૬ કરોડ સહિત કુલ રૂ.૩૪૭૨.૫૪ કરોડ વિકાસકામોનો સમાવેશ થાય છે. તે અંતર્ગત પાણી પુરવઠાના રૂ.૬૭૨ કરોડના કાર્યો, રૂ.૮૯૦ કરોડના ડ્રેનેજ પ્રૉજેક્ટ્સ, રૂ.૧૩૯ કરોડના ખર્ચે બાયોડાઇવર્સિટી પાર્ક તેમજ અન્ય વિકાસકાર્યો જેવાં કે પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હેરિટેજ રિસ્ટોરેશન, સિટી બસ/બીઆરટીએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈલેક્ટ્રિક વેહિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. જેને પરિણામે ડાયમંડ સિટી ઓફ ઇન્ડિયા તરીકે ઓળખાતા સુરત શહેર સહિત જિલ્લાના વિકાસને વધુ વેગ મળશે.

### ડ્રીમ (DREAM) સિટી

સુરતના હીરાઉદ્યોગના વેપારીઓ માટે શરૂ કરવામાં આવેલો મહત્વાકાંક્ષી ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ (DREAM) સિટી પ્રૉજેક્ટ પૂરજોશથી આગળ વધી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ ડ્રીમ સિટીના રૂ.૧૦૩.૪૦ કરોડનાં ખર્ચે તૈયાર થયેલા ફેઝ-૧ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે જ રૂ.૯.૫૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડ્રીમ સિટીના મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ, ડ્રીમ સિટીના ૬ માળની ગ્રીન ઑફિસ બિલ્ડિંગ, એમ્ફી થિયેટર, સ્ટોલ્સ અને વોક-વે એરિયા, તેમજ ફેઝ-૨ના કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

### 'ખોજ મ્યૂઝિયમ'નું ઉદ્દઘાટન

સુરત મહાનગરપાલિકાના નેતૃત્વ હેઠળ અને ગુજરાત સીએસઆર ઑથોરિટી (GCSRA)ના સંયુક્ત ઉપક્રમે તેમજ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ના CSR સમર્થનથી સુરતના સિટીલાઈટ રોડ સ્થિત સાયન્સ સેન્ટર સંકુલ ખાતે રૂ.૫૨ લાખના ખર્ચે 'ખોજ- વિજ્ઞાન + કળા + નવીનીકરણ મ્યૂઝિયમ' વિકસાવવામાં આવ્યું છે. વિજ્ઞાન, તબીબી ક્ષેત્ર, સંશોધન ક્ષેત્રના નવતર આયામો અંગે જિજ્ઞાસુઓને અહીં જ્ઞાન મળી રહેશે.

### નવા બાયોડાઇવર્સિટી પાર્કનું ખાતમુહૂર્ત

વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ અને પર્યાવરણની જાળવણી કરવાના ઉદ્દેશથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડૉ. હેડગેવાર બ્રિજથી ભીમરાડ-બમરોલી બ્રિજ સુધીના ભાગમાં કાંકરા ખાડી પાસે આશરે ૮૭.૫૦ હેક્ટર ખુલ્લી જગ્યામાં બાયોડાયવર્સિટી પાર્ક બનશે. જેમાં ૧૩ કિમી લાંબી વોકિંગ ટ્રેઈલ્સ, ચિલ્ડ્રન પ્લે એરિયા સહિત ૮૫ જાતની વિવિધ વનસ્પિતઓ તેમજ ૬ લાખ જેટલાં વિવિધ વૃક્ષો અને છોડવાંઓ વગેરે જેવી એમેનિટીઝ ઊભી કરાશે.



સુરતના આંગણે યોજાયેલા વિકાસ પર્વના અવસરે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દેશના તમામ પ્રદેશના લોકો સુરતમાં વસે છે અને વિવિધતામાં એકતાના દર્શન કરાવતું હોવાથી આ શહેર મિનિ હિન્દુસ્તાનની પ્રતીતિ કરાવે છે. શ્રમનું સન્માન કરવું એ સુરતની વિશેષતા છે અને અહીં ક્ષમતાની કદર થવા સાથે પ્રગતિની આકાંક્ષા પૂરી થાય છે અને જીવનમાં આગળ વધવાનાં સપનાં સાકાર થાય છે. વિકાસની રાહમાં પાછળ રહી ગયેલા વર્ગનો હાથ પકડી આ શહેર તેને આગળ લઈ જાય છે. સુરતની આ ભાવના આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણમાં મોટી તાકાત બનવાની છે. છેલ્લા બે દાયકામાં સુરત શહેરના થયેલા વિકાસથી દુનિયાના સૌથી ઝડપથી વિકસતા શહેરમાં સુરતનો સમાવેશ થાય છે. સુરતે દેશના અન્ય શહેરોની સાપેક્ષે બહુ જ ઝડપથી પ્રગતિ કરી છે તેની વડાપ્રધાનશ્રીએ પ્રશંસા કરી હતી.




સુરત શહેરની તાસીર અંગે વડાપ્રધાનશ્રીએ આગવી શૈલીમાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં રોગચાળો, પૂર જેવી કુદરતી આપત્તિનો સામનો કર્યો છે અને તે આપત્તિને અવસરમાં પલટાવી આ શહેર ફરી બેઠું થયું છે, સુરતે આ વિકાસ માટે બે દાયકા પહેલાં એક મોડેલ અપનાવ્યું હતું. આ મોડેલ એટલે PPP અને તેમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપની ચર્ચા થતી હતી. પરંતુ, આ ત્રણ Pમાં ચોથો પીપલ્સનો P અપનાવી વિકાસનું એક નવું મોડેલ દેશ સમક્ષ રજૂ કરી કોઇ પણ શહેરનું દરેક ક્ષેત્રમાં બ્રાન્ડિંગ કેવી રીતે થાય તે સુરતે કરી બતાવ્યું છે.

સુરતમા લોકાર્પણ કરવામાં આવેલા નવા ચાર્જિંગ સ્ટેશન અંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સુરતની અનેક પ્રકારની છબી આપણી સમક્ષ છે. સુરતનું જમણ પ્રસિદ્ધ છે. વિકાસની રાહ પર ચાલતા સુરતે હવે સેતુ શહેર તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી છે. તેની સાથે પહેલા ડાયમન્ડ સિટી, ગ્રીન સિટી, ટેક્સટાઇલ સિટી બાદ હવે ક્લિન સિટી અને સ્માર્ટ સિટી તરીકેની પહેચાન બનાવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ઇલેક્ટ્રિક વાહનના વપરાશને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું

### સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરનું લોકાર્પણ

આગ, વાવાઝોડું, ધરતીકંપ વગેરે જેવી કુદરતી આફતો દરમિયાન ઈમરજન્સી સેવાઓને મોનિટર કરી પરિસ્થિતિને પહોંચી વળવા અને તંત્ર સાથે સંકલન કરવા માટે, વિવિધ સેવાઓનું મોનિટરિંગ સેન્ટ્રલાઈઝ્ડ સેન્ટરથી કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના મગદલ્લા રોડ ખાતે 'સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર' બનાવવામાં આવ્યું છે. જેમાં ફાયર એન્ડ ઈમરજન્સી કંટ્રોલ રૂમ, પાલિકાનું કોલ સેન્ટર/હેલ્પલાઈન, પાલિકાની વિવિધ IT ને લગતી જરૂરિયાત માટેનું ડેટા સેન્ટર, પ્રેસ એન્ડ મીડિયા બ્રીફિંગ રૂમ, એક્ઝીક્યુટિવ મિટીંગ રૂમ, ટ્રાન્સપોર્ટ અને મોબિલિટી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ અને SMCની અન્ય સેવાઓ માટેનો કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.



છે. તેવા સમયે સુરત શહેરમાં ૨૫ ચાર્જિંગ સ્ટેશન શરૂ થયા છે. હજુ ૫૦૦ સ્ટેશન શરૂ કરાશે. સુરતમાં આગામી સમયમાં પબ્લિક ટ્રાન્સપોર્ટના ૮૦ ટકા વાહનો ઇલેક્ટ્રિક થશે. એટલે સુરત ઇલેક્ટ્રિક વ્હિકલ સિટી તરીકે પણ ઓળખાશે. સુરત શહેર માનવીયતા, રાષ્ટ્રીયતા અને સમૃદ્ધિના સંગમથી સૌને સાથે જોડવાનું કામ કરી રહ્યું છે.

સુરતના કાપડ અને હીરાઉદ્યોગથી અનેક પરિવારોને રોજગારી મળી રહી છે. હવે ડ્રિમસિટી પ્રૉજેક્ટ પૂર્ણ થતાં સુરત સમગ્ર વિશ્વમાં ડાયમન્ડ ટ્રેડ સેન્ટર તરીકે વિકસિત થશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. કેન્દ્ર સરકારે સુરતમાં પાવર લૂમ્સ મેગા ક્લસ્ટર બનાવવા માટેની મંજૂરી આપી છે. તેના પરિણામે પ્રદૂષણને લગતી સમસ્યાઓનું નિરાકરણ થશે અને વેપારીઓને લાભ થશે. તેની સાથે કેન્દ્ર સરકાર દ્વારા નવી રાષ્ટ્રીય લોજીસ્ટિક નીતિ જાહેર કરવામાં આવી છે. જેને પરિણામે સુરતના વ્યાપાર, કારોબારને વધુ ફાયદો થશે. મલ્ટિમોડેલ કનેક્ટિવિટીની ઘોઘા-હજીરા રો-રો પેક્સ ફેરીથી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધી છે. તેનાથી સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી જેવા વિસ્તારના કૃષિ અગ્રીમ વિસ્તારનું સુરત સાથે જોડાણ ટૂંકું થયું છે. જેમાં હજીરા ટર્મિનલ તૈયાર થવાથી વધુ રૂટ ખૂલશે અને કૃષિક્ષેત્રને ફાયદો થશે.

આ ડબલ એન્જિનની સરકારે સુરતમાં આધુનિક એરપોર્ટ સાથે મેટ્રો ટ્રેનનો પ્રૉજેક્ટ પણ આપ્યો છે. અમારી સરકાર લોક જરૂરિયાતને ધ્યાને રાખી વિવિધ પ્રૉજેક્ટને ઝડપથી મંજૂરી તો આપે જ છે, સાથે તે પ્રૉજેક્ટને જલદી પૂરા પણ કરાવે છે. વડાપ્રધાનશ્રીએ ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, નવરાત્રીના પાવન અવસરમાં ગુજરાતની ધરતી ઉપર આંતરમાળખાકીય સુવિધામાં વધારો કરતાં વિકાસકામો, ખેલ સંસ્કૃતિ અને આસ્થાથી જોડાયેલા આયોજનના કામોને પ્રજાર્પિત કરવામાં હિસ્સો બનવાનું અને ગુજરાતના ગૌરવને વધારવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ગુજરાતમાં વિકાસના લાભો ઘર ઘર સુધી પહોંચી રહ્યા છે, એ આનંદની વાત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું સપનું સાકાર કરવા ઇઝ ઓફ લિવિંગ માટે શહેરોના સર્વાંગી વિકાસની નેમ છે. સ્માર્ટ

### પાણી પુરવઠા યોજનાનું અપગ્રેડેશન કાર્ય

સુરત જિલ્લામાં બે તબક્કામાં રૂ. ૩૨૪.૬૬ કરોડના ખર્ચે બનનારી ચાર જેટલી મોટી પાણી પુરવઠા યોજનાઓના સુધારણાનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. ચારેય યોજનાઓના સુધારણા હેઠળનાં કામો થકી હાલની ૫.૩૩ લાખની વસ્તીની સામે ભવિષ્યની ૯ લાખની વસ્તીને ધ્યાને લેતાં જિલ્લાના માંડવી, માંગરોળ અને ઉમરપાડાના ૧૮૩ જેટલાં ગામોને પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે.


### ઈલેક્ટ્રિક વાહનો માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો(PCS)

સુરત પાલિકા દ્વારા શહેરમાં ૫૦ સ્થળોએ રૂ.૨૦.૭૮ કરોડના ખર્ચે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો (PCS) બનાવવાની યોજના હેઠળ શહેરમાં ૨૫ સ્ટેશનોનું ખાતમુહૂર્ત અને ૨૫ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું. ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારવા તેમજ ગ્રીન મોબિલિટી, ગ્રીન અને ક્લિન એન્વાયરમેન્ટના હેતુથી આ પ્રકલ્પને જનસમર્પિત કરાયો છે.

### નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં હોસ્ટેલ

સુરતની નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે રૂ.૬૩ કરોડના ખર્ચે બોયઝ હોસ્ટેલ અને રૂ.૬૦.૪૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ગર્લ્સ હોસ્ટેલના કાર્યનું ખાતમુહૂર્ત કરાયું હતું. કુલ ૧૨૩.૪૭ કરોડના ખર્ચે ૩૦૦ રૂમોની G+૧૧ માળની ૬૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા સાથેની U.G. બોયઝ હોસ્ટેલ અને ૩૦૦ રૂમોની G+૧૧ માળની ૬૦૦ વિદ્યાર્થિનીઓની ક્ષમતા સાથેની U.G. ગર્લ્સ હોસ્ટેલમાં નિવાસ કરી શકશે. આ બંને હોસ્ટેલ જીમ, કાફેટેરિયા, ડાઈનિંગ હોલ, બાઈક અને ફોર-વ્હિલર પાર્કિંગ, ગાર્ડન સહિતની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે.





સિટી, અમૃત પ્રોજેક્ટ અને સ્વચ્છ ભારત પ્રોજેક્ટ થકી ગુજરાતમાં શહેરોને આધુનિક અને વૈશ્વિક કક્ષાના બનાવવામાં આવી રહ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે જ્યારે પણ ગુજરાત આવે છે, ત્યારે ત્યારે વિકાસની ભેટ આપે છે. વડાપ્રધાનશ્રીના આગમનથી સુરતમાં દિવાળી જેવો માહોલ જામ્યો છે, તેવું સહર્ષ જણાવી મુખ્યમંત્રીશ્રીએ સુરતવાસીઓને અબજો રૂપિયાના વિવિધ વિકાસકામોની ભેટ મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગરીબો માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૮૦ કરોડ ગરીબોને નિઃશુલ્ક રાશન આપવાની યોજના વધુ સમય લંબાવવાના નિર્ણય બદલ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો હતો. ડબલ એન્જિનની સરકારનો લાભ ગુજરાતને મળી રહ્યો હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, "વર્ષ-૨૦૨૩ સુધીમાં સુરતમાં જાહેર પરિવહન સેવામાં ૮૦% ઇ-બસ શરૂ થશે". હજીરા રોપેક્સ ટર્મિનલ થકી કોમર્શિયલ હબ સુરતનું કૃષિ હબ સૌરાષ્ટ્ર સાથે ટૂંકું જોડાણ થતા વેપારજગત અને કૃષિક્ષેત્રને ફાયદો થશે.


બાયો ડાઈવર્સિટી પાર્કના નિર્માણથી જળપ્રદૂષણ અટકાવવાની સાથે સાથે ગ્રીન સિટીનો ઉદ્દેશ્ય પણ સાકાર થશે તેમ જણાવી તેમણે ક્લીન સિટી સુરતને ગ્રીન સિટી બનાવવાના લક્ષ્ય સાથે સરકાર સતત આગળ વધી રહી હોવાનું જણાવ્યું હતું. સુરત હોલિસ્ટિક વિકાસ સાથે મોડેલ સિટી બની રહ્યું છે. સુરત જિલ્લાનાં ૧૮૩ ગામોને ૪ પાણી પુરવઠા યોજનાની ભેટ મળી છે. ગુજરાતમાં નલ સે જલ યોજનામાં ૯૮ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આ યોજનાને ટૂંક સમયમાં સો ટકા પૂર્ણ કરવામાં આવશે.






સુરતને નવી ઓળખ આપનાર ડાયમંડ બુર્સ અને ડ્રીમ સિટી એ વડાપ્રધાનશ્રીનો દીર્ઘદ્રષ્ટિપૂર્ણ ડ્રીમ પ્રૉજેક્ટ છે. ખજોદ ખાતે આગળ વધી રહેલા ડાયમંડ બુર્સ પ્રૉજેક્ટના કારણે સુરતના હીરા ઉદ્યોગની ચમકદમક પણ વધી રહી છે, એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી વીનોદભાઈ મોરડિયા, સાંસદ શ્રી સી. આર.પાટીલ, સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં માનવમહેરામણ ઉપસ્થિત રહ્યો હતો. ●









## નવીનીકરણ પામેલા ચોકબજારના પ્રાચીન કિલ્લાનું લોકાર્પણ

સુરત શહેરના ચોક બજાર પાસે આવેલો કિલ્લો સુરતના ભવ્ય ઈતિહાસની સાક્ષી પૂરે છે. ચોકબજારમાં ૧૬મી સદીમાં બંધાયેલો પ્રાચીન અને ઐતિહાસિક કિલ્લો જર્જરિત થઈ જતા સુરત પાલિકા દ્વારા કુલ બે ફેઝમાં રિનોવેશનની કામગીરી-નવીનીકરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

## IIIT-ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીનું લોકાર્પણ

કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સુરતના કામરેજ તાલુકાના ખોલવડ ખાતે ૨૮ એકર વિસ્તારમાં રૂ.૧૨ કરોડના ખર્ચે નિર્મિત IIIT - ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીનું લોકાર્પણ કરવામાં આવ્યુ છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના અભ્યાસને વેગ આપવાના હેતુથી નિર્મિત IIIT દ્વારા વિદ્યાર્થીઓને સુરતમાં વૈશ્વિક કક્ષાનું આઈ.ટી.નું શિક્ષણ મળી રહેશે.

# ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાને
# રૂ.૬૫૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનો મળ્યો ઉપહાર

ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લાઓને રૂ.૬,૫૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ આપી રાજ્યની વિકાસ યાત્રાને નવું બળ આપ્યું હતું. સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક નગરી એવા ભાવનગરથી વડાપ્રધાનશ્રીએ ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાના વિવિધ વિકાસ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યાં હતાં. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે અને ભાવનગર પણ તેની સ્થાપનાનાં ૩૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. કરોડો રૂપિયાના પ્રૉજેક્ટના લોકાર્પણ અને શિલાન્યાસ થઇ રહ્યાં છે, જેનાં કારણે ભાવનગરની વિકાસયાત્રાને નવો વેગ મળશે અને ભાવનગરની ઓળખ વધુ સમૃદ્ધ થશે. આ પ્રૉજેક્ટમાં સમાવિષ્ટ સિંચાઇ યોજનાઓ ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો કરશે. અહીં બનેલા રિજિયોનલ સાયન્સ સેન્ટરના કારણે ભાવનગરની શિક્ષા અને સંસ્કૃતિના પાટનગર તરીકેની ઓળખને વધુ મજબૂતી મળશે.

વડાપ્રધાનશ્રીએ રાજ્યની વિકાસયાત્રા અંગે જણાવ્યું હતું કે, ગત બે અઢી દાયકામાં જે ગૂંજ વડોદરા, સુરત અને અમદાવાદની રહી છે તેવી ગૂંજ હવે ભાવનગર, રાજકોટ અને જામનગરની રહેવાની છે. સૌરાષ્ટ્રની સમૃદ્ધિ અંગેનો મારો આ વિશ્વાસ એટલા માટે પ્રગાઢ રહ્યો છે. કારણ કે અહીં ઉદ્યોગ, ખેતી અને પર્યટન એમ ત્રણેય ક્ષેત્ર માટે અભૂતપૂર્વ સંભાવનાઓ છે. આ કાર્યક્રમ આ જ દિશામાં ડબલ એન્જિન સરકારના પ્રયાસનો જીવતો જાગતો પુરાવો છે.

ભાવનગર એ દરિયાકાંઠો ધરાવતો જિલ્લો છે. ગુજરાત પાસે દેશનો સૌથી લાંબો દરિયાકાંઠો છે. પરંતુ આઝાદી બાદ દાયકાઓ સુધી દરિયાકાંઠાના વિકાસ પર ધ્યાન ન આપવાના કારણે આ વિશાળ સમુદ્રકિનારો લોકો માટે સૌથી મોટો પડકાર બની ગયો હતો સમુદ્રનું ખારું પાણી આ વિસ્તાર માટે અભિશાપ બની ગયું હતું અને દરિયાકાંઠે વસેલા ગ્રામ્ય વિસ્તાર ખાલી થઇ ગયા હતા અને લોકોએ સ્થળાંતર કરવું પડ્યું હતું અને તેમને તેમના ગુજરાન માટે વિકટ સ્થિતિનો સામનો કરવો પડતો હતો.

ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ CNG ટર્મિનલ અને બ્રાઉનફિલ્ડ પોર્ટનો શિલાન્યાસ કરાયો છે. આ બંદરને રૂ. ૪૦૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવશે અને તેમાં વિશ્વના પ્રથમ CNG ટર્મિનલ માટે અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે વિશ્વની ચોથી સૌથી મોટી લોક ગેટ સિસ્ટમ હશે. CNG ટર્મિનલ ઉપરાંત, બંદર ભવિષ્યની જરૂરિયાતો અને પ્રદેશમાં આગામી વિવિધ પ્રૉજેક્ટ્સની માંગને પણ પૂરી કરશે.

છેલ્લા બે દાયકામાં સરકારે રોજગારના અનેક અવસર ઊભા કર્યા છે. ગુજરાતમાં









અનેક બંદરોને વિકસિત કરવામાં આવ્યાં છે અને બંદરોનું આધુનિકીકરણ પણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આજે ત્રણ મોટા LNG ટર્મિનલ છે, પેટ્રોકેમિકલ હબ છે, આ ઉપરાંત ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે જ્યાં LNG ટર્મિનલ બનાવવામાં આવ્યું હતું.

રાજ્યના મત્સ્યોદ્યોગના વિકાસ અંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, માછીમાર ભાઈ-બહેનોની મદદ માટે ફિશીંગ હાર્બર તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં સમુદ્રકાંઠાના વિસ્તારોમાં મેન્ગ્રુવનાં જંગલોનો વિકાસ કરી કોસ્ટલ ઈકો સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવી છે. એક્વાકલ્ચરના વિકાસને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ગુજરાત દેશના એ અગ્રગણ્ય રાજ્યોમાંથી એક છે, જ્યાં સી વીડની ખેતી માટે ઘણા પ્રયાસો થયા છે. આજે ગુજરાતનો દરિયાકાંઠો દેશની આયાત-નિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વનો હિસ્સો બન્યો છે અને લાખો લોકોને રોજગારી આપી રહ્યો છે.

સોલાર પાવર પ્રોજેક્ટ અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતનો દરિયાકાંઠો અત્યારે પુનઃ પ્રાપ્ય ઊર્જાનો પર્યાય બનીને ઊભરી રહ્યો છે. સૌરાષ્ટ્રને ઊર્જાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બનાવવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત અને દેશની ઊર્જાની જરૂરિયાતો માટે આ વિસ્તાર મોટું હબ બન્યો છે. સૌર ઊર્જાના અનેક પ્રૉજેક્ટ પણ આ વિસ્તારમાં આકાર પામ્યા છે. પાલિતાણાના સોલાર પાવર પ્રૉજેક્ટના કારણે આ વિસ્તારના અનેક લોકોનેસસ્તી અને પૂરતી વીજળી મળશે.

ધોલેરામાં રિન્યુએબલ એનર્જી, સેઝ અને સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીમાં જે રોકાણ આવી રહ્યું છે તે ભાવનગર માટે પણ લાભદાયક પુરવાર થશે અને અમદાવાદ-ધોલેરા-ભાવનગર ક્ષેત્ર, વિકાસની નવી ઊંચાઈઓને પામશે. બંદર તરીકે ભાવનગરની અગત્ય વિશેની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ભાવનગરનો પોર્ટ લેક ડેવલપમેન્ટમાં અગત્યના કેન્દ્ર તરીકે વિકાસ કરી તેને દેશનાં અલગ-અલગ ઔદ્યોગિક ક્ષેત્રો સાથે મલ્ટિ મોડેલ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે. પીએમ ગતિ શક્તિ સહિતની યોજનાઓ ભાવનગરની કનેક્ટિવિટીની યોજનાઓને નવું બળ આપશે. જેના પરિણામે ભાવનગરનું આ પોર્ટ આત્મનિર્ભર ભારતના નિર્માણમાં અગ્રેસર ભૂમિકા ભજવશે.

રોજગારના અનેક અવસર ઊભા કરવાની દિશામાં ભાવનગરની ભૂમિકા અને સંભાવનાઓ વિશે વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આ બંદર ગાડીઓના સ્ક્રેપિંગ, કન્ટેઈનરનું ઉત્પાદન, ધોલેરા સર જેવા મોટા પ્રૉજેક્ટની જરૂરિયાતોને પૂરા કરશે. શિપ બ્રેકિંગ યાર્ડ તરીકે વિશ્વભરમાં નામના મેળવનાર અલંગને દેશમાં લાગુ થનારી વ્હીકલ સ્ક્રેપિંગ પોલિસીનો સૌથી વધુ લાભ થશે અને જહાજો ઉપરાંત નાનાં વાહનોના



## લોકાર્પણ

### સૌની યોજનાના લિંક-૨, પેકેજ-૭નું લોકાર્પણ

સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ (સૌની) યોજનાના લિંક-૨, પેકેજ-૭ના રૂ.૪૦૨ કરોડનાં કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ યોજનામાં ભાવનગર જિલ્લાનાં રોજકી, માલણ અને માલણ ટી આર અને અમરેલી જિલ્લાનાં રાયડી અને ધાતરવાડી ૧-૨ જળાશયોનો સમાવેશ થશે.

### સોલાર પ્રોજેક્ટ

પાલિતાણામાં રૂ. ૧૧૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨૫ મેગાવોટના સોલાર પ્રૉજેક્ટથી પ્રદૂષણરહિત વીજ ઉત્પાદન અને ખેડૂતોને દિવસે વીજપુરવઠો પૂરો પાડવાની પરિકલ્પના સાકાર થશે.

### ભાવનગર ST બસ સ્ટેશન

ધોલેરા સર, અલંગ શીપ બ્રેકિંગ યાર્ડ, કન્ટેઇનર નિર્માણ જેવા ઉદ્યોગોને કારણે ભાવનગર જિલ્લામાં યાતયાતમાં વધારો થશે. રૂ.૧૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલું આ બસ પોર્ટ પ્રવાસીઓની સુવિધામાં વધારો કરશે.

### રિજિયોનલ સાયન્સ સેન્ટર, ભાવનગર

ભાવનગરમાં રૂ.૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલું આ સેન્ટર યુનિવર્સિટીઓ, ટેકનિકલ સંસ્થાઓ, સંગ્રહાલય, શાળાઓ જેવા વિવિધ સંસ્થાનો માટે વધુ ફળદાયી બનશે.

### કન્ટેઇનર મેન્યુફેક્ચરીંગ

ભાવનગરના નવાગામમાં રૂ. ૭૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા કન્ટેઇનર મેન્યુફેક્ચરિંગ યુનિટથી કૌશલ્યવાન યુવાનોને સ્થાનિક સ્તરે તેમના કૌશલ્યને અનુકૂળ રોજગાર મળશે.

### અન્ય વિકાસકામો

આ ઉપરાંત રૂ. ૫૮ કરોડના ખર્ચે યુ.જી.ડી. બોટાદ ફેઝ-૧ અને ૨, રૂ. ૪૩ કરોડના ખર્ચે ૩૨ એમ.એલ.ડી., એસ.ટી.પી., બોટાદ, રૂ.૧૦ કરોડના ખર્ચે મોડેલ સ્કૂલ-તળાજા, રૂ. ૩૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા સરકારી કન્યા છાત્રાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ●



સ્ક્રેપિંગ હબ તરીકે પણ તેનો વિકાસ કરવામાં આવશે. દુનિયા આજે કન્ટેઇનરોના વિશ્વાસપાત્ર સપ્લાયરની શોધમાં છે ત્યારે ભાવનગર તેના ઉદ્યોગ સાહસિકો અને વ્યૂહાત્મક લોકેશનની મદદથી આ ભૂમિકા સુપેરે ભજવી શકે છે. છેલ્લા બે દાયકામાં સૌરાષ્ટ્ર અને ગુજરાતભરની પરિવહન સેવાઓમાં થયેલા અદ્દભુત વિકાસની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યુ હતું કે, ઘોઘા-દહેજ ફેરી તેમજ ઘોઘા-હજીરા રો-રો ફેરી સર્વિસ સહિતના નવા પ્રકલ્પોના કારણે સૌરાષ્ટ્રથી સુરતનું અંતર ૪૦૦ કિમીથી ઘટીને ૧૦૦ કિમી થયું છે. આ સેવાઓના કારણે વાર્ષિક ૪૦ લાખ લિટરથી વધુ ઈંધણની બચત થાય છે અને ત્રણ લાખથી વધુ લોકો તેનો લાભ મેળવે છે. સૌરાષ્ટ્રની ગુજરાતના અન્ય ભાગો સાથેની કનેક્ટિવિટીમાં પણ અભૂતપૂર્વ સુધારો થયો છે.

વડાપ્રધાનશ્રીએ સત્તાને સેવાનું માધ્યમ ગણાવતાં જણાવ્યું હતું કે, અમારી પ્રેરણા અને લક્ષ્ય ક્યારેય સત્તાસુખ નથી રહ્યાં. ભાવનગર સહિત સૌરાષ્ટ્રના વિકાસના રોડમેપ વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે આ વિસ્તારમાં માત્ર પરિવહન સેવાઓ જ નહીં, પરંતુ પ્રવાસનને પણ ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. રાજ્યના તટીય ક્ષેત્રોની આગવી સામુદ્રિક વિરાસતને જાળવી રાખીને આ વિસ્તારોમાં પ્રવાસનનો વિકાસ કરવાનો ઉદ્યમ સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. દુનિયાનાં સૌથી પ્રાચીન બંદરો પૈકીના એક એવા લોથલ ખાતે મેરીટાઇમ મ્યૂઝિયમ બનવા જઈ રહ્યું છે તેવો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આ મેરિટાઇમ મ્યૂઝિયમ વિશ્વભરમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવી જ પોતાની આગવી ઓળખ ઊભી કરશે અને રાજ્યની સાંસ્કૃતિક ઓળખને વધુ સમૃદ્ધ બનાવશે.

સરકારના પ્રયાસોથી સૌરાષ્ટ્રના ખેડૂતો અને માછીમારોના જીવનમાં છેલ્લા બે દાયકામાં આવેલા પરિવર્તનની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, અગાઉ જાણકારીના અભાવે માછીમારોનું જીવન જોખમમાં મુકાતું હતું જેને ધ્યાનમાં લઈ સરકારે દુર્ઘટના સમયે કોસ્ટ ગાર્ડની સહાયતા મેળવવામાં મદદરૂપ થતી બાસ્કેટ ઉપલબ્ધ કરાવવા સહિતના પગલાં લીધાં હતાં. સરકારે માછીમારોના લાભાર્થે હોડીઓને આધુનિક બનાવવા માટે સબસિડી, ખેડૂતોની જેમ કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ આપવા સહિતનાં પગલાં લઈ વિકાસની મુખ્ય ધારામાં જોડ્યા છે.

સૌની યોજના થકી નર્મદા મૈયાનાં નીર સૌરાષ્ટ્રમાં પહોંચાડવામાં આવ્યાં છે. આ વિકાસ કાર્યો થકી સરકાર દ્વારા વચન પાળી બતાવવામાં આવ્યાં, રાજ્યમાં અવિરત વિકાસ યાત્રા ચાલે છે. સૌરાષ્ટ્રના મહુવા, ગારિયાધાર, ખાંભા, અમરેલી, જૂનાગઢ, પોરબંદર સહિતના વિસ્તારોમાં ઔદ્યોગિક સહિતના વિકાસ માટે ડબલ એન્જિન સરકાર કાર્યરત છે. વિવિધ યોજનાઓ થકી સરકાર સંસાધન પૂરાં પાડી રહી છે અને તેના ઉપયોગ થકી ગરીબ માણસ રોજગારી મેળવી ગરીબી નિર્મૂલન માટે



## વડાપ્રધાનને ઘઉંમાંથી બનાવેલા ચિત્રની ભેટ

*ભાવનગર મુલાકાત દરમિયાન શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને લોક-૧ ઘઉના દાણામાંથી બનાવેલ ચિત્ર અર્પણ કર્યું હતું. વિશ્વ પ્રસિદ્ધ નોબેલ પુરસ્કૃત ડૉ. નોર્મલ બૉરલોએ જેને વિશ્વના સૌથી મોટી સાઈઝના ઘઉનું બિરુદ આપેલુ છે તેવાં ગુજરાતની લોકભારતી સંસ્થા દ્વારા સંશોધિત પ્રાકૃતિક લોક-૧ ઘઉની જાતના દાણામાંથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ચિત્ર બનાવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકભારતી ભારતની એક માત્ર એવી સંસ્થા છે, જેણે ઘઉની લોક-૧ જાતનું સંશોધન કર્યું છે. વર્ષ ૧૯૮૧થી ભારતની ઘઉની તમામ જાતોમાં આ જાત સર્વશ્રેષ્ઠ છે. આ એકમાત્ર જાત એવી છે કે, જે છેલ્લાં ૪૦ વર્ષથી ટકેલી છે તેમજ હજુ પણ અસ્તિત્વ ધરાવે છે.*

મહેનત કરી રહ્યો છે. ગરીબ નાગરિકોના આશીર્વાદ એ વિશ્વાસ અને ઊર્જાના સ્રોત સમાન છે. આ યોજનાઓ ભાવનગરની યુવા પેઢીનું ભાવિ નિશ્ચિત કરનારી છે. ભાવનગરમાં અમલી થતી આ યોજનાઓ સૌરાષ્ટ્ર, ગુજરાત અને ભારતના નિર્માણમાં ઉપયોગી થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દરિયાકાંઠો ધરાવતો ભાવનગર જિલ્લો ઉદ્યોગ, આયાત અને નિકાસ માટે મોકાનું સ્થાન ધરાવે છે. રાજવી કૃષ્ણકુમારસિંહજીએ બ્રાઝિલને ગાય ભેટમાં આપી વિશ્વમાં ભાવનગરનું નામ ઉજાગર કર્યુ હતું, તેવી જ રીતે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૪૦૨૪ કરોડના ખર્ચે નિર્માણ થનાર વિશ્વનું સૌ પ્રથમ CNG ટર્મિનલ એક નવું સીમાચીહ્ન બનશે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ભાવનગર જિલ્લાના નવા મોઢિયા ખાતે રૂ. ૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર આ વિસ્તારમાં GIDC ઔદ્યોગિક વિકાસ સાથે યુવા રોજગારીનું સક્ષમ માધ્યમ બનશે.

જળ વ્યવસ્થાપનના રાજ્યવ્યાપી નેટવર્કને વધુ મજબૂત કરવા સૌની યોજના લિંક અને જૂથ પાણી પુરવઠા પ્રૉજેકટના રૂ.૨,૦૪૭ કરોડનાં કામનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં છે. રાજ્યમાં સર્વવ્યાપી જળ વ્યવસ્થાપનનાં કાર્યો થયા છે. ભાવનગર ખાતેના સોલાર પાર્કની ભેટ આપી રહ્યા છે. અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી સહિતના વિસ્તાર પર ભાર આપવામાં આવ્યો છે. આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સ્પીડ અને સ્કેલ સાથે વિકાસ કામો કરી રહ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, મંત્રી સર્વ શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, કિરીટસિંહ રાણા, ઋષિકેશભાઇ પટેલ, આર.સી. મકવાણા, સાંસદ શ્રી સી. આર.પાટીલ, ધારાસભ્યશ્રીઓ સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ખાતમુહૂર્ત

### CNG ટર્મિનલ, નવાબંદર

નવાબંદરમાં રૂ. ૪૦૨૪ કરોડના ખર્ચથી દેશનું અત્યાધુનિક CNG ટર્મિનલ નિર્માણ પામશે. વાહનો માટે સસ્તુ ઈંધણ ઘર આંગણે જ ઉપલબ્ધ બનશે તેમજ વિશ્વ જયારે 'ક્લાઈમેટ ચેન્જ' સામે ઝઝૂમી રહ્યું છે તેમાં આ CNG પોર્ટથી મોટો ફાયદો થશે.

### ઢાંકી-નાવડા બલ્ક પાઇપલાઇન

આ પ્રોજેક્ટથી ભાવનગરનાં ૧૧ શહેરો-૩૧૦ ગામો, ગીર સોમનાથનાં ૭ શહેરો-૧૩૪ ગામો, અમરેલીનાં ૧૨ શહેરો- ૬૪૩ ગામો, બોટાદનાં ૫ શહેરો-૧૮૮ ગામો, જૂનાગઢના ૭ શહેરો-૨૧૫ ગામો, રાજકોટનાં ૭ શહેરો-૨૦૫ ગામો અને પોરબંદરનાં ૭ શહેરો-૧૧૫ ગામો એમ સૌરાષ્ટ્રનાં કુલ ૭ જિલ્લાનાં કુલ ૫૬ શહેરો અને ૧૮૮૦ ગામોને લાભ થશે.

### GIDC, નવા માઢિયા

ભાવનગર ખાતે ગ્રામ્ય વિસ્તારમાં મોટા વિસ્તારની ઔદ્યોગિક વસાહતની સ્થાપના થવાથી ૫૦૦૦ જેટલા કામદારોને રોજગારીની તકો ઉપલબ્ધ બનશે,

### સૌની યોજના, લિંક-૨, પેકેજ-૯

આ યોજનાથી સાવરકુંડલા અને ધારી તાલુકાના ૨૬,૬૦૦ એકર વિસ્તારમાં સિંચાઈ વ્યવસ્થા સુદ્રઢ બનશે અને ૪૭ હજારથી વધુ લોકોને ફાયદો થશે.

### અન્ય ખાતમુહૂર્ત

આ ઉપરાંત રૂ.૧૧૪ કરોડના ખર્ચે ગઢડા ઓગમેન્ટેશન યોજના ભાગ-૨, રૂ.107 કરોડના ખર્ચે AUG ઓફ બોટાદ RWSS વિભાગ-૨, રૂ. ૪૯ કરોડના ખર્ચે બાબરા જૂથ પાણીપુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કરાયું હતું. તેમજ ઈશ્વરીયા વિકાસ વૃદ્ધિ, ઓગમેન્ટેશન ઓફ બુધેલ ઝોન ફેઝ-૨, અકવાડા તળાવ, ભાગ-૨, અમૃત યોજના અંતર્ગત વિવિધ કામો, એસ.ટી. વિભાગીય કચેરી, ભાવનગર વગેરે પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ●

## ગુજરાતની વિકાસયાત્રાના નવા આયામ

# વંદે ભારત એક્સપ્રેસ અને અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ લોકાર્પિત



ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને પરિપૂર્ણ કરવા સમગ્ર દેશ એકજૂટતાથી કાર્ય કરી રહ્યો છે, જેનાં સુફળ પણ મળી રહ્યાં છે. આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાને સાકાર કરવાનું સાક્ષી તાજેતરમાં ગુજરાત બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશી સેમી હાઈ સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસને ગાંધીનગર કેપિટલ રેલવેસ્ટેશનથી પ્રારંભ કરાવી અમદાવાદ સુધી મુસાફરી કરી હતી. ત્યારબાદ અમદાવાદ મેટ્રો રેલ પ્રૉજેક્ટ ફેઝ -૧નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતને વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ભેટ અને અમદાવાદ મેટ્રો રેલ પ્રૉજેક્ટ ફેઝ -૧નું લોકાર્પણ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીના આધુનિક ભારત, અર્બન કનેક્ટિવિટી અને આત્મનિર્ભર ભારત માટે ઐતિહાસિક દિવસ છે. દેશની ત્રીજી અને ગુજરાતની પહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પ્રવાસીઓ માટે ઉપલબ્ધ બની છે. વંદે ભારત ટ્રેનમાં મેં ઝડપી ગતિની મુસાફરીની ગૌરવપૂર્ણ ક્ષણોનો અહેસાસ કર્યો. દેશમાં આગામી સમયમાં આવી ૭૫ વંદે ભારત ટ્રેન દોડવાની છે. ગાંધીનગરનું રેલવે સ્ટેશન વિશ્વના કોઈ પણ એરપોર્ટ કરતાં પણ ચડિયાતું છે. અમદાવાદના રેલવે સ્ટેશનને આધુનિક બનાવવાના પ્રૉજેક્ટને કેન્દ્રની મંજૂરી મળી ચૂકી છે. ગુજરાતને ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યા હોવાનું જણાવતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, માત્ર કનેક્ટિવિટી જ નહિ, મૂળભૂત સુવિધાઓના વિકાસથી માંડીને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સરકાર પ્રયાસરત છે. ટ્વિન સિટીનું ઉત્તમ ઉદાહરણ અમદાવાદ-ગાંધીનગર છે. આગામી સમયમાં ગુજરાતમાં અને ભારતમાં અનેક ટ્વિન સિટીનું નિર્માણ કરવાનું આયોજન છે. આ ઉપરાંત ગ્લોબલ બિઝનેસને સપોર્ટ કરે એવા ગિફ્ટ સિટી જેવા મોર્ડન સિટીનો વિકાસ પણ કરવામાં આવી રહ્યો છે. સમગ્ર દેશ આજે ગિફ્ટ સિટીનો વિકાસ જોઈને પ્રશંસા કરે છે. ગિફ્ટ સિટી હજારો લોકોને રોજગારી આપનાર કેન્દ્ર બની ગયું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદના નાગરિકો માટે આનંદનો અવસર છે. નવરાત્રિના દિવસો અમદાવાદ અને સમગ્ર ગુજરાત માટે ગરબાના ઉમંગ સાથે આધુનિક પરિવહન સેવાની શરૂઆતના નવા રંગો લઈને આવ્યા છે. ગુજરાતનું સૌભાગ્ય છે કે આવા આધુનિક વિકાસના આયામો અને વૈશ્વિક શહેરી

### 'વંદે ભારત એક્સપ્રેસ'ની વિશેષતા

વડાપ્રધાનશ્રીના 'મેક ઇન ઇન્ડિયા'ના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આ ટ્રેન તૈયાર કરવામાં આવી છે. ગુજરાતમાં શરૂ થયેલી વંદે ભારત




ટ્રેનને પહેલી વખત 'KAVACH' (ટ્રેન કોલાઈઝન અવોઈડન્સ સિસ્ટમ) ટેક્નીકથી લોન્ચ કરાઈ છે. આ ટેક્નીકથી બે ટ્રેનની સામસામે થનારી અથડામણ જેવી દુર્ઘટનાઓને અટકાવી શકાશે. આ સ્વદેશી સેમી-હાઈ સ્પીડ ટ્રેન ૦ થી ૧૦૦ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપ માત્ર બાવન સેકન્ડમાં પ્રાપ્ત કરી લે છે. આ ટ્રેનમાં મુસાફરો માટે અનેક સુવિધાઓ છે. માત્ર રૂ.૧૦૦ કરોડના ખર્ચે બનનારી આ ટ્રેન આયાતી ટ્રેન કરતાં લગભગ અડધા ખર્ચે તૈયાર થાય છે.

### અમદાવાદ મેટ્રોની ખાસિયત



૨૩ મેટ્રો સ્ટેશનોને સાંકળતા ૩૨ કિલોમીટરની વિશાળ લંબાઈ સાથેનો મેટ્રો ટ્રેક સિંગલ ટ્રીપ માટે શહેરનો સૌથી લાંબો ટ્રેક બનશે. મેટ્રો ટ્રેન શહેરના અનેક જાહેર પરિવહનની વધુ જરૂરિયાતવાળા વિસ્તારોમાંથી પસાર થશે. આવા વિસ્તારોમાં મુખ્યત્વે સમાજના ગરીબ પરિવાર વધુ વસતા હોય છે જેમના માટે સસ્તા દરે અને ઓછા સમયમાં જાહેર પરિવહન ઉપલબ્ધ બનશે. મલ્ટિ મોડેલ ઇન્ટિગ્રેશનને સાર્થક કરતાં સાબરમતી, એ.ઈ.સી, પાલડી, કાલુપુર, ગાંધીગ્રામ, રાણીપ જેવાં મેટ્રો સ્ટેશન પર ઈ-રિક્ષાની સુવિધાના આયોજન સાથે જ BRTS, AMTS, બ્રોડગેજ/મીટરગેજ ટ્રેક, બુલેટ ટ્રેન અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ સાથેનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

વિકાસની દિશા આપણા લોકલાડીલા વિકાસપુરુષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૃષ્ટિથી મળ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિ અને વિકાસની રાજનીતિના સમન્વયથી દેશના હોલિસ્ટિક ડેવલપમેન્ટનો નવો જ ઈતિહાસ રચ્યો છે.




અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીની દૂરદર્શી અને માર્ગદર્શનમાં ભારતીય રેલવેના દરેક પાસામાં પરિવર્તન આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત મેટ્રો કવરેજની લંબાઈમાં ચોથા સ્થાને છે. આજે આપણે આ સ્થાન સાથે જાપાનથી આગળ નીકળી ગયા છીએ. આગામી ૧-૨ વર્ષોમાં ૯૮૨ કિ.મી.નું નિર્માણધીન મેટ્રો નેટવર્ક પણ ઉદ્ઘાટન માટે તૈયાર હશે. તેની શરૂઆત થતાં ભારત મેટ્રો નેટવર્કના વિસ્તારમાં સાઉથ કોરિયા અને અમેરિકાથી આગળ નીકળીને બીજા સ્થાને પહોંચશે.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરી, કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, સાંસદ શ્રી સી.આર.પાટીલ તેમજ સ્થાનિક સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં અમદાવાદના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.●

### અમદાવાદના જીએમડીસી મેદાન ખાતે

# વડાપ્રધાનશ્રીએ મહાઆરતી કરી મા શક્તિના આશીર્વાદ મેળવ્યા






મા શક્તિની ભક્તિ અને આરાધનાના મહાપર્વે અમદાવાદના જીએમડીસી મેદાનમાં વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવમાં ઉપસ્થિત રહી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મા શક્તિ'ની મહાઆરતી કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ જોડાયા હતા.

વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં શરૂ કરવામાં આવેલા વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવથી ગુજરાતના આ મહોત્સવને સમગ્ર વિશ્વમાં વિશેષ ઓળખ મળી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વડાપ્રધાનશ્રીને મા અંબાનું શ્રીયંત્ર ભેટ આપવામાં આવ્યું હતું.

મહાઆરતી અવસરે રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી સી.આર. પાટીલ તેમજ અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ●



## એકતાનગરમાં પર્યાવરણમંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ યોજાઇ

# રાજ્યોને સર્ક્યુલર ઇકોનોમીને પ્રોત્સાહન આપવાની અપીલ કરતા PM





ગુજરાતનાં એકતાનગરમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી. આ બે દિવસીય પરિષદનું વડાપ્રધાનશ્રીએ વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. સંમેલનના પ્રારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે વકતવ્ય આપ્યું હતું.

રાષ્ટ્રીય પરિષદમાં રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીઓ, સંબંધિત રાજ્ય સચિવો તેમજ રાજ્ય પીસીબી/પીસીસીના ચેરમેનો તેમજ પીસીસીએફએ પણ ભાગ લીધો હતો.

વડાપ્રધાનશ્રીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારત અક્ષય ઊર્જાના ક્ષેત્રમાં માત્ર મોટી હરણફાળ ભરી રહ્યું છે એટલું જ નહીં, સાથે દુનિયાના અન્ય દેશોને માર્ગદર્શન પણ આપી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને તે સતત તેની ઈકોલોજીને પણ મજબૂત કરી રહ્યું છે.

વર્ષ 2070 માટે ચોખ્ખા શૂન્ય- નેટ ઝીરો લક્ષ્યાંક તરફ દરેકનું ધ્યાન દોરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દેશનું ધ્યાન ગ્રીન ગ્રોથ અને ગ્રીન જૉબ્સ પર કેન્દ્રિત છે. તેમણે આ લક્ષ્યાંકો હાંસલ કરવામાં રાજ્યોનાં પર્યાવરણ મંત્રાલયોની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, "હું તમામ પર્યાવરણમંત્રીઓને વિનંતી કરું છું કે, તેઓ રાજ્યોમાં શક્ય હોય તેટલું સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપે." શ્રી મોદીએ પોતાનાં નિવેદનની સાથે સાથે એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે, એનાથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અભિયાન નોંધપાત્ર રીતે મજબૂત થશે અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં દૂષણમાંથી પણ આપણને મુક્તિ મળશે.

પર્યાવરણ મંત્રાલયોની ભૂમિકાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આ ભૂમિકાને નિયમનકારી ભૂમિકામાં ન જોવી જોઈએ. તેમણે એ હકીકત પર દુઃખ વ્યક્ત કર્યું હતું કે, લાંબા સમય સુધી પર્યાવરણ મંત્રાલયોએ નિયમનકાર તરીકે તેમની ભૂમિકા વધારે અદા કરી હતી. વડાપ્રધાનશ્રીએ કહ્યું, "મને લાગે છે કે પર્યાવરણ મંત્રાલયની ભૂમિકા નિયમનકાર તરીકે કરતાં પર્યાવરણના પ્રમોટર તરીકે વધુ છે." તેમણે રાજ્યોને વ્હિકલ સ્ક્રેપિંગ નીતિ અને ઈથેનોલ મિશ્રણ જેવાં જૈવિક-બળતણનાં પગલાં જેવી પહેલને અપનાવી લેવા અને તેને જમીન પર મજબૂત બનાવવામાં મદદ કરવા જણાવ્યું હતું. તેમણે આ પગલાંને પ્રોત્સાહન આપવા રાજ્યો વચ્ચે સ્વસ્થ સ્પર્ધા તેમજ સહયોગ માટે જણાવ્યું હતું.

કેવડિયા, એકતાનગરમાં શીખવાની તકો તરફ આંગળી ચીંધીને વડાપ્રધાનશ્રીએ ઈકોલોજી અને અર્થતંત્રનો એક સાથે વિકાસ, પર્યાવરણને મજબૂત કરવા અને રોજગારીની નવી તકોનું સર્જન કરવા, જૈવ-વિવિધતા ઈકો-ટૂરિઝમ વધારવા માટેનું માધ્યમ બનવા અને આપણા આદિવાસી ભાઈઓ અને બહેનોની સંપત્તિ સાથે જંગલની સંપત્તિ કેવી રીતે વધે છે તેનું સમાધાન કરવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, સરદાર પટેલની પ્રતિમા સમક્ષ દેશના પર્યાવરણીય વિકાસની વિશેષ કળા અને સ્થાપત્યની સાથે વિકાસની આ ફિલોસોફીને જોઇને તમામ મંત્રીઓ અને અધિકારીઓ વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે કે, આ ચોક્કસપણે શ્રેષ્ઠ ભારત છે.

શ્રી યાદવે ઉલ્લેખ કર્યો હતો કે, વડાપ્રધાનશ્રીએ ગ્લાસગોમાં સંપૂર્ણ દુનિયાને મિશન લાઈફનું વિઝન આપ્યું હતું. રાષ્ટ્રીય કાર્ય યોજના અને રાજ્ય એક્શન પ્લાનની સાથે નીતિ આયોગના કાર્યકારી અધિકારીઓ દ્વારા મિશન લાઈફના સત્ર પર ચર્ચાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સમાપન સત્રને સંબોધતા મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, વ્યક્તિ સમુદ્રમાં એક ટીપાં જેવી હોય છે અને તેની ટીમ પોતે જ એક મહાસાગર જેવી હોય છે, જેમાં વિશાળ શક્તિ અને તાકાત હોય છે. તેમણે ઉમેર્યું હતું કે, આ ટીમ ઈન્ડિયાનો જુસ્સો છે, જે આપણને આગળ લઈ જશે. ●

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે રૂ.૧૦૦૦ કરોડના પ્રકલ્પો જનસમર્પિત

# ઊર્ધ્વગામી પ્રગતિનું પથદર્શક ગુજરાત




દેશની પશ્ચિમ દિશામાં આવેલું ગુજરાત દેશના વિકાસના પાયામાં રહેલું છે. ગુજરાત રાજ્ય બન્યું ત્યારે સીમિત સંસાધનો હતાં. તેમ છતાં પ્રજાના પ્રતિનિધિઓની દૂરંદેશિતા અને પ્રજાના સહકારથી તમામ ક્ષેત્રે વિકાસ સાધ્યો છે. ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં કૃષિ અને ઉદ્યોગનો વિકાસ એક સમાન થઈ રહ્યો છે. વર્તમાન સરકાર ગરીબ- વંચિત, પીડિત, શોષિત, શ્રમિક, કામદાર સૌના કલ્યાણની ભાવના સાથે વિકાસકાર્યો કરી રહી છે. જેની સાબિતી ભૂમિપૂજન થયેલી સાણંદ તથા કલોલ ઈ.એસ.આઈ.સી. હોસ્પિટલ્સ છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભાના પોતાના પ્રવાસ દરમિયાન સ્વાસ્થ્ય, માળખાકીય સુવિધા સહિત જનસુખાકારીનાં કાર્યોના રૂ.૧૧૦૦ કરોડના પ્રકલ્પોની ભેટ આપી છે.

સાણંદની ગણના ઔદ્યોગિક નગરીમાં થવા લાગી છે. અહીં આવેલા સેંકડો ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કર્મચારી-કામદારોના સ્વાસ્થ્યની રાજ્ય સરકારે ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે રૂ. ૫૦૦ કરોડના ખર્ચે બનનારી ૩૫૦ બેડની ઈ.એસ.આઈ.સી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ હોસ્પિટલને ભવિષ્યમાં ૫૦૦ બેડની પણ કરવામાં આવશે. આમ, રૂ.૭૫૦ કરોડના ખર્ચે તૈયાર થનારી આ હોસ્પિટલથી સાણંદ અને આસપાસનાં શ્રમજીવી ભાઈ-બહેનો, કર્મચારીઓ અને તેમના પરિવારોને સ્વાસ્થ્ય સેવાઓનો લાભ મળશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે કેન્દ્રીયમંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ પણ સહભાગી થયા હતા. મેડિકલ ક્ષેત્રના વિકાસની વાત કરતાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં દેશમાં માત્ર ૩૮૭ મેડિકલ કૉલેજ હતી. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ૫૯૬ મેડિકલ કૉલેજ કાર્યરત બની છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, ભારત સરકારનો નિર્ધાર છે કે, કોઈ પણ વ્યકિત સ્વાસ્થ્યની સુવિધાઓથી વંચિત ન રહેવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, આજે ઈ.એસ.આઈ.સીના ૧૨.૫૦ કરોડ જેટલા લાભાર્થી છે. તથા દેશના ૫૯૮ જિલ્લામાં આ હોસ્પિટલ કાર્યરત છે. આગામી સમયમાં દેશના દરેક જિલ્લામાં આ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવશે.

આ અવસરે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઈ. એસ.આઈ.સી હોસ્પિટલ સાણંદ તથા તેની આસપાસના ૧૨ લાખ જેટલા કર્મચારીઓ અને તેમના પરિવારોને આ અત્યાધુનિક હોસ્પિટલોની સુવિધા મળશે. આ સમારોહમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી રામેશ્વર તેલી, રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, રાજ્ય આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સાણંદની સાથોસાથ આગામી બે વર્ષમાં કલોલ વિસ્તારમાં એકસાથે બે હોસ્પિટલના નિર્માણથી આરોગ્ય સુખાકારી તથા વિદ્યાર્થીઓને ઘરઆંગણે અભ્યાસની વિશાળ તકો ઉપલબ્ધ બનશે. કલોલ અને તેની આસપાસના વિસ્તારના નાગરિકો માટે ૯૦૦ બેડની હોસ્પિટલની સુવિધા ઉપલબ્ધ થશે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં કલોલમાં કામદાર વીમા યોજના અંતર્ગત ૧૫૦ બેડની આધુનિક હોસ્પિટલનો શિલાન્યાસ તથા ઉમિયા માતા કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ૭૫૦ બેડની આદર્શ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલનું ભૂમિપૂજન કર્યું હતું. આ હોસ્પિટલના નિર્માણ સાથે કલોલ તથા ઉત્તર ગુજરાતના દર્દીઓને આરોગ્યની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે તેમજ મેડિકલના વિદ્યાર્થીઓને ઘરઆંગણે અભ્યાસની યોગ્ય તક પ્રાપ્ત થશે.

કલોલ તથા આસપાસના વિસ્તારના નાગરિકો-કામદારો માટે આરોગ્યની સુખાકારીની ભેટ આપવાનાં પ્રસંગે ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, કામદાર વીમા યોજના હેઠળ નિર્માણ પામનારી 150 બેડની સંપૂર્ણ આધુનિક હોસ્પિટલથી કલોલ, કડી અને છત્રાલ તથા આસપાસના વિસ્તારોમાં કામ કરતાં શ્રમિક અને કામદાર ભાઈઓને ઘરઆંગણે સારી મેડિકલ સેવાઓનો લાભ મળશે. એટલું જ નહીં, કલોલ શહેર અને તાલુકાના સૌ નાગરિકોને પણ આ હોસ્પિટલની સેવાઓનો લાભ મળશે.

કલોલમાં નિર્માણ પામનારી ૭૫૦ બેડની

આદર્શ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૩૫% જેટલા ગરીબ દર્દીઓને નિશુલ્ક સારવાર આપવાના સંકલ્પને શ્રી શાહે બિરદાવ્યો હતો. આ હોસ્પિટલમાં આયુષ્માન ભારત યોજના અંતર્ગત રજિસ્ટર્ડ થયેલા તમામ નાગરિકોને પણ સારવાર ઉપલબ્ધ થશે. તેમણે કહ્યું હતું કે, આ આધુનિક હોસ્પિટલથી આ ક્ષેત્રની બહુ મોટી સેવા થવાની છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની પ્રત્યેક ગરીબ વ્યક્તિને આરોગ્યનો અધિકાર આપ્યો છે એમ કહીને શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, દેશના ૬૦ કરોડ ગરીબોને આયુષ્માન ભારત યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. આ સૌને પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.

સરકાર સાથે સમાજ પણ જોડાય તે પ્રજાકલ્યાણ શાસનની સાચી દિશા છે, તેવું કહી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કલોલ વિસ્તારની આ હોસ્પિટલના ભૂમિપૂજનથી ઔદ્યોગિક વસાહતના અને આસપાસના કામદારો- શ્રમયોગીઓ અને



તેમના પરિવારજનોની સાથે કલોલ આસપાસનાં ગામોના જરૂરિયાતમંદ દર્દીઓની સારવારનો સેવાયજ્ઞ પણ શરૂ થવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે, આરોગ્યને લગતી કોઇ પણ નાની-મોટી સમસ્યા માનવીને ઉદભવે એટલે દવા- દવાખાના- લેબોરેટરી ટેસ્ટના ખર્ચના ખપ્પરમાં નાછૂટકે હોમાવું જ પડે છે. સામાન્ય પરિવાર માટે કોઇ પણ બીમારી આર્થિક સંકટ લાવી દે છે.

કેન્દ્રીય શ્રમમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ યાદવે જણાવ્યું હતું કે, ઉત્તમ સ્વાસ્થ્ય સુખી જીવન માટેની મહત્ત્વની ચાવી છે. ઇ.એસ.આઇ.સી ભારત સરકારની મહત્ત્વની યોજના છે, જેના લાભ દેશભરમાં ૧૩.૫ લાખ લાભાર્થીઓ લઇ રહ્યા છે. આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય શ્રમ મંત્રી શ્રી રામેશ્વર તૈલી, રાજયના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ

## ગાંધીનગરમાં નવનિર્મિત અન્ડરપાસનું લોકાર્પણ





ગાંધીનગરમાં વિધાનસભાથી મહાત્મા મંદિર વચ્ચે હાર્દ સમો સેન્ટ્રલ વિસ્ટા પ્રૉજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. આ સેન્ટ્રલ વિસ્ટામાં નાગરિકો માટે વધુ એક પ્રકલ્પની શરૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રૂ. ૩૪.૭૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ગ-૪ જંકશન પર અંડરપાસનું લોકાર્પણ કર્યું હતું.

સેન્ટ્રલ વિસ્ટા પ્રૉજેક્ટ હેઠળ ચ-૪ થી ગ-૪ વચ્ચેના રસ્તાને રાજમાર્ગીય તરીકે વિકાસ કરવામાં આવ્યો છે. આથી 'ગ' માર્ગ પર ગ-૪ તેમજ 'ઘ' માર્ગ પર ઘ-૪ જંક્શન ઉપર અન્ડરપાસ બનાવવાની કામગીરી ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવેલોપમેન્ટ લિ. દ્વારા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં ગ-૪ અન્ડરપાસ ખુલ્લો મુકાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અન્ડરપાસ વાહનચાલકો અને રાહદારીઓની સુવિધાઓને ધ્યાનમાં લઇ બનાવવામાં આવ્યો છે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા તેમજ કોર્પોરેટરશ્રીઓ સહિત પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

પટેલ, પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, આદર્શ હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. અતુલભાઇ પટેલ સહિત કલોલના નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## વીરોચનનગરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

સાણંદના વીરોચનનગરમાં નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને મિલન સમાજવાડીના નવનિર્મિત પરિસરને તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જનસમર્પિત કર્યાં હતાં. આશરે રૂ.1.15 કરોડના ખર્ચે નિર્મિત અત્યાધુનિક આરોગ્ય વ્યવસ્થાઓથી સજ્જ આરોગ્યકેન્દ્રથી વીરોચનનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લગભગ 30 હજાર નાગરિકોને ફાયદો થશે.

આ આરોગ્ય કેન્દ્રમાં OPD, IPD, આયુષ સેવા, PM-JAY સેવા, વિવિધ પ્રકારના રસીકરણ સહિતની સુવિધાઓ મળશે. સાથોસાથ, પંડિત દીનદયાળ મિલન કેન્દ્ર સમાજવાડીનું લોકાર્પણ પણ શ્રી શાહે કર્યું હતું. આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ ઉપરાંત નાગરિકો જોડાયા હતા.●





## અમદાવાદ શહેરને રૂ. ૨૩૭ કરોડના પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોની ભેટ



અમદાવાદ શહેરમાં એક પછી એક વિકાસકાર્યોની હેલી વરસી રહી છે. કોઈ પણ પખવાડિયું એવું નહીં હોય કે જ્યારે અમદાવાદમાં કોઈ પ્રજાલક્ષી વિકાસકાર્યોનું લોકાર્પણ કે ખાતમુહૂર્ત ન થયું હોય. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજિત રૂ.૨૩૭ કરોડના પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તથા ઇ- ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિકાસકાર્યોમાં જોધપુર વોર્ડમાં ઝોનલ ઑફિસનું લોકાર્પણ, સરખેજ વોર્ડ ખાતે ૨૧૪૦ આવાસો તેમજ શકરી તળાવ અને થલતેજ વોર્ડ ખાતે શીલજ તળાવનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આ પ્રસંગે પિંક ટોઇલેટનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ નવનિર્મિત દક્ષિણ પશ્ચિમ ઝોનની ઝોનલ ઑફિસની વાત કરતાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, આ ઝોનલ ઑફિસ અનેક સુવિધાઓથી સજ્જ છે. આ ઝોનલ ઑફિસ તૈયાર થવાથી વેજલપુરના લોકોને હવે દૂર જવું નહીં પડે.

તળાવના નવીનીકરણની વાત કરતાં કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, 5.43 કરોડના ખર્ચે શીલજનું તળાવ તેમજ 16 કરોડના ખર્ચે સરખેજ તળાવનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. આવાસના ભૂમિપૂજન અંગે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે 2140 આવાસોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. આ આવાસો થકી આવનારા સમયમાં ગરીબ કુટુંબના પરિવારોના ઘરના ઘરનું સ્વપ્ન પૂરું થશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વિકાસકાર્યોથી આવનારા દિવસોમાં શહેરીજનોની સુવિધામાં વધારો થશે. અમદાવાદ શહેરના નાગરિકોને રિ-ક્રિએશન પ્રવૃતિઓ માટે સુંદર તળાવ મળી રહે તે માટે 81 તળાવ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર દ્વારા ફાળવવાનો નિર્ણય કરાયો છે. ગુજરાતનાં શહેરોમાં વસતી રાજ્યની અડધોઅડધ વસ્તીને પોતાના રહેણાંક વિસ્તારોની આસપાસ સારા બગીચા, સ્વચ્છ પાણી, સુવ્યવસ્થિત ગટર વ્યવસ્થા સહિતની તમામ જરૂરી સુવિધાઓ મળે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, સહકાર અને માર્ગ-મકાન રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, પદાધિકારીઓ તેમજ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યના ૧.૪૭ લાખ યુવાઓને રોજગાર - એપ્રેન્ટિસશિપ પત્રો એનાયત



છેલ્લા બે દાયકામાં ગુજરાત મજબૂત વિકાસનો પર્યાય બન્યું છે. ઉદ્યોગ હોય કે વ્યવસાય, ગુજરાતે તમામ ક્ષેત્રે હરણફાળ ભરી છે. વિવિધ ક્ષેત્રમાં વિકાસ કરવાની સાથે યુવાનોના કૌશલ્યને ઊભરતાં તમામ ક્ષેત્રોમાં ઉપયોગમાં લઈને તેના થકી તેમને આર્થિક રીતે પગભર બનાવી શકાય તે ક્ષેત્રે ગુજરાત સરકારે વિવિધ પગલાં લીધાં છે.

જુદા જુદા ક્ષેત્રે કુશળ માનવબળ ઊભું કરી શકાય તે માટે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના સરકાર દ્વારા ચલાવવામાં આવી રહી છે, જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યુવાનોને રોજગાર નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રો એનાયત કરવાનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ અમદાવાદ સાયન્સ સિટી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ યુવક-યુવતીઓને નિમણૂક અને કરારપત્રો એનાયત કરી રાજ્યવ્યાપી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં રોપેલા વિકાસના મજબૂત પાયાના પરિણામે જ આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. યુવાનોની પ્રતિભા થકી દેશનો વિકાસ કરવા ટેલેન્ટ પૂલ અતિ મહત્ત્વનું છે. તેના માટે રાજ્ય સરકાર અને ખાનગી સંસ્થાઓના સહયોગથી રાજ્યમાં કાર્યરત ૬૦૦ જેટલી ITIમાં ૨.૧૭ લાખ વિદ્યાર્થીઓને ૧૨૫ જેટલા કોર્સના અભ્યાસથી સ્કીલ્ડ વર્કફોર્સ બનાવવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત ચાર વર્ષમાં એક લાખથી વધુ યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી અને ગુજરાત એપેક્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા યુવાનોની પ્રતિભાને ઉજાગર કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમમાં રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પદભાર સંભાળતાં જ વર્ષમાં એક લાખથી વધુ યુવાનોને રોજગારી આપવાનો જે સંકલ્પ લીધો હતો તે આજે પરિપૂર્ણ થઈ રહ્યો છે.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શ્રમ, કૌશલ વિકાસ અને રોજગાર વિભાગનાં અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા તેમજ મોટી સંખ્યામાં રોજગાર મેળવનારાં યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



આ ઉપરાંત સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લા અને ૭ મહાનગર પાલિકાઓમાં કુલ ૧.૪૭ લાખ યુવક-યુવતીઓને રોજગાર નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## કચ્છ



ભુજ ખાતે વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યની ઉપસ્થિતિમાં ૭૨૦ યુવાનોને નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરાર પત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ તકે ડૉ. નીમાબહેને જણાવ્યું હતું કે, ઉદ્યોગોને આમંત્રણ આપીને સરકારે કચ્છની કાયાપલટ કરી નાખી છે. હાલ સ્થાનિકોને ઘરઆંગણે જ રોજગારી મળી રહી છે.

## ભાવનગર



ભાવનગર ખાતે ૬ હજાર યુવાઓને નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ તકે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અંદર પડેલી ક્ષમતા પોતીકી અને આગવી હોય છે, પરંતુ તેને નિખાર આપવાનું કાર્ય રાજ્ય સરકારની આઇ.ટી.આઇ. જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.

## સુરત



વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે સુરતના સરસાણા ખાતે ૧,૪૩૨ ઉમેદવારોને રોજગાર નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રો અર્પણ કરાયાં હતાં. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારે માત્ર તાલીમ અને કૌશલ્યવર્ધન જ નહીં, પરંતુ શ્રેણીબદ્ધ રોજગાર મેળાઓનું આયોજન કરી યુવાઓને રોજગારીના અવસરો ઉપલબ્ધ કરાવ્યા છે.

## જામનગર



જામનગરમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ૧૮૩૭ યુવાનોને રોજગાર નિમણૂકપત્રો તેમજ ૧૪૫ યુવાઓને કરારપત્ર વિતરણ કર્યાં હતાં. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યુવાનો પગભર બને તથા આર્થિક રીતે તેમની ઉન્નતિ થાય તે માટે સરકાર યુવાઓને વ્યવસાયલક્ષી તાલીમ તેમજ સ્ટાઈપેન્ડ સહિતની સુવિધાઓ પૂરી પાડે છે.

## સુરેન્દ્રનગર



વઢવાણ ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં ૧૬૩૬ ઉમેદવારોને રોજગાર નિમણૂકપત્રો અને ૨૪૨ ઉમેદવારોને એપ્રેન્ટિસશિપ કરારપત્રોનું વિતરણ કરાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાઓ માટે રાજ્ય સરકારે રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ બનાવી છે

## નવસારી

નવસારી ખાતે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૧૬૦૦થી વધારે યુવાનોને રોજગાર નિમણૂકપત્રો અને ૧૮૫થી વધુ યુવાનોને એપ્રેન્ટિસશિપ કરારપત્રો એનાયત કરાયાં હતાં. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યુવાનોને તેમની



સ્કીલ પ્રમાણે નોકરીની તક મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક આઇ.ટી.આઇ. કૉલેજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## અમદાવાદ



વિરમગામ ખાતે કેબિનેટ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે ૨૫૦ રોજગાર નિમણૂકપત્રો અને ૨૫૦ એપ્રેન્ટિસશિપ કરારપત્રો, ૧૫ નિમણૂકપત્રોનું વિતરણ કર્યું. આ તકે મંત્રીશ્રીએ કાયમ માટે કંપનીઓમાં નોકરી કરવાના બદલે આત્મનિર્ભર બની પોતાનો વ્યવસાય શરૂ કરીને નોકરીદાતા બનવા માટે જણાવ્યું હતું.

## ખેડા



માતરમાં ગ્રામવિકાસ, ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે રોજગાર નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસ કરારપત્રો આપ્યા. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રોજગાર સેતુ પ્રૉજેક્ટ દ્વારા અનુબંધન વેબપોર્ટલ તથા મોબાઇલ એપ્લિકેશનના માધ્યમથી આજે ગુજરાતના યુવાનો રોજગારી મેળવી રહ્યા છે.

## કામરેજ-સુરત

સુરતના કામરેજ ખાતે કૃષિ, ઉર્જા પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ



પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ૪૦૦થી વધુ ઉમેદવારોને રોજગાર નિમણૂકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશનાં અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતમાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. યુવાનોનું કૌશલ્યવર્ધન કરીને રાજ્ય સરકારે અનેક ક્ષેત્રોમાં રોજગારીની ઊજળી તકો પૂરી પાડી છે.

## રાજકોટ



રાજકોટ શહેરી કક્ષાએ રોજગારી કે એપ્રેન્ટિસ તરીકે જોડાયેલા કુલ ૧૮૦ ઉમેદવારોને વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં રોજગારી અને એપ્રેન્ટિસપત્રો આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૧ જેટલા ઉમેદવારોને અને આર.ટી.ઓ. કચેરી દ્વારા ૩ ઉમેદવારોને કાયમી નિમણૂકના હુકમો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ કંપની દ્વારા પસંદ કરાયેલા ૬ ઉમેદવારોને પણ આ પ્રસંગે એનાયતપત્રો આપવામાં આવ્યાં હતાં.

## મહીસાગર

લુણાવાડા ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ૯૦ યુવાઓને રોજગાર નિમણૂકપત્રો તથા ૩૦ યુવાઓને એપ્રેન્ટિસશિપ



કરારપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આઇ.ટી.આઇ કૉલેજો દ્વારા યુવાઓને કૌશલ્યવાન બનાવવાનું બીડું ઝડપ્યું છે. યુવાનો પગભર બને તથા આર્થિક રીતે તેઓની ઉન્નતિ થાય તે માટે સરકાર યુવાઓને વ્યવસાયલક્ષી તાલીમ તેમજ સ્ટાઈપેન્ડ સહિતની સુવિધાઓ પૂરી પાડે છે.

## બનાસકાંઠા



પાલનપુર ખાતે શિક્ષણ રાજય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો રોજગાર એપ્રેન્ટિસશિપ નિમણૂકપત્રોનો વિતરણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જિલ્લાના ૩૩૯૪ યુવાનોને રોજગાર નિમણૂક અને ૩૫૩ એપ્રેન્ટિસશિપ નિમણૂકપત્રો એનાયત કરાયાં હતાં. આ તકે મંત્રીશ્રીએ ભારત દેશ યુવાઓનો દેશ છે અને દેશના ભાવિના ઘડવૈયા યુવાઓ છે એમ જણાવી યુવાઓને તમે ગમે તે ક્ષેત્રમાં ગમે તે કામ કરો પરંતુ દેશહિતને ધ્યાનમાં રાખવાની અપીલ કરી હતી.

## સાબરકાંઠા

સાબરકાંઠામાં ૧૭૦૯ યુવાઓને નિમણૂક પત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આઇ.ટી.આઇ., પોલિટેક્નિક કૉલેજ દ્વારા યુવાઓને કૌશલ્યવાન બનાવવાનું બીડું ઝડપ્યું છે. આ માટે રાજ્યના



દરેકે દરેક તાલુકામાં આઇ.ટી.આઇ. કૉલેજની સ્થાપના કરવામાં આવી છે.

## શિહોર



સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી શ્રી આર.સી મકવાણાની ઉપસ્થિતિમાં શિહોર ખાતે નિમણૂંકપત્રો અને એપ્રેન્ટિસશિપ કરારપત્રોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નવા અભ્યાસક્રમો શરૂ થયા છે તેની તાલીમ મેળવી યુવાન પોતે પગભર બનવા સાથે સમાજ વિકાસમાં પણ યોગદાન આપે તે આજના સમયની જરૂરિયાત છે.

## જૂનાગઢ



જૂનાગઢમાં પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઈ માલમની ઉપસ્થિતિમાં જિલ્લાના યુવાનોને રોજગાર નિમણૂકપત્રો - એપ્રેન્ટિસશિપ કરાર પત્રક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જરૂરિયાત મુજબ કુશળ માનવબળ મેળવવા માટે ઉદ્યોગોને અનુરૂપ જગ્યાઓ માટે ઔદ્યોગિક ભરતી મેળાનો નવતર અભિગમ સૌપ્રથમ ગુજરાત રાજ્યએ અમલમાં મૂક્યો છે. ●

# અમદાવાદમાં વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ કરાવતા CM



ગુજરાતના પનોતાપુત્ર અને દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મિશન મિલિયન ટ્રીઝ અંતર્ગત પીરાણા ડમ્પસાઇટ નજીક વૃક્ષારોપણ અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વૃક્ષ વાવીને કરાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વધુ ઓક્સિજન આપતાં ૧.૭૫ લાખ વૃક્ષો વાવીને AMCએ વડાપ્રધાનશ્રીને જન્મદિવસે એક મોટી ભેટ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોરોના મહામારીમાં આપણે સૌ ઓક્સિજન અને કુદરતનું મહત્ત્વ વધુ સારી રીતે સમજ્યા છીએ. કુદરતનું સંતુલન જાળવી રાખવું ખૂબ જ જરૂરી છે. ક્લાઈમેટ અંગે ચિંતા કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ વર્ષો પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ક્લાઈમેટ ચેન્જનો અલગ વિભાગ શરૂ કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ 'બેક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે. કુદરતનું શોષણ અટકાવીને સંતુલન જાળવી રાખવા માટે આપણે સૌ સાથે મળીને પ્રયાસો કરીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે AMC દ્વારા હરિયાળું અમદાવાદના સંકલ્પ સાથે 'મિશન મિલિયન ટ્રીઝ' અંતર્ગત પીરાણા ડમ્પસાઈટ પર 1.75 લાખ વૃક્ષો વાવીને ઓક્સિજન પાર્ક તૈયાર કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડે.મેયર શ્રી ગીતાબહેન પટેલ, સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, અમદાવાદ મ્યુનિ. કમિશનર લોચન સેહરા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, એએમસીના હોદ્દેદારો, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# કચ્છી જૈન સમાજના સંમેલનમાં CMની પ્રેરક ઉપસ્થિતિ

અમદાવાદના ટાગોર હોલ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજનું વાર્ષિક સ્નેહમિલન યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌના પ્રયાસ'ના મંત્રને કચ્છી જૈન સેવા સમાજ પોતાનાં જનસેવાનાં કાર્યો થકી સાકાર કરી રહ્યો છે. છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ હંમેશાં કાર્યરત રહ્યા છે અને એ જ પગલે કચ્છી જૈનસેવા સમાજ પણ આ જ રીતની સેવાકીય પ્રવૃતિઓ સાથે સમાજના ઉત્થાન માટે કાર્ય કરતો રહ્યો છે. સેવાકાર્ય કરનારા લોકો કોઇ પણ જાતના પડકારોમાં પણ સેવાકાર્યની જ્યોત જલાવી રાખે છે.

આ પ્રસંગે 'કચ્છી બોલી વિજ્ઞાન' પુસ્તકનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધાનસભાનાં અધ્યક્ષા શ્રીમતી નીમાબહેન આચાર્ય, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ તેમજ સામાજિક અગ્રણીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# પોલીસ અધિકારીઓ-કર્મીઓનો મેડલ અલંકરણ સમારોહ

ગુજરાત પોલીસ આયોજિત પોલીસ મેડલ અલંકરણના ગૌરવશાળી સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની સુરક્ષા, શાંતિ અને સલામતીના પાયામાં પોલીસ દળની કર્તવ્યનિષ્ઠા અને ફરજપરસ્તી રહ્યા છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વાઇબ્રન્ટ સમિટથી ઉદ્યોગ-વેપાર જગતમાં ગુજરાતની વૈશ્વિક છબી ઊભી કરી છે. આના પરિણામે દેશ-વિદેશના રોકાણકારો, ઉદ્યોગ વ્યવસાયકારો ગુજરાતમાં રોકાણ અને કારોબાર માટે આકર્ષાયા છે. ગુજરાતની સુદ્રઢ સુરક્ષા, શાંતિ અને સલામતી એ આવા રોકાણકારો માટે પસંદગીનું પહેલું સ્થળ બનાવ્યું છે તેનો યશ રાજ્યના પોલીસ બેડાને જાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત પોલીસ દળના ૯૯ જેટલા અધિકારી-કર્મીઓને પ્રશંસનીય સેવા, વિશિષ્ટ સેવા માટેના જાહેર થયેલા પોલીસ મેડલ્સ અમદાવાદમાં અર્પણ કર્યા હતા. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, પોલીસ અધિકારીઓ સહિત ચંદ્રકથી સન્માનિત પોલીસ અધિકારીઓના પરિવારજનો આ ગૌરવ ક્ષણે સહભાગી થયા હતા. ●

## સિંગાપોરના ડેપ્યુટી PM સાથે ફળદાયી સંવાદ કરતા મુખ્યમંત્રી



સિંગાપોરના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર શ્રીયુત લોરેન્સ વોંગ અને પ્રતિનિધિમંડળે તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. સિંગાપોરના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર ગુજરાતની મુલાકાતે પ્રથમ વાર આવ્યા હતા અને રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના વિવિધ ક્ષેત્રોના વિકાસથી તેઓ પ્રભાવિત થયા છે એમ તેમણે મુખ્યમંત્રીશ્રી સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સિંગાપોરના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટરને ગુજરાતમાં આવકારતાં જણાવ્યું હતું કે, ભારત, ગુજરાત, સિંગાપોરના સંબંધો લાંબાગાળાના રોકાણો, વ્યાપાર-ઉદ્યોગોને પ્રોત્સાહિત કરતા ઉષ્માભર્યા રહ્યા છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં એવી સુદ્રઢ ઈકો-સિસ્ટમનું નિર્માણ કર્યું છે કે વિશ્વના અન્ય દેશોમાંથી રોકાણકારો-ઉદ્યોગકારો ગુજરાતમાં એકવાર રોકાણ માટે આવે પછી ગુજરાત જ તેમની કાયમી પસંદગી બની જાય છે.

સિંગાપોરના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર શ્રી લોરેન્સ વોંગે કહ્યું હતું કે, સિંગાપોર માટે ગુજરાત સેકન્ડ લાર્જેસ્ટ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન છે. આ સાથે, તેમણે સિંગાપોરના રોકાણકારો-ઉદ્યોગકારોએ ગુજરાતમાં ટ્રેડ, ઈન્વેસ્ટમેન્ટ, ફાઇનાન્સના ક્ષેત્રોમાં રોકાણો કરેલાં છે, તેની વિગતો આપી હતી. આ મુલાકાતમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, એન.એસ.ઈ.ના શ્રી આશિષભાઈ, ગિફ્ટ સિટીના એમ.ડી. શ્રી તપન રે સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ'માં ઉપસ્થિત રહેતા CM

વ્યસનમુક્તિ, સદાચારી અને પ્રમાણિકતાનું નિર્માણ કરવામાં સ્વામિનારાયણ સંપ્રદાયનું યોગદાન રહ્યું છે. એટલુ જ નહીં, સંતોની વાણીથી સમાજને એક નવી દિશા મળતી થઈ છે અને કલા અને સંસ્કૃતિનો પોષક સંતસમાજ હર હંમેશથી રહ્યો છે. તેમ તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલા શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

આ પાવન પર્વે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની વિકાસાત્રાને આગળ વધારવા માટે ધર્મ - સંતોનું હરહંમેશ માર્ગદર્શન મળતું રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વસંસ્કૃતિ અને સમભાવને સૌથી વધુ મહત્ત્વ આપ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી



સંસ્કૃતિ વિરાસતને જાળવી રાખીને દેશ અને રાજ્યનો વિકાસ કર્યો છે, એ જ પરંપરા જાળવી રાખીને ટીમ ગુજરાત રાજ્યની વિકાસયાત્રાને સતત આગળ વધારી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે, મણિનગર ગાદી સંસ્થાન દ્વારા શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં વ્યસનમુક્તિ શિબિર, પર્યાવરણ રક્ષણ શિબિર, સંત સંમેલન, સંસ્કાર શિક્ષણ શિબિર વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્યો સર્વ શ્રી સુરેશભાઈ પટેલ અને શ્રી જગદીશભાઈ પટેલ તેમજ આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તેમજ મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ●

## શ્રી દાનેવ ફાઉન્ડેશન સંચાલિત પશુ-પક્ષી સારવાર કેન્દ્રની મુલાકાત લેતાં CM

અમદાવાદના બહેરામપુરા ખાતે શ્રી દાનેવ ફાઉન્ડેશન સંચાલિત પશુ-પક્ષી સારવાર કેન્દ્રની તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ સારવાર કેન્દ્રના વિવિધ વિભાગોની મુલાકાત લઈને પશુ-પક્ષીઓની સારવાર અંગે કરવામાં આવતી સંસ્થાની વિવિધ કામગીરી નિહાળી હતી.

તેમણે પશુ- પક્ષીઓની સારવાર માટે બનાવવામાં આવેલા વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. તેમજ સારવાર માટે વપરાતાં વિવિધ તબીબી ઉપકરણો નિહાળ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ પશુ-પક્ષીઓની કાળજી-સારવાર સહિતની સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીએ સારવાર બાદ સાજા થયેલાં પક્ષીઓને મુક્ત કર્યાં હતાં. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ તથા સંસ્થાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ડબલ એન્જિન સરકારથી વિકાસની ગતિ તેજ બની



સંવાદ થકી નવા વિચારબીજનું રોપણ થાય છે તેમજ સમાજના સર્વાંગી વિકાસના દ્વાર ખુલે છે. રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તાજેતરમાં ગાંધીનગર ખાતે આહીર સમાજ, પંચોળી અને છારાનું સ્નેહમિલન યોજાયુ હતુ. આહીર સમાજના સ્નેહમિલનમાં અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ભાવસભર અભિવાદન કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ, ઉન્નત વિચારો અને પ્રગતિ માટેની ધગશ, એ કોઈ પણ સમાજની મોટી મૂડી છે. આહીર સમાજે શિક્ષણ-તાલીમને પ્રાધાન્ય આપી રાજ્ય સરકારની કલ્યાણકારી નીતિ, યોજનાઓ અને સુશાસનનો લાભ મેળવીને નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. ગુજરાત સરકારે વિકાસની મુખ્ય ધારામાં સૌને જોડીને વડાપ્રધાનશ્રીના સૌના સાથ, સૌના વિકાસ મંત્રને સાકાર કર્યો છે.

પંચોળી અને છારા સમાજના સ્નેહમિલનમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, દ્રઢ નિર્ધાર અને મક્કમ મનોબળ સાથે નીકળી પડેલી માત્ર એક વ્યક્તિ પણ સમાજમાં અનેક બદલાવ લાવી શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વાતને સ્વચ્છતા અભિયાન, ડિજિટલ ઇન્ડિયા, ફિટ ઇન્ડિયા, યોગ પ્રચાર જેવા કાર્યો કરી પૂરવાર કરી છે,.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને ગુજરાતનું અર્થતંત્ર ફૂલી-ફાલી રહ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ ભારતે બ્રિટનને પાછળ રાખી વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમીનું સ્થાન મેળવી લીધું છે. ડબલ એન્જિનની સરકારને પરિણામે ગુજરાત વિકાસના માર્ગે તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. ગુજરાત સરકારનું આર્થિક વ્યવસ્થાપન નીતિ આયોગના અહેવાલ પ્રમાણે દેશમાં સર્વશ્રેષ્ઠ છે. આ વર્ષનું સરકારનું બજેટ ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું બજેટ છે. ●

## ગુજરાતના સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રને વેગ મળશે : મુખ્યમંત્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકે નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયના 'ઉચ્ચ કાર્યક્ષમતા સોલાર પીવી મોડ્યૂલ્સ પર રાષ્ટ્રીય કાર્યક્રમ' પર પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ(પી.એલ.આઈ.) (ટ્રેન્ચ II)ના અમલીકરણની દરખાસ્તને મંજૂરી આપી છે. ઉચ્ચ કાર્યક્ષમતા સોલાર પીવી મોડ્યૂલ્સમાં ગીગા વોટ (GW) સ્કેલની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવા માટે રૂ.19,500 કરોડ ખર્ચ-જોગવાઈ રાખવામાં આવી છે. આ નિર્ણય અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ નિર્ણયથી રાજ્ય તથા દેશમાં સૌર ઊર્જા ક્ષેત્રે વિકાસને નવી ગતિ મળશે.

ઉચ્ચ કાર્યક્ષમતા સૌર પીવી મૉડ્યૂલ્સ પરના રાષ્ટ્રીય કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતમાં ઉચ્ચ કાર્યક્ષમતાવાળા સૌર પીવી મૉડ્યૂલ્સના ઉત્પાદન માટે ઇકોસિસ્ટમનું નિર્માણ કરવાનો છે અને આ રીતે રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં આયાત નિર્ભરતા ઘટાડવાની છે. તે આત્મનિર્ભર ભારતની પહેલને મજબૂત કરશે અને રોજગારીનું સર્જન કરશે.



સોલાર પીવી ઉત્પાદકોની પારદર્શક પસંદગી પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે. સ્થાનિક બજારમાંથી ઉચ્ચ કાર્યક્ષમતાવાળા સોલાર પીવી મૉડ્યૂલના વેચાણ પર સૌર પીવી ઉત્પાદન પ્લાન્ટના કમિશનિંગ પછી પાંચ વર્ષ માટે PLI નું વિતરણ કરવામાં આવશે અને પ્રોત્સાહિત કરવામાં આવશે.

**આ યોજનામાંથી જે અપેક્ષિત પરિણામો/લાભ થવાનાં છે, તે આ મુજબ છે :**

- લગભગ ૬૫,૦૦૦ મેગાવોટ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવતા સંપૂર્ણ અને આંશિક રીતે સંકલિત, સૌર પીવી મૉડ્યૂલૉ સ્થાપિત કરવામાં આવશે.
- આ યોજના લગભગ રૂ. ૯૪,૦૦૦ કરોડનું સીધું રોકાણ લાવશે.
- ઈવીએ, સોલર ગ્લાસ, બેકશીટ વગેરે જેવી સામગ્રીના સંતુલન માટે ઉત્પાદન ક્ષમતાનું નિર્માણ.
- લગભગ ૧,૯૫,૦૦૦ લોકોને પ્રત્યક્ષ રોજગાર અને લગભગ ૭,૮૦,૦૦૦ વ્યક્તિઓને પરોક્ષ રોજગાર.
- અંદાજે રૂ.૧.૩૭ લાખ કરોડની આયાત અવેજી.
- સોલાર પીવી મૉડ્યૂલ્સમાં ઉચ્ચ કાર્યક્ષમતા હાંસલ કરવા સંશોધન અને વિકાસને પ્રોત્સાહન.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રાજ્યમાં સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રને વેગ મળશે તેવી અપેક્ષા વ્યકત કરી છે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે આત્મનિર્ભર ભારતની પહેલને મજબૂત કરવામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારનો આ નિર્ણય ઉપયુકત બનશે તેમ તેમણે વડાપ્રધાનશ્રીનો આભાર માનતાં જણાવ્યું હતું. ●

# વિશ્વવિખ્યાત IBMની સોફ્ટવેર લેબનો ગિફ્ટ સિટીમાં શુભારંભ



ગુજરાતનું IT ક્ષેત્ર સતત વિકસી રહ્યું છે તેવામાં આ ક્ષેત્રે વધુ એક છોગું ઉમેરાયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિફ્ટ સિટીના પ્રેસ્ટિજ ટાવરમાં કાર્યરત થઈ રહેલી IBM સોફ્ટવેર લેબનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલા ડિજિટલ ઈન્ડિયા મિશન ક્ષેત્રે ગુજરાતે ડિજિટલ ટ્રાન્સ્ફોર્મેશનમાં બેંચમાર્ક પ્રસ્થાપિત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રૉજેક્ટ એવા ગિફ્ટ સિટીમાં કાર્યરત થઈ રહેલી IBMની સોફ્ટવેર લેબ ક્લાઉડ અને આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સ માટે ગુજરાતમાં સ્કીલ્ડ મેનપાવર તૈયાર કરવામાં નવું બળ પૂરું પાડશે.

ગુજરાતમાં IT સેક્ટરના આઠગણા વિકાસ માટેનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે તેમ જણાવીને તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં એવું સુદ્રઢ IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે કે આ ક્ષેત્રે રોકાણ માટે ગુજરાતમાં આવનારા દરેકના ચહેરા પર કાયમ સ્મિત જળવાઈ રહે અને તેમને ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસની અનુભૂતિ થાય.

સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, IBM એ એડવાન્સ રિસર્ચ અને ઈનોવેશન ફેસિલિટી સોફ્ટવેર લેબનો ગિફ્ટ સિટીમાં પ્રારંભ કર્યો છે. આ લેબ ઉચ્ચ ગુણવત્તાયુક્ત કૌશલ્ય નિર્માણને વેગ આપશે અને ગુજરાતના કુશળ યુવા આઈટી પ્રોફેશનલ્સ માટે નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે. આ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નહેરા, ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તપન રે સહિત IBMના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## સરદાર સરોવરની જળસપાટી ૧૩૮ મીટર પહોંચતાં
# મા નર્મદાનાં વધામણાં કરતા મુખ્યમંત્રી

ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળસપાટી પૂર્ણ કક્ષાએ એટલે કે ૧૩૮.૬૮ મીટરે પહોંચી છે. જેના પરિણામે જળાશયમાં ૪.૭૩ મિલિયન એકર ફૂટ એટલે કે ૫.૭૬ લાખ કરોડ લિટર પાણીનો સંગ્રહ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરદાર સરોવર ડેમ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ પહોંચવાની ગૌરવ ઘટનામાં સહભાગી થઈ મા નર્મદાના નીરનાં વધામણાં કર્યાં હતાં. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે સરદાર સરોવર નર્મદા ડેમ ૨૦૧૯ અને ૨૦૨૦ પછી આ વર્ષે ત્રીજી વાર પૂર્ણ જળાશય સપાટીએ છલકાયો છે.

એકતા નગર ખાતે નમામિ દેવી નર્મદે મંત્રોચ્ચાર સાથે આયોજિત નર્મદા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જોડાયા હતા અને મા નર્મદાના જળનાં તેમણે શ્રીફળ ચૂંદડીથી વધામણાં કર્યાં હતાં. આ વર્ષે થયેલા વ્યાપક વરસાદને પરિણામે નર્મદા બેસિન અને ડેમમાં પાણીની સારી આવક થઈ છે. પાણીનો આ આવરો થવાથી રાજ્યનાં ગામો, નગરો અને શહેરોમાં આગામી ઉનાળાની સિઝન સુધી પૂરતું પાણી આપી શકાશે અને પાણીની તંગીનો સામનો કરવાની સ્થિતિ ઊભી થશે નહીં.

એટલું જ નહીં, નર્મદા કમાન્ડ વિસ્તારનાં બધા ગામોના ખેડૂતોને રવી પાકની સિંચાઈના હેતુ માટે નર્મદાનું પર્યાપ્ત પાણી મળશે. તો ગુજરાતનાં ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને ૭ મહાનગરપાલિકા મળી રાજ્યની ૪ કરોડથી વધુ જનસંખ્યાને પીવાના પાણી તરીકે નર્મદા જળ પહોંચી રહ્યાં છે. આ ઉપરાંત, ૧૭ જિલ્લાના ૭૮ તાલુકાની ૧૬.૯૯ લાખ હેક્ટર જમીનને સિંચાઇ સુવિધા મળે છે. નર્મદા મૈયાનાં પાવન જળ કેવડિયા એકતા નગરથી ૭૪૩ કિ.મીટરની યાત્રા પૂરી કરીને તાજેતરમાં જ કચ્છના છેક છેવાડાના વિસ્તાર મોડકુબા સુધી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજ્ય સરકારના ઈજનેરી કૌશલ્યથી પહોંચ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૪માં દેશનું સુકાન સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ આ બહુહેતુક સરદાર સરોવર નર્મદા ડેમને પૂર્ણ ઊંચાઇ સુધી લઇ જવાની મંજૂરી આપી હતી અને ગુજરાતના વર્ષો જૂના પ્રશ્નનો અંત લાવી રાજ્યને ઉજ્જવળ ભાવિની દિશા આપી હતી. વર્ષ ૨૦૧૯માં નર્મદા ડેમ ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ કક્ષાએ ભરાતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નર્મદા નીરનાં વધામણાં કર્યાં હતાં.

આ નર્મદા જળ વધામણાં અવસરે રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી, સંસદસભ્ય શ્રી મનસુખભાઈ વસાવા અને પદાધિકારીઓ-અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# CM રાહતફંડમાંથી રૂ.૮ કરોડથી વધુની સહાય મંજૂર



રાજ્યના નાગરિકોને ગંભીર પ્રકારના રોગોની સારવાર માટે ઓપરેશનના ખર્ચમાં સહાયતા કરવા માટે મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય મંજૂર કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં, રાજ્યના નાગરિકોની સુખાકારી તેમજ સ્વાસ્થ્ય માટે ત્વરિત કામગીરી થાય તે માટે યોગ્ય નિર્ણયો કરવામાં આવ્યા છે, જેના પરિણામે નાગરિકોની સુખાકારીમાં વધારો થયો છે. મુખ્યમંત્રી રાહતફંડમાંથી વર્ષ ૨૦૨૨માં સપ્ટેમ્બર મહિના સુધીમાં કુલ ૩૦૬ કેસ માટે રૂ. ૮.૫ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે.

નાગરિકોની અરજી બાદ, કિડની, કેન્સર, હૃદય અને લીવરના રોગોની સારવાર/ઓપરેશન માટે માન્ય હોસ્પિટલમાં નિર્ધારિત ખર્ચના અંદાજના ૧/૩ ભાગની સહાય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી ચૂકવવામાં આવે છે. અગાઉ વાર્ષિક એક લાખની આવક ધરાવતા નાગરિકોને આ લાભ મળતો હતો, પરંતુ રાજ્ય સરકારે હવે વધુ નાગરિકો સુધી લાભ પહોંચાડવાના ઉદ્દેશ્યથી, જાન્યુઆરી ૨૦૨૨ના ઠરાવથી રૂ. ૪ લાખની આવક મર્યાદા ધરાવતા નાગરિકોને પણ રાહતફંડમાંથી સહાય ચૂકવવાનું મંજૂર કર્યું છે.

તા.૧ ઑક્ટોબર ૨૦૧૧થી તા.૨૦ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન વિવિધ ૩૪૭૨ કેસમાં રૂ.૩૬ કરોડથી વધુની સહાય મંજૂર કરવામાં આવી છે. જ્યારે તા. ૧ જાન્યુઆરી ૨૦૨૨થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં ૩૩૩ કેસમાં રૂ. ૮ કરોડથી વધુની સહાય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી નાગરિકોને ચૂકવવામાં આવી છે.

આ અંગે લાભાર્થીઓએ હકારાત્મક પ્રતિભાવ આપ્યા હતા. રાજકોટમા રહેતાં ૬૧ વર્ષીય મંજુલાબહેન સરધારાને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું હોવાથી તેમને રાહતફંડમાંથી રૂ.૨.૩૩ લાખ મંજૂર કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, તબીબોના માર્ગદર્શનથી અને આ સહાયથી તેમને ઘણો ફાયદો થયો છે અને મુખ્યમંત્રીશ્રી રાહતફંડની સહાય જીવનરક્ષક સાબિત થઈ છે.

અમરેલીના બાબપુરમાં રહેતા ૨૧ વર્ષીય કેયુરભાઈ ગોંડલિયાને હૃદયમાં ખામી સર્જાતાં, હૃદય ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ઊભી થઈ હતી. આવા સમયે મુખ્યમંત્રી રાહતફંડમાંથી રૂ.૭.૫૦ લાખની સહાય મંજૂર થવાથી તેમને સારવારમાં મોટી રાહત થઈ હતી. કેયુરભાઈના પરિવારજનોએ આ સહાય માટે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. ●

# આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે રૂ.૧૮૭ કરોડની ફાળવણી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કરવા માટે ઈન્ટરસેપ્ટર લાઇનની કામગીરી પ્રગતિમાં છે. રાજકોટ મહાનગરપાલિકાને રામનાથ મહાદેવ મંદિર અને આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટના કામો માટે રૂ. ૧૮૭ કરોડની ફાળવણીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

શહેરની મધ્યમાંથી પસાર થતી આજી નદીના પશ્ચિમ કિનારે આવેલું અતિ પ્રાચીન અને સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિર ડેવલપ કરવા માટેની કામગીરી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સમક્ષ આ સંદર્ભમાં રાજકોટ મહાનગરપાલિકાએ ૧૧ કિ.મી આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રૉજેક્ટની કામગીરી અતિ પ્રાચીન રામનાથ મંદિરના ડેવલપમેન્ટ સાથે સુસંગત કરવાની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફતે રજૂ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના આગવી ઓળખ ઘટકના આ કામોને અનુમોદન આપ્યું છે. આના પરિણામે ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૧૮૭ કરોડ પ્રથમ ફેઈઝમાં રાજકોટ મહાનગરપાલિકાને ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

રાજકોટ મહાનગરપાલિકા હવે શ્રી રામનાથ મહાદેવ મંદિરના જીર્ણોદ્ધાર ઉપરાંત વિશાળ પાર્કિંગ એરિયા, ટેમ્પલ પ્લાઝા, કિઓસ્ક, લેન્ડ સ્કેપિંગ જેવી વિકાસ કામગીરી હાથ ધરશે તથા ભવિષ્યમાં વધુ ડેવલપમેન્ટ માટેની જગ્યા પણ રાખશે. આ ઉપરાંત આજી નદીમાં મંદિરની પાછળના ભાગમાં જરૂરિયાત મુજબ ચેકડેમ બનાવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ આપેલી આ સૈદ્ધાંતિક મંજૂરીને કારણે રાજકોટમાં આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રૉજેક્ટ અને અતિ પ્રાચીન રામનાથ મહાદેવ મંદિરનાં વિકાસ કામો ઝડપથી સાકાર થશે. ●

# તરભધામનો વિકાસ કરાશે

મહેસાણા જિલ્લાના પ્રખ્યાત તરભના શ્રીવાળીનાથ મહાદેવ મંદિરના વિકાસ અને જીર્ણોદ્ધારનાં કામો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.5.32 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

અંદાજે ૯૦૦ વર્ષ જૂના અને અખિલ ભારતીય રબારી સમાજના ધર્મગુરુના ગાદીસ્થાન શ્રી વાળીનાથ મહાદેવ મંદિરમાં આ રકમમાંથી કંપાઉન્ડ વોલ, રોડ, યાત્રી સુવિધા શેડ, શૌચાલય, પાર્કિંગ વ્યવસ્થા જેવી વિવિધ સુવિધાઓ વિકસાવવામાં આવશે. ●

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારે

# નવ લાખ કર્મચારીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણયો કર્યા




રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ જે રજૂઆતો કરવામાં આવી હતી તે સંદર્ભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અંદાજે ૯ લાખ કર્મચારીઓ અને તેમના પરિવારજનોના વિશાળ હિતમાં નિર્ણયો લેવામાં આવ્યા છે. તે મુજબ રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચનાં બાકી રહેલાં તમામ ભથ્થાંઓ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવશે.

આ નિર્ણય અંગે મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કર્મચારીઓના પ્રશ્નો સકારાત્મક નિરાકરણ સંદર્ભે મંત્રીમંડળના સભ્યોની કમિટીની રચના કરવામાં આવી હતી. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની સમિતિએ કર્મચારી મંડળના હોદ્દેદારો સાથે મેરેથોન બેઠકો યોજી હતી ત્યારબાદ આ મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા.

આ અંગે વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સાતમા પગાર પંચનાં બાકી ભથ્થાં તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવશે. આ તમામ લાભો કેન્દ્રના ધોરણે આપવામાં આવશે. કેન્દ્રના ધોરણે તા.૧/૪/૨૦૦૫ પહેલાં ભરતી થયેલા કર્મચારીઓને જી.પી.એફ. અને જૂની પેન્શન યોજનામાં સમાવવામાં આવશે. ઉપરાંત સી.પી.એફ.માં ૧૦ ટકાને બદલે ૧૪ ટકા સરકાર દ્વારા ઉમેરવા અંગે અતિ મહત્ત્વપૂર્ણ કર્મચારી હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૦૯ના કેન્દ્ર સરકારના ઠરાવ મુજબ કર્મચારીના મૃત્યુના કિસ્સામાં કેન્દ્રના ધોરણે કુટુંબ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે. રહેમરાહે નિમણૂક પામેલા તમામ કર્મચારીની નોકરી મૂળ નિમણૂક તારીખથી તમામ લાભો માટે સળંગ ગણવામાં આવશે. શૈક્ષણિક કેડર સિવાયના તમામ કર્મચારીઓને કેન્દ્રના કર્મચારીની જેમ ૧૦, ૨૦, ૩૦નું ઉચ્ચતર પગાર ધોરણ આપવા ઠરાવ કરવામાં આવશે.

કર્મચારીઓને રૂ.૩૦૦ ને બદલે રૂ.૧૦૦૦ મેડિકલ ભથ્થું આપવામાં આવશે. જે સરકારી કર્મચારીઓનું ચાલુ ફરજે અવસાન થાય તેવા કિસ્સામાં અપાતી ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવ્યો છે. ઉચ્ચક નાણાકીય સહાય રૂ. ૮ લાખ અપાતી હતી, તે વધારીને રૂ. ૧૪ લાખ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ સરકારી કર્મચારીઓને બઢતી માટે આવશ્યક એવી પૂર્વ સેવા તથા ખાતાકીય પરીક્ષામાં પણ વિશેષ રાહત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પૂર્વ સેવા તથા ખાતાકીય પરીક્ષામાં મુક્તિ માટે ૫૦ ટકા પરિણામે કર્મચારીને પાસ ગણવામાં આવશે તેમજ આ પરીક્ષામાં અંગ્રેજીનું પ્રશ્નપત્ર પણ રદ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત, જૂથ વીમા કપાતની રકમના સ્લેબમાં વધારો કરવા ઉપરાંત તે પ્રમાણે વીમા કવચ પણ વધારવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

મહિલા કર્મચારીઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે લીધો છે, જે અંતર્ગત મહિલા કર્મચારીઓની નોકરીનો સમયગાળો ધ્યાને લીધા સિવાય મૂળ નિમણૂક તારીખથી જ ૧૮૦ દિવસ એટલે કે છ મહિનાની પ્રસૂતિ રજા આપવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૬ પછીની ફિક્સ પગારની નીતિથી ભરતી થયેલા તમામ કર્મચારીને પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તા.૧૮ જાન્યુઆરી, ૨૦૧૭ના ઠરાવ મુજબ સળંગ ગણવા અંગેનો લાભ આપવામાં આવે છે. પરંતુ વર્ષ ૨૦૦૬ પહેલાંના ફિક્સ પગારની નીતિમાં જેટલી કેડરનો સમાવેશ કરવામાં આવ્યો છે, તે તમામ કેડરને પ્રાથમિક શિક્ષકોની જેમ બાકી રહેલા તમામ સરકારી કર્મચારીઓ તેમજ ગ્રાન્ટ ઈન એડ શિક્ષકોને તા.૧લી એપ્રિલ, ૨૦૧૯ની અસરથી સેવાઓ સળંગ ગણવામાં આવશે.

આ ઉપરાંત, રાજ્યની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે આપવામાં આવશે. તા.૨૭ એપ્રિલ, ૨૦૧૧ પહેલાં ભરતી થયેલા પ્રાથમિક શિક્ષકોને નિવૃત્તિ સાથે પૂરા પગારમાં સમાવવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા આ કર્મચારી હિતલક્ષી નિર્ણયો માટે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ અને સંયુક્ત મોરચાના તમામ હોદ્દેદારોએ ગુજરાત સરકારનો આભાર માનતાં જણાવ્યું હતું કે, હવે તેમણે આગામી કાર્યક્રમો મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. ●

## રાજ્યની બે મહાનગરપાલિકાઓ માટે રૂ.૨૯૧ કરોડ મંજૂર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં નાગરિક સુવિધા સુખાકારીનાં કામોની વૃદ્ધિ માટેની મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજનાને વધુ વેગવંતી બનાવવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્યની બે મહાનગરપાલિકા વડોદરા અને ગાંધીનગરમાં જન સુવિધા વિકાસનાં વિવિધ કામો માટે રૂ. ૨૯૧.૨૨ કરોડ મંજૂર કર્યા છે.

ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલી દરખાસ્ત અન્વયે વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ૨૦૨૨-૨૩ના વર્ષ માટે આંતર માળખાકીય વિકાસના ૨૨૭ કામો માટે કુલ રૂ. ૨૮૪.૨૨ કરોડની તેમણે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જ્યારે વડોદરા મહાનગરમાં અર્બન મોબિલિટી પ્રૉજેક્ટ અન્વયે ૩ બ્રિજનાં કામો માટે રૂ. ૫૮.૫૫ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાને પણ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ૭ કરોડ રૂપિયા મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ રકમ ગાંધીનગર મહાનગરમાં સમાવિષ્ટ ખોરજ, ઝુંડાલ, અમિયાપુર, સુઘડ, કોટેશ્વર અને ભાટ ગામની ટી.પી માં બે નવા આસ્ફાલ્ટ (ડામર) રોડનાં કામો માટે ઉપયોગમાં લેવાશે. ●

## રાજ્યમાં માર્ગોની સુધારણા માટે રૂ.૫૦૮ કરોડની ફાળવણી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાગરિકો સુવિધાયુક્ત, સલામત અને સુરક્ષિત રીતે મુસાફરી કરી શકે તેવા ઉદાત્ત અભિગમથી રાજ્યના માર્ગોના રિસરફેસિંગ કામો માટે રૂ.૫૦૮.૬૪ કરોડ માર્ગ-મકાન વિભાગને ફાળવવાની મંજૂરી આપી છે.

રાજ્યમાં આ વર્ષે વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલા ૯૮ રસ્તાઓના કુલ ૭૫૬ કિ.મી. લંબાઈમાં રિસરફેસિંગ કામો મુખ્યમંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગને મંજૂર કરેલી આ રકમમાંથી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારનો માર્ગ અને મકાન વિભાગ માર્ગોની સુવિધા વધુ સુદ્રઢ બનાવી સરળ અને સલામત યાતાયાત માટે વિવિધ જિલ્લાઓમાં વ્યાપક સ્તરે કામગીરી હાથ ધરી રહ્યો છે.

તદનુસાર, વિવિધ જિલ્લાઓમાં હાલની સ્થિતિએ કુલ ૫૭૯૦ કિ.મી લંબાઈના માર્ગોના અંદાજે રૂ. ૫૯૮૬ કરોડના કામો પ્રગતિમાં છે, એટલું જ નહિ, ૨૭૬૩ કિ.મી લંબાઈના માર્ગો માટે રૂ. ૧૭૬૨ કરોડનાં કામો ટેન્ડરિંગ પ્રક્રિયા હેઠળ છે, જે ટૂંક સમયમાં શરૂ થવાના છે. રાજ્યના માર્ગોના નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ તેમજ સંગીન કરવા માર્ગ-મકાન વિભાગને આપેલા દિશાનિર્દેશોને પગલે આ કામગીરી વેગવાન બનાવવામાં આવી છે. ●

## આંગણવાડી કાર્યકર/તેડાગરના માનદ વેતનમાં વધારો

મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અને આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની આંગણવાડી તેડાગર અને આંગણવાડી કાર્યકરના માનદ વેતનમાં નોંધપાત્ર વધારો કરવાનો મહત્ત્વનો નિર્ણય કરાયો છે. જ્યારે રાજ્યની 1800 મીની આંગણવાડી કેન્દ્રોને રેગ્યુલર આંગણવાડી કેન્દ્રમાં પણ તબદીલ કરવામાં આવશે.

મહિલા અને બાળવિકાસ વિભાગનાં મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ તેમજ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આંગણવાડી કાર્યકરને હાલ રૂ.૭૮૦૦ માનદ વેતન આપવામાં આવે છે. તેમાં રૂ.૨૨૦૦નો વધારો કરીને રૂ.૧૦,૦૦૦ માનદ વેતન ચૂકવાશે. એ જ રીતે આંગણવાડી તેડાગરને હાલ રૂ.૩૯૫૦ માનદ વેતન ચૂકવવામાં આવે છે. એમાં રૂ.૧૫૫૦નો વધારો કરીને હવે રૂ.૫૫૦૦ ચૂકવવામાં આવશે. આ માટે રાજ્ય સરકાર રૂ.૨૩૦.૫૨ કરોડનો વધારાનો ખર્ચ કરશે. આ નિર્ણયને પરિણામે ૫૧,૨૨૯ આંગણવાડી કાર્યકર અને ૫૧,૨૨૯ આંગણવાડી તેડાગર માનદકર્મીઓ અને તેમના પરિવારજનોને લાભ થશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ૧૮૦૦ મીની આંગણવાડી કેન્દ્રને રેગ્યુલર આંગણવાડીમાં તબદીલ કરવાના આ નિર્ણયથી મીની આંગણવાડી કાર્યકરની જગ્યાને આંગણવાડી કાર્યકરની જગ્યામાં અપગ્રેડ કરવામાં આવી છે. આ જગ્યા માટે સરકારને વધારાનો રૂ. ૧૮.૮૨ કરોડનો વાર્ષિક ખર્ચ આવશે.

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રમુખ શ્રી અરુણભાઈ મહેતા, આંગણવાડી કર્મચારી સભા, ગુજરાત પ્રદેશના પ્રમુખ શ્રી સી.એમ. પટેલ, ભારતીય મજદૂર સંઘના મહામંત્રી શ્રી વી.પી પરમાર તેમજ અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘના પ્રમુખ શ્રી કિરણકુમાર કવિ સહિત તમામ સંગઠનના પ્રતિનિધિઓ દ્વારા રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયને આવકારી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મંત્રીમંડળની કમિટીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ●

# કચ્છમાં પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયની સ્થાપના કરાશે





રાજ્યમાં પશુપાલકોને તેમના પશુધન માટે સારી સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણયો કર્યા છે. જેના ભાગરૂપે કચ્છ જિલ્લાના પશુપાલકોને મદદરૂપ થવા માટે કચ્છ ખાતે નવીન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયની સ્થાપના કરવાનો રાજય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો હોવાનું કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું. કચ્છની આ મહાવિદ્યાલયમાં પ્રવેશની કામગીરી શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪થી VCIની માન્યતા મળ્યેથી શરૂ કરાશે. કચ્છ વિસ્તારના પશુપાલકોને આ મહાવિદ્યાલય દ્વારા અત્યાધુનિક સારવારની સુવિધા મળશે. આ માટે મહાવિદ્યાલયમાં વિવિધ સંવર્ગની કુલ ૪૨ જગ્યા નિયમિત ધોરણે તેમજ કુલ ૩૨ જગ્યા આઉટસોર્સિંગથી મળીને કુલ ૭૪ જગ્યાનું મહેકમ પણ મંજૂર કરાયું છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય વિવિધ પશુઓની ઓલાદોથી સંપન્ન છે, જેમાં વિસ્તારની દૃષ્ટિએ રાજયનો સૌથી મોટો કચ્છ જિલ્લો વિશ્વવિખ્યાત કાંકરેજ ગાય, બન્ની ભેંસો, કચ્છી ઘોડા, પાટણવાડી ઘેટાં, કચ્છી બકરાં અને કચ્છી તથા ખારાઈ ઊંટ માટે જાણીતો છે. રાજ્યના આ પશુધનની તંદુરસ્તી અને ઉત્પાદકતા સુધારવા ગુજરાત સરકાર નિરંતર પ્રયત્નો કરતી રહી છે. પશુપાલન ગુજરાતનો એક અગત્યનો વ્યવસાય છે, જેના માટે સક્ષમ, કુશળ, તાંત્રિક માનવબળની જરૂર રહે છે. રાજ્યમાં પ્રવર્તમાન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયોમાંથી ઉત્તીર્ણ થતા સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ/ પશુચિકિત્સકોની સંખ્યા માંગના પ્રમાણે ઓછી છે. હાલમાં રાજ્ય સરકારનું પશુપાલન ખાતું, સહકારી ડેરી, સ્વૈચ્છિક સંસ્થા અને ખાનગી પશુચિકિત્સકો પશુપાલન વ્યવસાયમાં સેવા આપે છે.



અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં પશુપાલકોને સારવાર તેમજ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન અંગેની માહિતી મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની દીર્ઘદૃષ્ટિ અને ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્ય, પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ, પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઇ માલમના પ્રયત્નોથી કચ્છ વિસ્તારના પશુપાલનના વિકાસને ધ્યાને રાખીને ગુજરાત સરકાર દ્વારા વેટરનરી કાઉન્સિલ ઓફ ઇન્ડીયા(VCI), નવી દિલ્હીના ધારાધોરણ મુજબ કામધેનુ યુનિવર્સિટી હસ્તક એક નવી પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયની સ્થાપના કરવા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં પ્રથમ વર્ષ માટે રૂ.૫૦૦ લાખ પૂરાની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે.

હાલ રાજયમાં કચ્છ ખાતે પણ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયની સ્થાપનાને મંજૂરી આપવામાં આવતાં રાજ્યમાં કુલ ૬ વેટરનરી કોલેજો કાર્યરત થશે. હાલ દર વર્ષે અંદાજે ૩૦૦ પશુચિકિત્સકોની જગ્યાએ, શરૂઆતમાં ૬૦ જેટલા પશુચિકિત્સકો પાંચ વર્ષ બાદ બહાર પડશે તેમજ જગ્યાઓમાં વધારો થવાથી ભવિષ્યમાં દર વર્ષે અંદાજે ૫૦૦ જેટલા પશુચિકિત્સકો તૈયાર થાય તે પ્રમાણેનુ આયોજન છે. ●

# નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો અપાયો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના સરહદી જિલ્લા કચ્છના છેવાડાના વિસ્તાર નખત્રાણાને નાગરિક સુખાકારીના સમુચિત હક્કો આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જે મુજબ નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતનાં નખત્રાણા મોટા, નખત્રાણા નાના અને બેરૂ ગામોને સમાવતી નખત્રાણા નગરપાલિકાની રચના કરવાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છના છેવાડાના વિકસિત તાલુકા તરીકે નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતના પાણી, વીજળી, ગટર વ્યવસ્થા, બસ સ્ટેશન, બાગ-બગીચા, ટાઉન હોલ તેમજ રસ્તા જેવી માળખાકીય સુવિધા-સુખાકારી નાગરિકોને સરળતાએ ત્વરિત મળી રહે તેવા ઉદાત્ત ભાવ સાથે આ નિર્ણય કર્યો છે.

એટલું જ નહિ, નખત્રાણા તાલુકાની નજીકના વિસ્તારોમાં હાલ કાર્યરત ઉદ્યોગો તેમજ ભવિષ્યમાં આવનારા નવા ઉદ્યોગોના પરિણામે આ વિસ્તારમાં ઊભી થનારી નાગરિક સુવિધા સુખાકારીની જરૂરિયાતોને ધ્યાને રાખી નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતે નગરપાલિકાનો દરજ્જો મેળવવા સર્વાનુમતે કરેલા ઠરાવને તેમણે અનુમોદન આપ્યું છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અંગેની જે દરખાસ્ત કરવામાં આવી હતી તે સંદર્ભમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરામર્શમાં રહીને રાજ્ય સરકાર દ્વારા નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતનાં ત્રણ ગામો નખત્રાણા મોટા, નખત્રાણા નાના અને બેરૂનો સમાવેશ કરી નખત્રાણા નગરપાલિકાની રચના કરવામાં આવી છે.

# જિતેન્દ્રભાઇ સુખડિયા અને શૈલેષભાઇ પરમારને 'શ્રેષ્ઠ ધારાસભ્ય'નો એવોર્ડ



દેશની સંસદનાં બંને ગૃહો રાજ્યસભા અને લોકસભાના સભ્યોને તેમની સંસદસભ્ય તરીકેની ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે આ ઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટ્રિયન એવોર્ડ આપવામાં આવે છે. તેવી જ રીતે ગુજરાત રાજ્યમાં પણ ઉત્કૃષ્ટ અને આદર્શ ધારાસભ્યની વિધાનસભા ગૃહમાં કામગીરીની કદર થાય તથા ધારાસભ્યો તેઓના કામ પ્રત્યે વધારે સજાગ બને તે માટે ગુજરાત વિધાનસભામાં પણ ''શ્રેષ્ઠ ધારાસભ્ય'' એવોર્ડથી નવાજવાની ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા પહેલ કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા શ્રી નીમાબહેન આચાર્ય દ્વારા વર્ષ ૨૦૨૧ માટે શ્રી જિતેન્દ્રભાઈ સુખડીયા અને વર્ષ ૨૦૨૨ માટે શ્રી શૈલેષભાઇ પરમારને શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. ચૌદમી વિધાનસભાના અગિયારમા સત્રના અંતિમ દિવસે વિધાનસભા ગૃહમાં પસંદગી પામેલા ધારાસભ્યશ્રીઓને અધ્યક્ષા શ્રી ડૉ. નીમાબહેન આચાર્યના હસ્તે તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિપક્ષના નેતા શ્રી સુખરામભાઇ રાઠવા, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઇ, વિરોધપક્ષના દંડક શ્રી સી. જે. ચાવડા સહિત તમામ મહાનુભાવોની ઉપસ્થિતિમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભા શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટેના નિયમો જૂન-૨૦૨૦માં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ નિયમોમાં ઠરાવેલા માપદંડોને આધારે ધારાસભ્યશ્રીની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે. આ નિયમો હેઠળ એવોર્ડ આપવા માટે પસંદગી સમિતિની રચના કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ના શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે એવોર્ડ પસંદગી સમિતિની બેઠકમાં સમિતિના તમામ સભ્યોશ્રીઓની સઘન ચર્ચા વિચારણાને અંતે એવોર્ડ માટે નામ નક્કી કરવાની સત્તા અધ્યક્ષને આપવામાં આવી હતી. પસંદગી થયેલા શ્રેષ્ઠ ધારાસભ્યશ્રીઓને એવોર્ડ રૂપે ગુજરાત વિધાનસભા ભવનની પ્રતિકૃતિ દર્શાવતી ૯૨.૫ શુદ્ધતાની ૧.૫ કિ.ગ્રા. વજન ધરાવતી ચાંદીની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ●

# કુદરતી આફતોમાં પાક નુકસાની સામે રૂ.૬૬૨૪ કરોડની સહાય

વિધાનસભાના ચોમાસું સત્ર દરમિયાન ડીસાના ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડ્યાએ બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં અતિભારે વરસાદના કારણે ખેતીના પાકને થયેલા નુકસાન સામે સહાય બાબતે ટૂંકી મુદતનો પ્રશ્ન પૂછ્યો હતો. જેનો પ્રત્યુત્તર આપતાં વિધાનસભા ગૃહમાં રાજ્યના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ છે.

રાજ્ય સરકારે આ વર્ષે ત્રણ હજાર કરોડ રૂપિયાના મૂલ્યની જણસીઓની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરી છે. ખેડૂતોને સિંચાઈની પૂરતી સગવડ મળી રહી છે. અતિવૃષ્ટિ, વાવાઝોડા, પૂર જેવા સમયે ખેડૂતોને નુકસાન સામે વળતર પણ રાજ્ય સરકાર દ્વારા સમયસર પૂરું પાડવામાં આવે છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ખેડૂતોને જુદી જુદી કુદરતી આફતો સામે ખેતીના પાકોને થયેલા નુકસાન સામે ૫૯.૮૧ લાખ ખેડૂતોને રૂ. ૬૬૨૪.૨૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

બનાસકાંઠા, જામનગર જિલ્લા સહિત રાજ્યમાં જે - જે જિલ્લામાં ખેડૂતોના પાકને નુકસાન થયું છે, તેના સરવેની કામગીરી ચાલુ છે. સતત વરસાદ ચાલુ હોવાના કારણે તથા ખેડૂતોનાં ખેતરોમાં જ્યાં જ્યાં પાણી ભરાયેલાં છે તેવા વિસ્તારોના સરવે બાકી છે. જે પૂર્ણ થયા બાદ ખેડૂતોના પાકને થયેલી નુકસાની સંદર્ભે સહાયપાત્ર ખેડૂતોને સહાય ચૂકવવાનો નિર્ણય લેવામાં આવશે. ●

## ૭૧ લાખ કાર્ડધારકોને રાહતદરે સીંગતેલનું વિતરણ



રાજ્યનો છેવાડાનો માનવી પણ ભૂખ્યો ન સૂએ તેની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે. ખેડૂતોને તેમની જણસના પાક પોષણક્ષમ ભાવો મળી રહે તેની પણ સંપૂર્ણ ચિંતા રાજ્ય સરકારે કરી છે. વિધાનસભામાં ખાદ્યતેલના ભાવો અંકુશમાં રાખવા અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો અને નાગરિકો બંનેની ચિંતા કરતી આ સરકાર છે. ગરીબોને સહાયરૂપ થવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ૭૧ લાખ કાર્ડધારકોને પહેલીવાર રાહતદરે સીંગતેલનું વિતરણ કરવાનો મહત્ત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

રાહતદરે ગરીબ પરિવારોને પહેલીવાર ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું રૂ. ૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે વિતરણ કરાશે. જેનો લાભ ૭૦ લાખથી વધુ કાર્ડધારકોને મળશે. આ માટે રૂ. ૯૭ની સબસિડી નાગરિકો વતી રાજય સરકાર વહન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમીના તહેવારો દરમિયાન રાજ્યના ૬૬.૬૭ લાખ ગરીબ પરિવારને પ્રતિ કુટુંબ એક લિટર સીંગતેલનું રૂ. ૧૦૦ના રાહત દરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સસ્તા અનાજના દુકાનધારકોને મળતું રૂ. ૧૦૮નું કમિશન વધારીને રૂ.૧૪૨ કરવામાં આવ્યું છે.

જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં મોંઘવારી અંગેના વિધાનસભા ગૃહમાં છેલ્લા દિવસના પ્રસ્તાવમાં સહભાગી થતાં મંત્રી શ્રી નરેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગરીબોને વિનામૂલ્યે આપવામાં આવતા ઘઉ, ચોખા, દાળ, તેલ અને ફોર્ટિફાઇડ મીઠા પર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. ગુજરાતમાં દર માસે ૭૧ લાખ કાર્ડ હેઠળ અંદાજે ૩.૫ કરોડ નાગરિકોને વિનામૂલ્યે અનાજ આપીને સરકારે અંત્યોદયની ભાવના સાકાર કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી 'વન નેશન, વન રાશન કાર્ડ' થકી આજે ગુજરાતમાં કોઇ પણ જિલ્લામાં કામ કરતો ગુજરાતી કોઇ પણ શહેરમાં વિનામૂલ્યે અનાજ મેળવી પોતાની અને પરિવારની ભૂખ દૂર કરી શકે છે એટલે ગુજરાતમાં કોઇ ભૂખ્યો સૂતો નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે ૧૪ કરોડ લોકોને વિનામૂલ્યે ગેસ કનેક્શન આપીને તેમને અને તેમના પરિવારને ધુમાડામાંથી મુક્ત કર્યા છે. ●



## વિધાનસભાના દિવંગત પૂર્વ-સભ્યોને શોકાંજલિ

ચૌદમી ગુજરાત વિધાનસભાના ૧૧મા સત્રના પ્રથમ દિવસે ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગૃહના દિવંગત પૂર્વ સભ્યોના અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શોકાંજલિ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્યના પૂર્વમંત્રી સ્વ. શ્રી ભગુભાઈ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી તારાચંદ છેડા તથા પૂર્વ ધારાસભ્ય સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂત, સ્વ. શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, સ્વ. શ્રી ઈશ્વરભાઈ વહિઆ, સ્વ. શ્રી મગનસિંહ વાઘેલા અને સ્વ. શ્રી ભરતભાઈ ખોરાણીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખોમાં આ સૌ દિવંગત સભ્યોની જાગતિક જનપ્રતિનિધિ અને પ્રજાસેવક તરીકેની સેવાભાવના, કર્તવ્ય પરાયણતાનું સ્મરણ કર્યું હતું. વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યએ પણ દિવંગત પૂર્વ સભ્યોને અંજલિ આપી હતી. વિરોધપક્ષના નેતા શ્રી સુખરામભાઈ રાઠવા, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓએ તેમજ સત્તા પક્ષ અને પ્રતિપક્ષના ધારાસભ્યશ્રીઓએ પણ આ દિવંગત સભ્યોને ભાવાંજલિ આપી હતી. ●

## ગુજરાતમાં 'ડ્રગ્સ રિવોર્ડ પોલિસી' ખૂબ મહત્ત્વની સાબિત થઈ



ગુજરાત વિધાનસભાના સત્રમાં ચર્ચા દરમિયાન ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આ ઊડતું નહિ, પણ ડ્રગ્સ પકડતું ગુજરાત છે. ગુજરાત પોલીસની સતર્કતાથી ગુજરાતમાં ડ્રગ્સ અને ડ્રગ્સ માફિયાઓને પકડવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શનમાં છેલ્લા એક વર્ષમાં રૂ. ૬,૫૦૦ કરોડના ડ્રગ્સ સાથે ૭૪૦ ગુનેગારોને જેલના હવાલે કરવામાં આવ્યા છે. આટલું જ નહિં પણ તેમાંથી એક પણ ગુનેગારને આજ સુધી જામીન મળ્યા નથી.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ડ્રગ્સ પકડવા માટે અમલમાં મૂકાયેલી ઐતિહાસિક 'ડ્રગ્સ રિવોર્ડ પોલિસી'ની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની સાબિત થઈ છે એમ જણાવી મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, રાત-દિવસ જીવના જોખમે ફરજ બજાવીને ગુજરાત પોલીસ ડ્રગ્સ પકડે છે. એટલું જ નહિ, ગુજરાત પોલીસે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને ભારત-પાકિસ્તાન બોર્ડર, મહારાષ્ટ્ર, પંજાબ, પશ્ચિમ બંગાળ, હરિયાણા અને દિલ્હી જેવાં રાજ્યોમાંથી ડ્રગ્સ અને ડ્રગ્સ માફિયાઓને પકડ્યા છે. મંત્રીશ્રીએ ગૃહને આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, ડ્રગ્સ સામેનો આ જંગ સૌ સાથે મળીને જીતવાનો છે અને ભાવિ પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું છે. પશ્ચિમી દેશોમાં ડ્રગ્સનું સેવન એ ફેશન સ્ટેટસ બની ગયું છે. ગુજરાતના યુવાનોમાં આ દૂષણ ન ફેલાય તે જોવાનું કામ આપણા સૌનું છે. ●

# ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર

ચૌદમી ગુજરાત વિધાનસભાનું અગિયારમું સત્ર તાજેતરમાં મળ્યું હતુ, જેમાં ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક - ૨૦૨૨ રજૂ થયું હતું. આ વિધેયક ઉપરની ચર્ચા દરમિયાન ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) ૨૦૦૩ કાયદો રાજયમાં રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી બાદ તા.૧૦.૦૬.૨૦૦૩થી ગુજરાતમાં અમલમાં છે.



ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) ૨૦૦૩ના કાયદા અંતર્ગત કલમ:-૧૭ અને ૬૫ હેઠળ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગનાં કાર્યો નિર્ધારિત કરવામાં આવ્યાં છે તથા નામદાર આયોગ આ કાયદા અને વીજ અધિનિયમ-૨૦૦૩ અંતર્ગત વિનિયમો કરી શકે છે અને ઘડે છે. ભારત સરકાર દ્વારા 'Ease of doing Business Program' અન્વયે, વીજકંપનીઓ તથા વીજ ઉદ્યોગોમાં પણ નવા આયામના સમાવેશના ભાગ રૂપે, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) એક્ટ, ૨૦૦૩ અંતર્ગતની જોગવાઈ અને નિયમોના ભંગ બદલ જેલની સજાનું પ્રાવધાન ન સૂચવતાં માત્ર ગંભીર પ્રકારનાં કૃત્યો માટે જેલની સજાનું પ્રાવધાન કરવાની બાબત વિચારણામાં લેવા સૂચન કરવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન-૨૦૨૨ની વિગતો આપતાં કહ્યું હતું કે, આ એક્ટની કલમ-૫૪માં વીજ લાયસન્સી અને અન્ય વ્યક્તિ દ્વારા, ઉક્ત કાયદાની જોગવાઈ અથવા તે અંતર્ગત બનાવાયેલા નિયમો તથા તેની સૂચનાઓની જરૂરી પૂર્તતા કે ભંગ બદલ, કોઈ પણ જાતનાં વાજબી કારણો વિના જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ જતાં, જો દોષિત ઠરે તો, ત્રણ માસ સુધીની જેલની સજા અથવા મહત્તમ રૂપિયા બે લાખ સુધી અથવા બંનેની સજાની જોગવાઈ કરવામાં આવી છે અને જો આવી જોગવાઈનો ભંગ ચાલુ રહે, તો નિયમની અમલવારીના દોષિત થયાના પહેલા દિવસથી રોજના રૂ.૧૦,૦૦૦ લેખે દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ, કાયદાની જોગવાઈ અને તેના હેઠળ ઘડાયેલા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે. વિનિયમો સંચાલકીય (operational) પ્રકારના અથવા કાર્ય પદ્ધતિ (Procedural) સંબંધિત છે અથવા તો વીજચોરી, વીજ માલ-સામાનની ચોરી અને વીજતંત્ર સાથે ચેડાં વગેરેના છે.

તદન્વયે, રાજ્ય સરકાર દ્વારા કાયદાના પાલનમાં સરળીકરણ કરવાના આશયથી તથા ગંભીર પ્રકારની જ જોગવાઈના ભંગ બદલ, જેલની સજાની જોગવાઈ આખરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને તે અંતર્ગત ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) સુધારા બિલ, ૨૦૨૨ ઘડવામાં આવી છે. આ ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક - ૨૦૨૨ વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરાયું હતું. ●

# ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(સુધારા) વિધેયક - ૨૦૨૨



ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU) હવે તેનો વ્યાપ વધારવા તેના નિયંત્રણ હેઠળનું રાજય અને રાજય બહાર વધારાનું કેમ્પસ સ્થાપી શકશે. GNLUના નિયંત્રણ હેઠળની જનરલ કાઉન્સિલને આવા વધારાના કેમ્પસમાં નિયમન, વહીવટ અને લૉ સંચાલન કરવાની તમામ સત્તા રહેશે તેમ કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. આ ગુજરાત વિધાનસભા ખાતે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૨૨ સર્વાનુમતે પસાર કરાયું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારથી ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩થી ગાંધીનગર ખાતે GNLUની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિવર્સિટી ભારતમાં કાયદાકીય સંશોધનની અગ્રેસર સંસ્થા તરીકે સ્થાપિત થયેલી છે અને છેલ્લા બે દાયકામાં સમગ્ર ભારતમાંથી આવેલા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત કાયદાકીય શિક્ષણ આપવામાં સફળ રહી છે. આ નેશનલ લૉ યુનિવર્સિટી વિદ્યાર્થી, વિદ્યાશાખા અને સંશોધનકાર્ય સંબંધિત ભારતની સૌથી મોટી નેશનલ લૉ યુનિવર્સિટી છે.

રાજ્ય સરકાર સમાજની પ્રગતિ માટે કાયદાકીય શિક્ષણ આપવાના મહત્ત્વને કેન્દ્રસ્થાને છે અને દેશના યુવાનોમાં રોજગારી ઊભી કરવાની તક તરીકે વકીલાતનાં કૌશલ્યો મેળવવા માટે પ્રોત્સાહન પણ આપે છે. નાગરિકો પોતાના હક્કો અને ફરજોથી માહિતગાર હોય તેવો સમાજ ઊભો કરવાના હેતુથી દેશના તમામ નાગરિકોને પરવડે તેવા અને સહેલાઈથી મેળવી શકાય તેવા ગુણવત્તાયુક્ત કાયદાકીય શિક્ષણને પ્રોત્સાહન આપવા પણ રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે.

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩માં ગુજરાત રાજ્યની બહાર કેમ્પસ ઊભું કરવાની સત્તા આપતી કોઇ જોગવાઈ ન હોવાથી આ અધિનિયમની કલમ-૩માં સુધારો કરવો જરૂરી હતો. જેથી ગુજરાત રાજ્યની અંદર અથવા બહાર આવેલાં સ્થળોએ વધારાનાં કેમ્પસ સ્થાપી શકાય. ●

# વિધાનસભામાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક પસાર



રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે એ માટે રાજ્ય સરકારે સંગઠિત ગુનાઓને ડામવાનો મક્કમ નિર્ધાર કરીને, આતંકવાદ સામેની આ લડાઈને વધુ ને વધુ મક્કમતાથી આગળ વધારવાનો નિર્ધાર કરીને ગુનેગારો સામે કડકમાં કડક કામગીરી કરવાનો નિર્ણય કર્યો હોવાનું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભા ખાતે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક રજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજસીટોક કાયદાની જોગવાઈઓમાં વિસંગતતા દૂર કરવા માટે રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડયો હતો એને કાયદાનું સ્વરૂપ આપવા માટે આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નાગરિકોને વધુને વધુ સુરક્ષિત કરવા માટે સમયબદ્ધ આયોજન કરીને અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે, જેના પરિણામે કેન્દ્ર સરકારના NCRB વર્ષ-૨૦૨૧ના અહેવાલ મુજબ ગંભીર ગુનાઓ,ખૂન સંબંધી ગુનાઓ, મહિલા સંબંધી ગુનાઓમાં દેશનાં ૩૬ રાજયોમાં ગુજરાત છેલ્લી હરોળમાં છે. આ માત્રને માત્ર રાજ્યમાં અમલી ગુજસીટોક કાયદાને આભારી છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આ સુધારા વિધેયકના ઉદ્દેશોની વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકારે, આતંકવાદી પ્રવૃત્તિઓને અટકાવવા અને તેનું નિયંત્રણ કરવા માટે વિશેષ જોગવાઈઓ કરવા અને સંગઠિત ગુના સિન્ડિકેટ્સની ગુનાહિત પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા તેમજ તેની સાથે સંકળાયેલી અને તેને આનુષાંગિક બાબતો માટે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ,વર્ષ-૨૦૧૫થી રાજ્યમાં અમલમાં છે.

આ અધિનિયમના અમલ દરમિયાન કોઇ પણ જોગવાઈનું રાજ્યમાંની વ્યક્તિઓને બિનજરૂરી મુશ્કેલીમાં મૂકે તેવું ખોટું અર્થઘટન ન થાય તેમજ અમુક જોગવાઈઓ વધુ અર્થપૂર્ણ બનાવવા અને તેનું સરળ અર્થઘટન કરવા માટે સરકારે આ અધિનિયમની કલમ ૨-ની પેટા-કલમ (૧)નો ખંડ (ચ), કલમ ૪ અને કલમ ૨૦ની પેટા-કલમ (૫)માં સુધારા કર્યા છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ નવી જોગવાઈ મુજબ, કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ચ)માં "ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રાક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાઈબર ગુના, મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા, વેશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્ય ચાલુ રાખવું તે" એ શબ્દોને બદલે, "ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રાક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના, વેશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકિંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખવી તે" એ શબ્દો મૂકવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, આ અધિનિયમની કલમ-૪માં, "અથવા કોઈ પણ સમયે" એ શબ્દોને બદલે, "અથવા આ અધિનિયમના આરંભની તારીખ પછી કોઈપણ સમયે" એ શબ્દો મૂકવામાં આવ્યા છે. તેમજ મુખ્ય અધિનિયમમાં કલમમાં પેટા-કલમ(૫)માં "ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા બીજા અધિનિયમ હેઠળના" એ શબ્દોને બદલે, "ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ હેઠળના" શબ્દનો ઉપયોગ કરાશે. આ સુધારા વિધેયક વિધાનસભા ખાતે સર્વસંમતિથી પસાર કરાયું હતું.

# ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક - ૨૦૨૨ વિધાનસભામાં પસાર



ગુજરાતની નગરપાલિકાઓમાં નવી ભરતી કરવા તેમજ તેમાં વધુ ઝડપ તથા પારદર્શકતા લાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્ત્વ હેઠળની સરકાર પ્રતિબદ્ધ છે. જેના ભાગરૂપે રાજ્યની નગરપાલિકાઓમાં ભરતી, સેવાની શરતો માટેના નિયમો ઘડવામાં થતા વિલંબને અટકાવી તેમાં વધુ ઝડપ લાવવા માટે જાહેર જનતા- વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવાની જોગવાઈ રદ કરવામાં આવી હોવાનું શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ જણાવ્યું હતું. આ ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક-૨૦૨૨ ગુજરાત વિધાનસભાગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

આ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ હેઠળ કોઈ જગ્યા માટેના ભરતીના નિયમો, પરીક્ષાના નિયમોમાં અને સેવાની શરતો માટેના બીજા ખાતાકીય નિયમો વગેરે જાહેર જનતા એટલે કે વ્યક્તિઓ પાસેથી આ અંગેનાં વાંધા- સૂચનો મંગાવવામાં આવતાં હતાં. જેના કારણે સમગ્ર પ્રક્રિયામાં ખૂબ વિલંબ થતો હોવાથી તથા નગરપાલિકામાં વિકાસ કાર્યો તેમજ ભરતીની સમગ્ર પ્રક્રિયા થઈ શકતી ન હતી. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ સુધારા વિધેયક પસાર થવાથી જાહેર જનતા પાસેથી વાંધા-સૂચનોની જરૂર રહેતી નથી. આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા પૂર્વ પ્રસિદ્ધિ પછી નિયમો કરવાની શરતને આધીન રહેશે. પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે તાત્કાલિક પગલું લેવું જરૂરી હોય તેવા સંજોગો પ્રવર્તે છે, તો તે આ કલમ હેઠળ કરવાના કોઈ પણ નિયમની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી શકશે.

# અમરેલીમાં પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને ૭૫ ગાયનું દાન

અમરેલીના દુધાળામાં આઝાદી કા અમૃત મહોત્સવ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વેદમાં 'ગાવો વિશ્વસ્ય માતરઃ' કહેવાયું છે, અર્થાત્ 'ગાય વિશ્વમાં માતા સ્વરૂપ છે.' સુરતના હરિકૃષ્ણ ગ્રૂપ અને ધોળકિયા ફાઉન્ડેશનના સંસ્થાપક એવા શ્રી સવજીભાઈ ધોળકિયા અને પરિવાર દ્વારા અમરેલી જિલ્લાનાં ૭૫ ગામના ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે ૭૫ ગાય રાજ્યપાલશ્રીના હસ્તે દાન આપવામાં આવી હતી.



આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, હિમાચલ પ્રદેશમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કર્યા. આજે ત્યાં બે લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. ગુજરાતમાં અઢી લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. તેમણે પ્રાકૃતિક કૃષિને ખેડૂતો માટે આશીર્વાદરૂપ ગણાવી વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડાવા સંકલ્પબદ્ધ કર્યા હતા.

ગાય આધારિત ખેતી કરનાર દંપતીઓને, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ગાય સંવર્ધનનો સંકલ્પ પણ આ પ્રસંગે ખેડૂતો દ્વારા લેવામાં આવ્યો હતો.

## ગોવાના ખેડૂતો અપનાવશે પ્રાકૃતિક કૃષિ



પ્રાકૃતિક કૃષિના જન-અભિયાનથી દેશમાં કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગોવાના રાજભવનમાં યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત ગોવાના પ્રગતિશીલ ખેડૂતોને પ્રેરક માર્ગદર્શન આપી ખેડૂતોને રાસાયણિક કૃષિનાં દુષ્પરિણામોથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શનને પણ તેમણે ખુલ્લું મૂક્યું હતું. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે ગણાવી જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણનું રક્ષણ થાય છે. દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. પાણીની બચત થાય છે. કૃષિ ખર્ચ નહિવત્ આવે છે અને ઉત્પાદન ઘટતું નથી. પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી દેશના ખેડૂતો અને ખેતીને સમૃદ્ધ કરવાના ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરી શકાશે. આ અવસરે ગોવાના રાજ્યપાલ શ્રી પી. એસ. શ્રીધરન પિલ્લાઈ અને ગોવાના મુખ્યમંત્રી શ્રી ડૉ. પ્રમોદ સાવંતે ગોવાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સહયોગી બનવા પ્રેરિત કર્યા હતા.

## ઉપ-રાષ્ટ્રપતિશ્રીની શુભેચ્છા મુલાકાત લેતા રાજ્યપાલશ્રી



નવી દિલ્હીના પ્રવાસ દરમિયાન ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ભારતના ઉપ-રાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડની શુભેચ્છા મુલાકાત લીધી હતી. નવી દિલ્હીના પ્રવાસ દરમિયાન રાજ્યપાલશ્રીએ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને દિલ્હીના ઉપ-રાજ્યપાલ શ્રી વિનયકુમાર સક્સેનાની પણ સૌજન્ય મુલાકાત લીધી હતી.

## શૈક્ષણિક ગુણવત્તા લાવવામાં NAACની પ્રશંસનીય ભૂમિકા

બૈંગલુરુ સ્થિત રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ- NAAC ખાતે પરિષદ દ્વારા તૈયાર કરાયેલા “ગુજરાત રાજ્યની માન્યતા પ્રાપ્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થાના રાજ્યસ્તરીય વિશ્લેષણ રિપોર્ટ”નું વિમોચન ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ગુણવત્તા પ્રત્યે જાગૃતિ લાવવામાં NAACની ભૂમિકા પ્રશંસનીય રહી છે. રાજ્યપાલશ્રીએ આ તકે ઇનોવેશન અને સંશોધનો ઉપર પણ ભાર મૂકતાં જણાવ્યું હતું કે, NAAC દ્વારા તૈયાર થયેલો રાજ્યસ્તરીય વિશ્લેષણ રિપોર્ટ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે ગુણવત્તાના નવાં સીમા-ચિહ્નો હાંસલ કરવા માટે પ્રેરણા પૂરી પાડશે.

આ પ્રસંગે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદના ડાયરેક્ટર પ્રો. એસ. સી. શર્મા સહિત NAACના અધિકારીઓ, ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ નિયામક શ્રી એમ. નાગરાજન તેમજ રાજ્યની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## 'સ્માર્ટ સુરત પ્રોપર્ટી ફેસ્ટિવલ-૨૦૨૨'

# શહેરોને સુવિધાયુક્ત બનાવવામાં રિયલ એસ્ટેટની મહત્ત્વની ભૂમિકા



સુરતમાં ક્રેડાઇ દ્વારા આયોજિત સ્માર્ટ સુરત પ્રોપર્ટી ફેસ્ટિવલ-૨૦૨૨નો કેન્દ્રીય રેલ્વે અને ટેક્સ્ટાઇલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાના હસ્તે વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો હતો. આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો સંદેશ દ્વારા શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાંથી નીકળ્યા બાદ સ્માર્ટ સુરત પ્રોપર્ટી ફેસ્ટિવલ-૨૦૨૨ યોજવાનો યોગ્ય સમય છે. આ ફેસ્ટિવલ રિયલ એસ્ટેટને નવી દિશા અને ગતિ આપવાનું કાર્ય કરશે. આ પ્રકારના ફેસ્ટિવલ આત્મનિર્ભરતાની ભાવના વિકસાવી યુવા ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગ માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. દેશભરમાં શહેરો સુવિદ્યાયુક્ત બને એના માટે રિયલ એસ્ટેટની ભૂમિકા મહત્ત્વની છે. જેથી રિયલ એસ્ટેટની સેવાઓ વધુ સારી બને એવી આશા એમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય ટેક્સ્ટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે જણાવ્યું હતું કે, એક રિપોર્ટ પ્રમાણે, સુરત ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ સિટીઝમાંનું એક છે. કોરોનાની વિકટ સ્થિતિમાં ઊભું થઇ ફરી રિયલ એસ્ટેટ તેજીના ટકોરા વગાડી રહ્યું છે, જેમાં સરકાર તરફથી પૂરેપૂરો સહયોગ અપાઇ રહ્યો છે.

આ પ્રસંગે રાજ્યના વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સુરત પ્રાચીન સમયથી સ્માર્ટ છે. સ્માર્ટ સિટીના નિર્માણમાં રિયલ એસ્ટેટ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. અનેક પ્રોજેક્ટના નિર્માણ થકી સુરત સ્માર્ટ સિટી તરીકે અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરશે.

આ અવસરે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ જણાવ્યું હતું કે, દેશમાં શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે, ત્યારે સ્માર્ટ સિટી અંતર્ગત ડિજિટલ, ગુડ ગર્વનન્સ, સ્માર્ટ ડેટા, ફાઇનાન્સ જેવાં અનેક ક્ષેત્રે સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સરકાર કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર વિકાસના કાર્યને વેગ આપી રહી છે. તેમજ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દુરંદેશી યોજનાઓ સાથે શહેરો સ્વયં આત્મનિર્ભર બને તેવા વિઝન સાથે સરકાર આગળ વધી રહી છે. મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલાએ સુરત એ દેશનું સૌ પ્રથમ સ્માર્ટ સિટી બની દેશનાં અન્ય રાજ્યોને પ્રેરણા આપે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી વિવેકભાઇ પટેલ, વી.ડી. ઝાલાવાડિયા, શ્રીમતી ઝંખનાબેન પટેલ, પ્રવીણભાઈ ઘોઘારી, અરવિંદભાઈ પટેલ, મ્યુ.કમિશનર શ્રી બંછાનિધિ પાની, પોલિસ કમિશનર શ્રી અજયકુમાર તોમર, શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા સહિત ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચૂંટણીતંત્ર દ્વારા આગામી વિધાનસભાની તૈયારીની સમીક્ષા

ગુજરાત વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને ચૂંટણી તંત્રની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા માટે તાજેતરમાં મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર શ્રી અનુપચંદ્ર પાંડેની આગેવાનીમાં ટીમે ગુજરાતની મુલાકાત લીધી હતી. પંચના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

ભારતના ચૂંટણીપંચના પ્રતિનિધિમંડળ દ્વારા રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી આવેલા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ, રેન્જ આઈ.જી., ડી.આઈ.જી તથા જિલ્લા પોલીસ વડા પાસેથી જિલ્લાવાર ચૂંટણી પૂર્વેની તૈયારી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી મેળવવામાં આવી હતી. દરેક જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ વડા દ્વારા ચૂંટણીની પૂર્વતૈયારી માટેની સુસજ્જતા વિશે જિલ્લાવાર પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું.

સમીક્ષા બેઠક પહેલાં રાજકીય પક્ષોના આગેવાનોએ પણ ભારતના ચૂંટણી પંચના અધિકારીશ્રીઓ સાથે મુલાકાત કરી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે અને આયોજનબદ્ધ રીતે યોજાય તે માટે ચૂંટણી પંચ દ્વારા જિલ્લા વહીવટી તંત્ર તથા અમલીકરણ એજન્સીઓ સાથે સમીક્ષા કરાઇ હતી. આ પ્રકારે સમગ્ર રાજ્યમાં ચૂંટણીની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કર્યા બાદ આગામી વિધાનસભા ચૂંટણીનો વિસ્તૃત કાર્યક્રમ જાહેર કરાશે. ચૂંટણી તૈયારીઓની સમીક્ષા દરમિયાન ભારતના ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી C-VIGIL ઍપનો વીડિયો લોન્ચ કરવામાં આવ્યો હતો.

## દીકરાને RTEમાં એડમિશન મળ્યું ને માતાના માથેથી ચિંતાનાં વાદળો દૂર થયાં

એકલા હાથે પોતાના બાળકને ઉછેરતી માતાની એક જ ઝંખના હોય કે તેના બાળકને સારું શિક્ષણ મળે અને તે પગભર બને. આણંદ જિલ્લામાં રહેતા સિંગલ મધર તબસ્સુમબહેન જીવનનિર્વાહ માટે લોકોના ઘરે સાફ-સફાઈ કરવાનું કામ કરે છે. સંઘર્ષ કરતા તબસ્સુમબહેનની એકમાત્ર ઈચ્છા કે દીકરા ફૈઝને સારું શિક્ષણ મળે, પરંતુ સિંગલ મધર તરીકેની જવાબદારી ઉપરથી ભાડાંનું ઘર. આવી પરિસ્થિતિમાં દીકરાને સારી સ્કૂલમાં ભણવા માટે મોકલવો એ એક સપના સમાન લાગતું. તબસ્સુમબહેનના હૃદયમાં હાશ થઈ જ્યારે દીકરા ફૈઝને RTE (Right to Education) માં એડમિશન મળ્યું. RTE એક્ટના કારણે એક સિંગલ મધરની આગામી જીવનની કલ્પના જ બદલાઈ ગઈ!



ફૈઝને RTE હેઠળ તેના ઘરથી ૨ કિલોમીટરના અંતરે આવેલી જય જલારામ ઈન્ટરનેશનલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં એડમિશન મળ્યું અને માતાના હૃદયમાં ખુશીઓની લહેર છવાઈ ગઈ. ફૈઝની માતા નાનકડા ઘરમાં રહે છે. ઘરકામ અને અન્ય નાનાં- મોટાં કામ કરી ફૈઝની માતા મહિને માંડ સાડા ત્રણ હજાર રૂપિયાની આવક રળે છે. તો તેના સસરા પણ થોડી મદદ કરે છે, પરંતુ આ રકમ આજના સમયમાં પૂરતી નથી.

હવે આ આવકમાં ઘરખર્ચ અને દીકરાને સારું શિક્ષણ કેવી રીતે મળી શકે? આવા પ્રશ્નો વચ્ચે તબસ્સુમબહેનના શુભચિંતક પાડોશીએ તેમને RTE વિશે જણાવ્યું. નબળા અને વંચિત જૂથનાં બાળકોને રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં ૨૫% લેખે ઉપલબ્ધ જગ્યાઓ પર વિનામૂલ્યે પ્રતિવર્ષ પ્રવેશ આપવામાં આવે છે. RTE હેઠળ બાળકને એડમિશન મળી જાય તો પસંદગી કરાયેલી શાળામાં ધોરણ ૮ સુધી તે વિનામૂલ્યે અભ્યાસ કરી શકે છે. આ લાભ લેવા માટે તબસ્સુમબહેને દીકરા માટે ફોર્મ ભર્યું અને તેમને એડમિશન મળી ગયું.

તબસ્સુમબહેન જણાવે છે કે, 'જો RTEમાં એડમિશન ન મળ્યું હોત તો ઘણી તકલીફ પડત. મારા દીકરાનું ભાવિ અંધકારમય બની જતું.' દીકરાને RTEમાં એડમિશન મળ્યું તે માટે તબસ્સુમબહેન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ખૂબ આભાર માને છે. તો સામે ફૈઝ પણ તેને મળેલી સુવર્ણ તકને એળે ન જવા દઈ મન લગાવીને અભ્યાસ કરે છે. ધોરણ-૧માં ફૈઝનું પરિણામ ૭૪.૪૬% આવ્યું છે. ફૈઝ અભ્યાસ પૂરો કરી આર્મી ઑફિસર બની દેશની સેવા કરે તેવી તેની માતાની ઈચ્છા છે. ●

## બીમારીમાં વયોવૃદ્ધોનો સહારો બનતી યોજના એટલે મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના

દરેક માનવી ઈચ્છતો હોય છે કે તે પોતાની વૃદ્ધાવસ્થા પરિવાર સાથે સુખશાંતિથી વીતાવે, પરંતુ જો ઉંમરની સાથે કોઈ ગંભીર રોગ જોડાઈ જાય તો? અને તેમાં પણ જો આર્થિક સ્થિતિ કથળેલી હોય તો રોગગ્રસ્ત થઈ વૃદ્ધજીવન પરિવાર માટે બોજો બની જાય છે. વળી અમુક ગંભીર રોગ તો ઠીક થતાં-થતાં જીવનભરની આખી બચતને ખર્ચી નાખે છે. એવામાં જો ક્યાંકથી સરકારી સહાય મળી જાય તો? તો સારવારનો ખર્ચ પરિવારના માથે બોજો ન બને. બરાબર ને!!!

80 વર્ષના સૈયદ મહેમુદાબીબીને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. મહેમુદાબહેન જોડે ફેફસાંની સારવાર કરાવવા માટે પૂરતા પૈસા નહોતા. ઓશિયાળું જીવન અને ગંભીર બીમારીથી ત્રસ્ત મહેમુદાબીબીએ રાજ્ય સરકારની મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજનાનો સહારો લઈને સારવાર કરાવી. મહેમુદાબહેનને નિ:શુલ્ક અદ્યતન સુવિધાઓ સાથે સારવાર મળી. મહેમુદાબહેન કહે છે કે મેં ક્યારેય નહોતું વિચાર્યું કે મને આટલી મોટી હોસ્પિટલમાં સારવાર મળશે. જો મારી પાસે આ કાર્ડ ન હોત તો કદાચ મારે આ પીડા વેઠવાનો વારો આવત. મહેમુદાબહેન હાલ કેન્સરથી પીડાઈ રહ્યાં છે, જેની સારવાર મા કાર્ડ અંતર્ગત ચાલી રહી છે. રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાથી તેમને દર મહિને 300 રૂપિયાની સહાય આપવામાં આવે છે.

મહેમુદાબીબીના પરિવારે માત્ર આરોગ્યલક્ષી જ નહીં, પરંતુ શિક્ષણ તેમજ આવાસ યોજનાની સહાય પણ સરકાર તરફથી મેળવી છે. મહેમુદાબહેનની 2 દોહિત્રીનું શિક્ષણ હાલ RTE હેઠળ ચાલી રહ્યું છે જેમાં બંને દીકરીઓને નિ:શુલ્ક શિક્ષણ મળી રહ્યું છે. મહેમુદાબહેન સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, મોદીસાહેબે ક્યારેય અમને કોઈ સામે હાથ લંબાવવા દીધો નથી. મહેમુદાબહેન આ પહેલા સુરતના અડાજણમાં મીનાનગર વિસ્તારમાં ઝુંપડીમાં રહેતાં હતાં પરંતુ તેઓને હાલ સરકારની આવાસ યોજના હેઠળ સુવિધાયુક્ત ઘર પણ આપવામાં આવ્યું છે.

**"મા યોજના અંતર્ગત સારવાર મળવાથી માજી બચી ગયાં"**

મહેમુદાબહેન જેવી જ વાર્તા કંઈક ભાવનગરનાં વીજુબહેનની પણ છે. 70 વર્ષની ઊંમરે વીજુબહેનને હૃદયની તકલીફ થઈ. ઓપરેશનમાં થતા 3 લાખના ખર્ચને તેઓ પહોંચી વળે તેમ નહતાં. એવામાં રાજ્ય સરકારની મા-કાર્ડ યોજના તેમના વહારે આવી અને સારવારનો સમગ્ર ખર્ચ મા-કાર્ડ હેઠળ આવરી લેવામાં આવ્યો. વીજુબહેનના દીકરા મનોજભાઈ આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, જો સરકારે સહાય ન કરી હોત તો આજે મારાં માજી જીવતાં ન હોત. ●

(સંકલન : પ્રતિક પ્રજાપતિ, ઈશિતા શાહ)

# eV ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ચાર સ્તરમાં વિકસાવાશે



ગ્રીન એનર્જીના ઉત્પાદન અને ઊર્જા બચત ક્ષેત્રે ગુજરાતે નીતિ નિર્ધારણ સાથે આગળ વધી આયોજનપૂર્વક અમલીકરણની પોતાની સિદ્ધહસ્તતાને સિદ્ધ કરી છે. રાજ્ય સરકારે વધુને વધુ લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ અપનાવે તે માટે વિવિધ પગલાં લીધા છે, તેની સાથેસાથે માળખાગત સુવિધા વધારવા પણ સતત પગલાં લેવાઈ રહ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર 'ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પૉલિસી-૨૦૨૧' થી ઈવી ઈકો સિસ્ટમને વધુ મજબૂત બનાવી અશ્મિભૂત ઈંધણની આયાત પર દેશની નિર્ભરતા ઘટાડવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરી રહી છે. તાજેતરમાં ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પૉલિસી-૨૦૨૧ હેઠળ કેપિટલ સબસિડીની વહેંચણી માટેની માર્ગદર્શિકા જાહેર કરતાં કહ્યું હતું, કે, ઈવી ઈકો સિસ્ટમના ઝડપી સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ નવી માર્ગદર્શિકાની વિગતો આપતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, મહાનગરપાલિકા, નગરપાલિકા, રાષ્ટ્રીય- રાજ્ય ધોરીમાર્ગો અને પ્રવાસી સ્થળો એમ કુલ ચાર કેટેગરીમાં ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવાશે. કેટેગરી-૧ હેઠળ રાજ્યની ૮ મહાનગરપાલિકામાં ૯૧, કેટેગરી-૨ હેઠળ ૧૮ નગરપાલિકાઓમાં ૪૮, કેટેગરી-૩ હેઠળ રાજ્ય ધોરીમાર્ગો/રાષ્ટ્રીય ધોરીમાર્ગો/એક્સપ્રેસ વે જેવા ૧૫ માર્ગો પર ૯૬ અને કેટેગરી-૪ હેઠળ ૮ પ્રવાસી સ્થળોએ ૧૫ ચાર્જિંગ સ્ટેશનોને ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પૉલિસી-૨૦૨૧ અંતર્ગત કેપિટલ સબસિડી અપાશે. ચાર્જિંગ સ્ટેશનના સફળ કમિશનિંગ પર મંજૂર મૂડી સબસિડીની ૮૦ ટકા સબસિડી રીલીઝ કરાશે અને આ ચાર્જિંગ સ્ટેશનના સફળ કમિશનિંગના એક વર્ષ પછી બાકીની ૨૦ ટકા સબસિડી ચૂકવાશે.

મહાનગરપાલિકા, નગરપાલિકા અને પ્રવાસી સ્થળોના ચાર્જિંગ સ્ટેશનોએ ઓછામાં ઓછી એક CCS-યુરોપિયન ચાર્જિંગ સિસ્ટમ અથવા CHAdeMO-જાપાનીઝ ચાર્જિંગ સિસ્ટમ (50 KW અથવા વધુ ક્ષમતા) ફાસ્ટ ચાર્જર અને ઓછામાં ઓછું એક Bharat AC-001 (10 kW)નું ઈન્સ્ટોલેશન ફરજિયાત રહેશે તથા હાઈવે અને એક્સપ્રેસવે એન્ટિટી દ્વારા પ્રસ્તાવિત દરેક સ્થાન પર ઓછામાં ઓછા એક CCS અથવા CHAdeMO (50 KW અથવા વધુ ક્ષમતા) ફાસ્ટ ચાર્જર અને એક ૧૫ KW Bharat DC-001 ચાર્જરનું ઈન્સ્ટોલેશન ફરજિયાત રહેશે.

મંત્રી શ્રી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, GEV પૉલિસી ૨૦૨૧ હેઠળ કેટેગરી મુજબની ટોચમર્યાદા સાથે વધુમાં વધુ ૧૦૦ એકંદર ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવા માટે એન્ટિટીને મર્યાદિત કરવામાં આવશે. કેટેગરી-૧ માં જ્યાં પણ ૧૦ થી વધુ ઝોન હોય ત્યાં, એન્ટિટી કુલ નંબરના ૫૦% સુધીના સ્થળો માટે અરજી કરવા માટે મર્યાદિત રહેશે એટલે કે જો એન્ટિટી અમદાવાદ શહેર માટે અરજી કરવા માગે છે, તો તેઓ ૨૦ માંથી મહત્તમ ૧૦ ઝોન પસંદ કરી શકે છે. એક એન્ટિટી કેટેગરી-૩ માં કુલ હોટસ્પોટ્સ લક્ષ્યાંકના કુલ ફાળવણીના ૫૦% સુધી હોટસ્પોટ માટે અરજી કરવા માટે મર્યાદિત રહેશે.

કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)/(DIPP) અથવા રાજ્ય સરકાર હેઠળના ઉદ્યોગ કમિશનર દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ-અપ્સ સિવાયની તમામ સંસ્થાઓએ અરજી સબમિટ કરવા માટે રૂ. ૧૦ હજાર તેમજ GST ૧૮% સાથે પ્રોસેસીંગ ફી ભરવાની રહેશે. લઘુત્તમ લાયકાતના માપદંડોને પૂર્ણ કરતી અરજીની પસંદગી વહેલા તે પહેલાના ધોરણે કરાશે.

ઈલેક્ટ્રિક વ્હિકલ પૉલિસી મુજબ "૨ વ્હીલર્સ, ૩ વ્હીલર્સ અને ૪ વ્હીલર્સ માટે પ્રથમ ૨૫૦ કોમર્શિયલ પબ્લિક ઈવી ચાર્જિંગ સ્ટેશનો માટે સાધનો/મશીનરી (સ્ટેશન દીઠ રૂ ૧૦ લાખ સુધી મર્યાદિત) પર ૨૫% મૂડી સબસિડી માટે પાત્ર બનશે."

આમ, રાજ્ય સરકારે સમગ્ર પ્રક્રિયાને પારદર્શિતા સાથે અમલી બનાવી ઈવી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા દાખવી છે. ●



# પરિવહન ક્ષેત્રે નવું પરિવર્તન...






**જનશક્તિનો સાક્ષાત્કાર...**
**જનનાયકો જનતા વચ્ચે...**

**Published on Date 1-10-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦